દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 *
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 54 ■ વિક્રમ સંવત ૨૦૮૨
ફાલ્ગુન વદ - 3 ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 6 March 2026, Friday ■ REGD.No. MCS/058/2018-20
શુક્રવાર, ૬ માર્ચ ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦ | મેટિની પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# અંગ્રેજો આઉટ, ભારત ફાઈનલમાં



▸ વાનખેડેમાં હાઈસ્કોરિંગ મૅચમાં અંગ્રેજો પરાસ્ત ▸ સંજુ સૅમસન સહિતના બૅટ્સમેનોની આતશબાજીની મદદથી ભારતનો જંગી સ્કોર ▸ ઈંગ્લૅન્ડનો સેન્ચુરિયન બેથેલ બાજી બગાડવાનો જ હતો પણ ટીમ ઈન્ડિયાએ એ થવા ન દીધું ▸ અમદાવાદમાં રવિવારે ન્યૂ ઝીલૅન્ડ સાથે ટક્કરઃ બુમરાહે ૫૦૦મી વિકેટ લીધી

**અર્જુન તેંડુલકરના દીકરાના ભવ્ય લગ્ન સમારંભમાં સેલિબ્રિટીઓનો જમાવડો**

૮

મુંબઈઃ વર્લ્ડ નંબર-વન ભારતે ગઈ કાલે વાનખેડે સ્ટેડિયમમાં નંબર-ટૂ ઇંગ્લૅન્ડને ટી-૨૦ વર્લ્ડ કપની દિલધડક સેમિ ફાઇનલમાં હરાવીને સતત બીજી વખત ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો અને હવે ત્રીજું ટાઇટલ ફક્ત એક ડગલું દૂર છે. ભારતને સતત બીજી વખત અને વિક્રમજનક ત્રીજી વખત ટી-૨૦ વર્લ્ડ કપ જીતવાનો સુવર્ણ મોકો મળ્યો છે. રવિવારે અમદાવાદની ફાઇનલ (સાંજે ૭.૦૦ વાગ્યાથી)માં ભારતનો ન્યૂ ઝીલૅન્ડ સામે મુકાબલો થશે. નસીબવાન ઓપનર સંજુ સૅમસન (૮૯ રન, ૪૨ બૉલ, સાત સિક્સર, આઠ ફોર) સતત બીજા મુકાબલામાં મૅચ-વિનર બન્યો હતો. તે ૧૫મા રન પર હતો ત્યારે કૅપ્ટન હૅરી બ્રૂકે તેનો કૅચ છોડ્યો હતો અને સૅમસનને મળેલું જીવતદાન બ્રિટિશરોને છેવટે ભારે પડ્યું. વાનખેડેની સાત નંબરની પિચ પર રમીને ભારતીયો સાત રનથી જીત્યા.



વિજેતા ટીમ ઈન્ડિયા સેલિબ્રેશન મોડમાં

ભારતે ૨૫૪ રનનો તોતિંગ લક્ષ્યાંક આપ્યા બાદ ઇંગ્લૅન્ડની ટીમ શરૂઆતથી વિકેટ ગુમાવતી રહી હતી. જૅકબ બેથેલ (૧૦૫ રન, ૪૮ બૉલ, સાત સિક્સર, આઠ ફોર) એકલા હાથે ભારતીય બોલર્સ સામે ઝઝૂમ્યો હતો. તેની સેન્ચુરી યાદગાર બની, પણ મૅચ-વિનિંગ ન બની શકી. ઇંગ્લૅન્ડ ૨૫૪ રનના લક્ષ્યાંક સામે ૨૦ ઓવરમાં સાત વિકેટે ૨૪૬ રન કરી શક્યું અને ભારતનો સાત રનથી રોમાંચક વિજય થયો હતો. ઇંગ્લૅન્ડના ઑલરાઉન્ડર વિલ જૅક્સે (૩૫ રન, ૨૦ બૉલ, બે સિક્સર, ચાર ફોર) જૅકબ બેથેલ સાથે પાંચમી વિકેટ માટે ૭૭ રનની ભાગીદારી કર્યા બાદ વિકેટ ગુમાવી હતી. મૅચને ટર્ન અપાવનાર આ વિકેટમાં અર્શદીપના ત્રણ વાઇડ પછીના બૉલમાં (જુઓ પાનું ૨) ▸▸



ભારતના વિજયનો શિલ્પી સંજુ સૅમસન



ભારતને હંફાવનાર સેન્ચુરિયન જૅકબ બેથેલ

## ટર્નિંગ પોઇન્ટ

ઇંગ્લૅન્ડે ચાર વિકેટ ગુમાવી ત્યારે એવું લાગી રહ્યું હતું કે ભારત આસાનીથી જીતી જશે પણ પાંચમી વિકેટ માટે જૅકબ બેથેલ અને વિલ જૅક્સે ૭૭ રનની ભાગીદારી કરીને ઇંગ્લૅન્ડ માટે જીતની તક ઊભી કરી હતી. જોકે અર્શદીપ સિંહની બોલિંગ પોઇન્ટ-કવર બાઉન્ડ્રી પર શિવમ દુબેએ અક્ષર પટેલનો રિલે કૅચ પકડી જૅક્સને આઉટ કરતા બાજી પલટાઈ ગઈ હતી. (એજન્સી)

# હોર્મુઝ સામુદ્રધુનીમાં અમેરિકી જહાજ પર ઈરાનનો હુમલો

▸ અમેરિકા પસ્તાશેઃ ઈરાનની ચેતવણી
▸ તહેરાનના અઝરબૈજાન પર અને ઈઝરાયલના લેબેનોન પર હુમલા
▸ યહૂદીઓ અને ટ્રમ્પનું લોહી વહેવડાવવા ટીવી પર અપીલ

દુબઇઃ ઇરાને ચેતવણી આપી હતી કે અમેરિકાને યુદ્ધ બદલ બહુ પસ્તાવો થશે. ઇરાનના ટીવી પર યહૂદીઓ અને ટ્રમ્પનું લોહી વહેવડાવવા અપીલ પણ કરાઇ હતી. તહેરાને અઝરબૈજાન પર અને ઇઝરાયલે લેબેનોન પર હુમલા કર્યા હતા.ઈરાન પર ઈઝરાયલ અને અમેરિકા સતત છઠ્ઠા દિવસે પણ હુમલા કરવાનું ચાલુ રાખ્યું છે, ત્યારે ઈરાનના યુદ્ધજહાજને અમેરિકાએ ડૂબાડ્યા પછી ગુસ્સે થયેલા ઈરાનના ઈસ્લામિક રેવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (આઈજીઆરસી)એ દાવો કર્યો છે કે તેના નૌકાદળે ઉત્તર ફારસની ખાડીમાં કે હોર્મુઝ સામુદ્રધુનીમાં અમેરિકન ઓઈલના જહાજ પર મિસાઈલથી હુમલો કર્યા બાદ આગ ફાટી નીકળી હતી.

હવે અઝરબૈજાન પણ આ લડાઇનો 'ભોગ' બની રહ્યું હોવાથી અખાતના યુદ્ધમાં અત્યાર સુધી સંડાવાયેલા દેશોની સંખ્યા વધીને ૧૩ જેટલી થઇ હતી. ઇઝરાયલે તેલ અવીવ અને જેરુસલેમ પર (જુઓ પાનું ૨) ▸▸



**દિલસોજીઃ** ઈરાનના નેતા અલી ખામનેઈના મૃત્યુના સંબંધમાં ઈરાનની નવી દિલ્હીમાંની એલચી કચેરી ખાતે શોક સંદેશો લખી રહેલા વિદેશ સચિવ વિક્રમ મિસરી.

## ખામનેઈના ઈન્તેકાલ પર ભારતે શોક વ્યક્ત કર્યો

### ઈરાનના દૂતાવાસમાં જઈ ભારતીય વિદેશ સચિવે લખી શ્રદ્ધાંજલિ

નવી દિલ્હીઃ ઈરાનના ભૂતપૂર્વ સર્વોચ્ચ નેતા અલી ખામનેઈના નિધન પર ભારતે શોક વ્યક્ત કર્યો છે. ગુરુવારે બપોરે ભારતના વિદેશ સચિવ વિક્રમ મિસરી નવી દિલ્હીમાં ઈરાનના દૂતાવાસ પહોંચ્યા હતા અને ત્યાં રાખવામાં આવેલી શ્રદ્ધાંજલિ પુસ્તિકામાં ભારત તરફથી હસ્તાક્ષર કર્યા હતા અને સંવેદના વ્યક્ત કરી હતી. નોંધનીય છે કે ૮૬ વર્ષીય ખામનેઈનું મોત ૨૮ ફેબ્રુઆરીના રોજ ઈઝરાયલ અને અમેરિકાના સંયુક્ત હુમલામાં થયું હતું. વિદેશ (જુઓ પાનું ૨) ▸▸

## ઈરાને હજી સુધી તેના સર્વોપરી ધાર્મિક નેતાની વરણી કરી નથી

નવી દિલ્હીઃ ઈરાને હજી તેના સર્વોપરિ ધાર્મિક નેતા અલી ખામનેઈના અનુગામીને ચૂંટી કાઢ્યો નથી. અમેરિકા અને ઈઝરાયલે ગયા અઠવાડિયે સંયુક્ત હુમલા કરીને ખામનેઈની હત્યા કરી હતી.

ઈરાનના ભારતમાંના સર્વોપરિ નેતાના પ્રતિનિધિ ડૉ. અબ્દુલ હકીમઈલાહી છે. તેમણે કહ્યું કે નવા નેતાને ચૂંટવાની પ્રક્રિયા ચાલુ છે.

શું ખામનેઈના પુત્ર મોજતબા ખામનેઈની સર્વોપરી નેતા તરીકે પસંદગી કરવામાં આવી છે એવા સવાલના જવાબમાં હકીમઈલાહીએ કહ્યું હતું કે આ સમાચાર સાચા નથી. અત્યાર સુધી તેઓએ કોઈને પસંદ કર્યા નથી, નામાંકિત (જુઓ પાનું ૨) ▸▸

## હોર્મુઝની ખાડીમાં ભારતીય જહાજોને પણ મળશે એન્ટ્રી?

તહેરાનઃ ઈરાન-ઈઝરાયલ વચ્ચે ચાલી રહેલા યુદ્ધને કારણે સમગ્ર દુનિયા પર એની માઠી અસર થઈ રહી છે. સમગ્ર મિડલઈસ્ટમાં તણાવગ્રસ્ત સ્થિતિ ઊભી થઈ છે. એવામાં હોર્મુઝ સામુદ્રીધુનીને લઈને એક મહત્ત્વના સમાચાર સામે આવ્યા છે. ભારત માટે રાહતના સમાચાર એ છે કે, હોર્મુઝ સ્ટ્રેઇટમાંથી માત્ર અમેરિકા, ઈઝરાયલ, યુરોપ અને તેના પશ્ચિમી સહયોગી રાષ્ટ્રના શિપ-જહાંજ કે કંટેનર્સ વેસલ્સ માટે સંપૂર્ણ રીતે બંધ રહેશે.

આ પહેલા ઇરાને સ્પષ્ટતા કરી હતી કે, આ જળમાર્ગનો ઉપયોગ (જુઓ પાનું ૨) ▸▸

## અખાત-યુક્રેન લડાઈનો ઝટ અંત લાવોઃ વડા પ્રધાન

### લડાઈ સંબંધે મોદી અને મેક્રોન વચ્ચે ફોન પર ચર્ચા

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે જણાવ્યું હતું કે યુદ્ધથી સમસ્યા નહિ ઉકેલાય. રશિયા - યુક્રેન વચ્ચેની અને અખાતના દેશોમાં ચાલતી લડાઇનો તાત્કાલિક અંત આણવો જોઇએ.

મોદીએ ફિનલૅન્ડના વડા પ્રધાન એલેક્ઝાન્ડર સ્ટબની સાથે વિવિધ મુદ્દે મંત્રણા કર્યા બાદ આ નિવેદન કર્યું હતું.

ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે ફ્રાન્સના પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોન સાથે વાતચીત કરી હતી. બન્નેએ વેસ્ટ એશિયાની આકાર લેતી પરિસ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને સંવાદ અને મુત્સદ્દીગીરી તરફ પાછા ફરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. મેક્રોન સાથે ટેલિફોન પર વાતચીત કરવા પર મોદીએ કહ્યું હતું કે અમે વિસ્તારમાં શાંતિ અને સ્થિરતા ઝડપથી સ્થાપવા (જુઓ પાનું ૨) ▸▸

## યુદ્ધ ધીમું પડ્યું? આ ચાર સંકેત શું કહે છે?

(૧) અખાતના યુદ્ધના પ્રારંભે વૈશ્વિક શૅરબજારોમાં ઘણાં ભાવ ઘટ્યા હતા, પરંતુ હવે લડાઇની અસરમાંથી શૅરબજારો બહાર આવી રહ્યા હોવાનું દેખાઇ રહ્યું છે. દક્ષિણ કૉરિયાના શૅરબજારમાં તો નવથી દસ ટકાનો ઉછાળો આવ્યો હતો. અમેરિકાના નેસ્ડેકમાં બુધવારે એક ટકાની તેજી નોંધાઇ હતી. ભારતીય શૅરબજારોમાં પણ ગુરુવારે તેજી જોવા મળી હતી.

(૨) અખાતના યુદ્ધના પ્રારંભે ખનિજ તેલના ભાવમાં વધારો નોંધાયો હતો, પરંતુ ક્રૂડ ઑઇલના ભાવ હવે બહુ વધી નથી રહ્યા. બ્રેંટ ક્રૂડનો ભાવ પ્રતિ બેરલ ૮૩ ડૉલરની આસપાસ રહ્યો હતો. લડાઇની શરૂઆતમાં આ ભાવ ૮૫ ડૉલર થઇ ગયો હતો.

(૩) ઇરાનની તાકાત નબળી પડતી હોવાનું મનાય છે. ઇરાન પાસેના મિસાઇલો અને અન્ય શસ્ત્રો હવે ધીરે ધીરે ખૂટી રહ્યા હોવાનું કહેવાય છે અને તેથી આ યુદ્ધ લાંબા સમય સુધી ચલાવવું મુશ્કેલ બની રહેશે.

(૪) યુદ્ધના પ્રારંભે સોના-ચાંદીના ભાવમાં મોટો ઉછાળો આવ્યો હતો, પરંતુ હવે તેમાં ખાસ મોટો વધારો થઇ નથી રહ્યો.

# નીતીશ રાજ્યસભાના રસ્તે, બિહારમાં હવે ભાજપ-રાજ

પટનાઃ બિહારના મુખ્યપ્રધાન નીતીશ કુમારે રાજ્યસભાની ચૂંટણી માટે પોતાનું ઉમેદવારીપત્ર ભર્યું હતું. તેમણે કહ્યું હતું કે તેઓ બે દાયકાથી વધુ સમયથી રાજ્યસભામાં જવા માગતા હતા. તેમણે એ પણ સ્પષ્ટ કર્યું હતું કે તેઓ આવનારી સરકારને સંપૂર્ણ માર્ગદર્શન આપશે. આ પગલાને બિહારના રાજકારણમાં એક મહત્ત્વપૂર્ણ વળાંક માનવામાં આવી રહ્યો છે. જેડી(યુ)ના વડા નીતીશ કુમારે ગુરુવારે જાહેરાત કરી કે તેઓ રાજ્યસભાની ચૂંટણી લડશે. આ સાથે બિહારના સૌથી લાંબા સમય સુધી મુખ્યપ્રધાન રહેલા તેમના કાર્યકાળનો અંત આવશે. ૨૦૦૫ થી રેકોર્ડ દસ વખત મુખ્યપ્રધાન રહેલા નીતિશ કુમારે કહ્યું હતું કે રાજ્યમાં બનનારી નવી સરકારને તેમનો સંપૂર્ણ સહયોગ અને માર્ગદર્શન મળશે. જોકે આ સાથે બિહારમાં પહેલીવાર ભાજપનો મુખ્ય પ્રધાન આવશે. તેમણે 'એક્સ' પર એક પોસ્ટમાં રાજ્યના લોકોનો આભાર માનતા કહ્યું હતું કે બે દાયકાથી વધુ સમયથી તમે સતત મારામાં વિશ્વાસ રાખ્યો અને સમર્થન આપ્યું છે અને તે વિશ્વાસના બળ પર જ અમે બિહાર અને તમારા (જુઓ પાનું ૨) ▸▸

# અમેરિકાએ ૧૭૫ અબજ ડૉલરના 'ટ્રમ્પ ટૅરિફ'નું રિફંડ આપવું પડશે

વૉશિંગ્ટનઃ ન્યૂ યોર્કના એક ફેડરલ જજે બુધવારે ચુકાદામાં જણાવ્યું હતું કે સર્વોચ્ચ અદાલતે ગયા મહિને જે 'ટ્રમ્પ ટૅરિફ' રદ કરી હતી, તે જે કંપનીઓએ અગાઉ ભરી હતી તેઓને ટૅરિફની રકમનું રિફંડ આપવું પડશે.

એક ગણતરી મુજબ 'ટ્રમ્પ ટૅરિફ'ના રિફંડની રકમ ૧૭૫ અબજ ડૉલર જેટલી છે. અગાઉ, ટ્રમ્પે અમેરિકાની સરકાર ટૅરિફનું રિફંડ આપવા અસમર્થ હોવાનું જણાવ્યું હતું.

અમેરિકાની આંતરરાષ્ટ્રીય વેપારને લગતી અદાલતના ન્યાયાધીશ રિચર્ડ ઇટને ચુકાદામાં જણાવ્યું હતું કે અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ૧૯૭૭ના ઇન્ટરનેશનલ ઇમર્જન્સી ઇકૉનૉમિક પાવર્સ ઍક્ટ હેઠળ અનેક દેશથી આયાત કરવામાં આવતા માલસામાન પર ઇમ્પોર્ટ ટૅક્સ ઘણો વધારી દીધો હતો, પરંતુ સર્વોચ્ચ અદાલતે ગયા મહિને આપેલા ચુકાદામાં આ 'ટ્રમ્પ ટૅરિફ'ને અયોગ્ય અને ગેરબંધારણીય ગણાવીને રદ કરી હતી અને તેથી આ ટૅરિફ ભરનારી કંપનીઓ કે આયાતકારો તેનું રિફંડ મેળવવાના હકદાર છે. (જુઓ પાનું ૨) ▸▸

અંક પ્રગટ થઈ ચૂક્યો છે




# ચીને સંરક્ષણ બજેટમાં કર્યો તોતિંગ વધારોઃ સૈન્યને વધુ આધુનિક બનાવશે

બેઇજિંગઃ હાલમાં અમેરિકા અને ઇઝરાયલ ઇરાન પર હુમલાઓ કરી રહ્યા છે. બીજી તરફ ઈરાન પણ અનેક ખાડી દેશો પર મિસાઇલો છોડી રહ્યું છે. દુનિયામાં તણાવપૂર્ણ વાતાવરણ વચ્ચે ચીને ગુરુવારે તેના સંરક્ષણ બજેટમાં સાત ટકાનો વધારો કર્યો છે. આ સાથે ચીનનું સંરક્ષણ બજેટ ૨૭૭ અબજ અમેરિકન ડોલર સુધી પહોંચી ગયું છે. નોંધનીય છે કે પાછલા વર્ષની સરખામણીમાં ચીને તેના સંરક્ષણ બજેટમાં સાત ટકાનો વધારો કર્યો છે.

ચીને અમેરિકન સૈન્યને પહોંચી વળવા માટે સશસ્ત્ર દળોના ઝડપી આધુનિકીકરણને વેગ આપવા માટે બજેટમાં વધારો કર્યો છે. નેશનલ પીપલ્સ કોંગ્રેસ (એનપીસી) ના ઉદ્ઘાટન સત્રમાં ચીનના પ્રમુખ શી જિનપિંગ અને અન્ય ટોચના નેતાઓની હાજરીમાં પ્રીમિયર લી કિયાંગે તેમનો વાર્ષિક વર્ક રિપોર્ટ રજૂ કર્યો હતો જેમાં નાણાકીય વર્ષ ૨૦૨૬ માટે સંરક્ષણ ખર્ચને લગભગ ૧.૯૧ ટ્રિલ્યન યુઆન (૨૭૬.૯ અબજ ડોલર) સુધી વધારવાનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો જે વાર્ષિક ધોરણે સાત ટકાનો વધારો દર્શાવે છે. સરકારી ન્યૂઝપેપર ચાઈની ડેઈલીએ રિપોર્ટમાં આ જાણકારી આપી હતી.

બીજા પ્રસ્તાવમાં ટ્રમ્પના ટ્રેડ ટૅરિફ વૉર, અમેરિકા-ઈરાન યુદ્ધ પછી બગડતા વૈશ્વિક સંકટ અને પ્રોપર્ટી માર્કેટમાં મંદી (જુઓ પાનું ૨) ▸▸

# બંગાળના રાજ્યપાલ સી. વી. આનંદ બોઝનું રાજીનામું

### લદાખના ઉપરાજ્યપાલે પણ હોદ્દો છોડ્યો

કોલકાતાઃ પશ્ચિમ બંગાળના રાજ્યપાલ સી. વી. આનંદ બોઝે રાજીનામું આપતા તમિળનાડુના રાજ્યપાલ આર. એન. રવિ પશ્ચિમ બંગાળના રાજ્યપાલ તરીકેનો વધારાનો અખત્યાર સંભાળશે.

દરમિયાન, લદાખના ઉપરાજ્યપાલ કવિંદર ગુપ્તાએ ગુરુવારે પોતાનું રાજીનામું ગૃહ મંત્રાલયને મોકલી આપ્યું હતું.

અગાઉ, ૨૦૨૨ની ૧૭ નવેમ્બરે પશ્ચિમ બંગાળના રાજ્યપાલ બનેલા સી. વી. આનંદ બોઝે જણાવ્યું હતું કે મેં રાજીનામું આપી દીધું છે. હું સાડાત્રણ વર્ષથી બંગાળનો રાજ્યપાલ હતો. તે મારા માટે પૂરતું છે.

આમ છતાં, બોઝે પોતાના રાજીનામાનું કારણ જાહેર નહોતું કર્યું. તેમણે રાજકીય (જુઓ પાનું ૨) ▸▸

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# નીતીશે દીકરા માટે સોદાબાજી કરી કે ભાજપે ગેમ કરી નાખી?

**નીતીશ** કુમારે અચાનક જ બિહારના મુખ્ય પ્રધાનપદેથી રાજીનામું આપીને રાજ્યસભામાં જવાની જાહેરાત કરીને સૌને ચોંકાવી દીધા. હોળીનો માહોલ છે તેથી ધુળેટીના દિવસે આ વાત બહાર આવી ત્યારે પહેલાં તો સૌને લાગેલું કે હોળીની મજાકમાં આ વાત વહેતી થઈ છે તેથી વાતને ગંભીરતાથી નહોતી લેવાઈ. ધુળેટીના બીજા દિવસે નીતીશે પોતે રાજ્યસભામાં જવાનું એલાન કરીને આ વાત સાચી હોવાનું જાહેર કર્યું ત્યારે સૌને ખરેખર આંચકો લાગી ગયો કેમ કે નીતીશ માટે અત્યારે વિદાય થવાનું કોઈ કારણ નથી.

મુખ્ય પ્રધનપદે નીતીશની આ દસમી ટર્મ છે ને ૨૦ વર્ષથી એ મુખ્ય પ્રધાનપદે જામેલા છે. વચ્ચે જીતનરામ માંઝીને સવા વર્ષ મુખ્ય પ્રધાન બનાવ્યા એ સિવાય ૨૦૦૫થી નીતીશ બિહારની ગાદી પર ગૂંચળું વાળીને બેઠા છે. ભાજપે તેમને હટાવવા માટે બહુ મથામણ કરી જોઈ પણ નીતીશ મચક નહોતા આપતા. સત્તા ટકાવવા માટે નીતીશ કુમારે બે વાર તો ભાજપને તડકે મૂકીને લાલુ પ્રસાદ યાદવ અને તેજસ્વી યાદવની રાષ્ટ્રીય જનતા દળ સાથે નાતરાં પણ કરી લીધાં. એ પછી ભાજપે પણ હથિયાર હેઠાં મૂકીને પડ્યું પાનું નિભાવી લેવાનું નક્કી કરીને નીતીશ કુમારને સ્વીકારી લીધા હતા તેથી નીતીશ પર કોઈ ખતરો નહોતો.

ત્રણ મહિના પહેલાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં નીતીશે જેડીયુ-ભાજપના જોડાણને જોરદાર જીત અપાવી પછી તો નીતીશ પરનો રહ્યોસહ્યો ખતરો પણ જતો રહ્યો હતો. મહિલાઓના ખાતામાં રોકડ જમા કરાવીને નીતીશે જેડીયુને પણ ફરી બેઠી કરી નાખેલી ને ભાજપની લગોલગ બેઠકો જીતીને વટ પાડી દીધેલો. આ પરિણામો પછી સૌને લાગતું હતું કે, નીતીશ હવે બીજાં પાંચ વર્ષ માટે જામી ગયા ને હવે ૨૦૩૦ લગી નહીં ઉખડે ને ત્યાં જ નીતીશે બિહારને અલવિદા કરવાનું નક્કી કર્યું તેથી આંચકો લાગવો સ્વાભાવિક છે.

નીતીશે રાજીનામું આપવા માટે અત્યંત હાસ્યાસ્પદ કારણ આપ્યું છે. નીતીશના કહેવા પ્રમાણે પોતે રાજકારણમાં આવ્યા ત્યારે નક્કી કરેલું કે, ધારાસભામાં બંને ગૃહ વિધાન સભા અને વિધાન પરિષદ તથા સંસદનાં બંને ગૃહ લોકસભા અને રાજ્યસભાના સભ્ય બનવાની પોતાની મહેચ્છા હતી. પોતે વિધાનસભા, વિધાન પરિષદ અને લોકસભાના સભ્ય બન્યા પણ રાજ્યસભાના સભ્ય બનવાની ઈચ્છા પૂરી નહોતી થઈ. હવે પોતે આ ઈચ્છા પૂરી કરવા જઈ રહ્યા છે.

નીતીશ લોકોને મૂરખ સમજીને ઉઠાં ભણાવી રહ્યા છે પણ આ વાત કોણ માને ? કોઈ રાજ્યસભામાં સભ્ય બનવા માટે એક રાજ્યના સર્વસત્તાધીશ એવા મુખ્ય પ્રધાનનો હોદ્દો છોડે ખરું ? ને એ પણ નીતીશ કુમાર ? જે માણસ સત્તા માટે જાત જાતનાં ત્રાગાં ને લાલુ-તેજસ્વી જેવાં છાપેલાં કાટલાં સાથે નાતરાં કરી શકે એ આવી છૂંછાં જેવી ઈચ્છા પૂરી કરવા માટે મુખ્ય પ્રધાનપદ છોડે ખરો ? નીતીશની વાત કહેતા બી દીવાના ઔર સુનતા બી દીવાના જેવી છે પણ રાજકારણીઓ આવી વાતો કરતા હોય છે. સાચું કહી ના શકાય એમ હોય એટલે ગમે તે ગોળી લોકોને ગળાવવી તો પડે ને ?

નીતીશે કેમ મુખ્ય પ્રધાનપદ છોડવું પડ્યું એ ખબર નથી પણ અમિત શાહ તેમને નડી ગયાનું કહેવાય છે. બિહારમાં ગયા વરસે યોજાયેલી વિધાનસભાની ચૂંટણી પછી ૨૦ નવેમ્બર ૨૦૨૫ના રોજ પટણાના ઐતિહાસિક ગાંધી મેદાનમાં નીતીશ કુમારે મુખ્ય પ્રધાનપદના શપથ લી ધા હતા. એ વખતે ભાજપ અને ખાસ તો અમિત શાહે નીતીશને બદલે બીજા કોઈને મુખ્ય પ્રધાનપદે બેસાડવાનો પ્રસ્તાવ મોકલેલો. નીતીશ કુમાર જેડીયુમાંથી પોતાને ગમે એ નેતાનું નામ આપે ને ભાજપ તેને મુખ્ય પ્રધાન તરીકે સ્વીકારી લેશે એવું કહેણ મોકલાયેલું પણ નીતિશને આ પ્રસ્તાવ ગમ્યો નહોતો. નીતીશ પોતાના બદલે બીજા કોઈને ગાદી પર બેસાડવા માગતા નહોતા તેથી એવી દલીલ કરાયેલી કે, બિહારની જનતાએ નીતીશ કુમારના નામે જનાદેશ આપ્યો છે તો નીતીશ જ મુખ્ય પ્રધાન બનશે.

ભાજપ પાસે એ વખતે નીતીશની વાત માન્યા વિના છૂટકો નહોતો તેથી નીતીશની તાજપોશી થઈ ગઈ પણ ત્રણ મહિનામાં ભાજપે જેડીયુમાં તોડફોડનો તખ્તો તૈયાર કરીને નીતીશને નવી ઓફર આપી એટલે નીતીશે જખ મારીને જવું પડ્યું. મહારાષ્ટ્રમાં ભાજપે શિવસેનાનાં ઊભાં ફાડિયાં કરીને ઉદ્ધવ ઠાકરેને ઉથલાવી નાંખ્યા પછી ઉદ્ધવ ઠાકરે રાજકીય અસ્તિત્વ ટકાવવા ફાંફાં મારે છે. નીતીશ ૭૫ વર્ષની ઉંમરે બીજા ઉદ્ધવ ઠાકરે બનવા તૈયાર નહોતા તેથી ભાજપ સામે શરણાગતિ સ્વીકારી લીધી એવું કહેવાય છે.

ભાજપનો ટ્રેક રેકોર્ડ અને નીતીશની સત્તાલાલસા જોતાં આ વાત સાચી હોવાની શક્યતા પ્રબળ છે. મુખ્ય પ્રધાનપદે નીતીશની જેડીયુના બદલે ભાજપના નેતાને બેસાડાય તો સમજી લેવું કે આ વાત સો ટકા સાચી છે. નીતીશના બદલે જેડીયુના બીજા કોઈ નેતાને ગાદી પર બેસાડાય તો સમજવું કે, ભાજપે બીજી કોઈ રીતે નીતીશનું નાક દબાવ્યું હશે. નીતીશે પોતે સ્વચ્છ અને પ્રમાણિક હોવાની છાપ ઉભી કરી છે. નીતીશના સમર્થકો તેમને સુશાસન બાબુ ગણાવે છે પણ નીતીશ સુશાસન બાબુ નથી જ. એ ક્યાંક ને ક્યાંક ખરડાયેલા હશે ને ભાજપના તાબા હેઠળની એજન્સીઓએ એ શોધી કાઢ્યું હોય એ શક્ય છે.

એક શક્યતા નીતીશના પુત્ર નિશાંત કુમારની ધમાકેદાર એન્ટ્રી માટે નીતીશે સોદાબાજી કર્યાની છે. નિશાંત કુમાર નીતીશનો એક માત્ર પુત્ર છે અને તેમનો વારસ છે. જેડીયુના કેટલાક નેતા નિશાંતને નીતીશનો રાજકીય વારસ બનાવવા માટે લાંબા સમયથી થનગની રહ્યા છે તેથી નિશાંતને રાજકારણમાં લાવવાનો તખ્તો લાંબા સમય પહેલાં જ ઘડાઈ ગયો હતો. નવેમ્બર, ૨૦૨૫ની વિધાનસભા ચૂંટણી વખતે જ નિશાંતને જેડીયુમાં લાવીને ચૂંટણી લડાવવાની માગ ઉગ્ર બનેલી પણ નીતીશે એ વખતે સંયમ બતાવીને દીકરાને રાજકારણથી દૂર રાખેલો.

હવે નીતીશનો સંયમ તૂટ્યો છે અને નિશાંતની રાજકારકણમાં એન્ટ્રી થશે એવી જાહેરાત હોળીના દિવસે નીતીશ સરકારના મંત્રી શ્રવણ કુમારે કરી જ છે. આ એન્ટ્રીને ધમાકેદાર બનાવવા માટે નિશાંતને પોતાના સ્થાને મુખ્ય પ્રધાનપદે કે પછી ભાજપને મુખ્ય પ્રધાનપદ આપીને નિશાંતને નાયબ મુખ્ય પ્રધાનપદે બેસાડવાની સોદાબાજી નીતીશે કરી હોય એ શક્યતા નકારી ના શકાય. પોતે રાજ્યસભાના સભ્ય બનીને કેન્દ્ર સરકારમાં મંત્રી બની જાય ને દીકરો બિહારમાં સત્તાસ્થાને ગોઠવાઈ જાય એવી સોદાબાજી ભાજપ સાથે કરી હોય એ શક્ય છે. નીતીશ રાજકારણના અઠંગ ખેલાડી છે એ જોતાં એ ગમે તે કરી શકે.

નીતીશે શું કર્યું છે તેની ખબર દસેક દાડામાં પડી જશે. રાજ્યસભાની ચૂંટણી ૧૬ માર્ચે થવાની છે ને એ પહેલાં નીતીશના સ્થાને કોને બેસાડવા તેનો નિર્ણય ભાજપ-જેડીયુએ લેવો જ પડશે એ જોતાં જે હશે એ વાજતું ગાજતું સામે આવશે.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર વસંતઋતુ, શુક્રવાર, તા. ૬-૩-૨૦૨૬, સંકષ્ટી ચતુર્થી, શ્રી શિવાજી મહારાજ જયંતી

- ભારતીય દિનાંક ૧૫, માહે ફાલ્ગુન, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, ફાલ્ગુન વદ-૩
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે ફાલ્ગુન, તિથિ વદ -૩
- પારસી શહેનશાહી રોજ ૨૪મો દીન, માહે ૭મો મેહેર, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૨૪મો દીન, માહે ૮મો આવાં, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૧મો રામ, માહે ૧૨મો સ્પેનદાર્મદ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૬મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૮મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૭
- નક્ષત્ર હસ્ત સવારે ક. ૦૯-૨૯ સુધી, પછી ચિત્રા
- ચંદ્ર કન્યામાં રાત્રે ક. ૨૨-૧૮ સુધી, પછી તુલામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કન્યા (પ, ઠ, ણ), તુલા (ર, ત)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૫૬, અમદાવાદ ક. ૦૬ મિ. ૫૯, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૪, અમદાવાદ ક. ૧૮ મિ. ૪૩, સ્ટા. ટા.
- -: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ બપોરે ક. ૧૩-૫૪, મધ્યરાત્રિ પછી ક. ૦૧-૫૫ (તા. ૭)
- ઓટઃ સવારે ક. ૦૭-૪૨, રાત્રે ક. ૧૯-૫૦
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, ફાલ્ગુન – કૃષ્ણ તૃતીયા. કલ્પાદિ, શ્રી શિવાજી મહારાજ જયંતી (તિથિ પ્રમાણે), સંકષ્ટ ચતુર્થી, ચંદ્રોદય રાત્રે ક. ૨૧-૧૮. ભદ્રા સમાપ્તિ સાંજે ક. ૧૭-૫૩.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, સંકષ્ટ ચતુર્થી નિત્ય વ્રત-ઉપવાસ, વિશેષરૂપે શ્રી ગણેશપૂજા, ચંદ્રોદય સમયે ચંદ્રદેવતાનું દર્શન અને પૂજન, શ્રી ગણેશને ચુરમાના લાડુનું નૈવેદ્ય અર્પણ, ચંદ્રોદય પછી એકટાણાંનું ભોજન, બ્રહ્મલીન હરિહર પંડિત મહેસાણાવાળા રચિત રિદ્ધિસિદ્ધિદાયક શ્રી ગણેશ યંત્ર પ્રતિષ્ઠા પૂજા, અભિષેક, સૂર્ય-ચંદ્ર શુક્ર પૂજા, પરદેશનું પસ્તાનું, મહેંદી લગાવવી, નવાં વસ્રો, આભૂષણ, વિદ્યારંભ, હજામત, અન્નપ્રાશન, પ્રથમ વાહન, નૌકા બાંધવી, શાંતિ પૌષ્ટિક, સર્વ શાંતિ પૂજા, બી વાવવું, ખેતીવાડી, ધાન્ય ભરવું, નામકરણ, દેવદર્શન, અન્નપ્રાશન, શ્રી વિષ્ણુ સહસ્ર નામ વાંચન.
- આચમનઃ ચંદ્ર-મંગળ અર્ધચતુષ્કોણ અવિચારી, ચંદ્ર-રાહુ અર્ધચતુષ્કોણ તુચ્છ સ્વભાવના
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-મંગળ અર્ધચતુષ્કોણ, ચંદ્ર-રાહુ અર્ધચતુષ્કોણ. ચંદ્ર-ચિત્રા યુતિ
- ગ્રહગોચરઃ સૂર્ય-કુંભ, મંગળ-કુંભ, વક્રી બુધ-કુંભ (બુધ અસ્ત), વક્રી ગુરુ-મિથુન, શુક્ર-મીન, (શુક્ર પશ્ચિમમાં દેખાશે), માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર.

## ટ્રમ્પની ગૉલ્ડ ડીલઃ વેનેઝુએલા ૧૦૦૦ કિલો સોનું આપશે અમેરિકાને

નવી દિલ્હીઃ વેનેઝુએલાની સરકારી માઇનિંગ કંપનીએ અમેરિકન બજારને ૧૦૦૦ કિલોગ્રામ સુધી સોનું વેચવા માટે કરોડો ડોલરના કરાર પર હસ્તાક્ષર કર્યા હોવાના અહેવાલ છે. સૂત્રોના જણાવ્યા અનુસાર આ કરાર હેઠળ સરકારી કંપની માઇનર્વેન કોમોડિટી ટ્રેડર ટ્રાફિગુરાને ૬૫૦ થી ૧૦૦૦ કિલોગ્રામ ગોલ્ડ ડોર બાર સપ્લાઇ કરશે. આ કરારમાં ૯૮ ટકા ફાઇનલ ગોલ્ડ કન્ટેન્ટની વાત કરવામાં આવી છે. ટ્રાફિગુરા અમેરિકન સરકાર સાથેના એક અલગ કરાર હેઠળ સોનું અમેરિકી રિફાઈનરીઓ સુધી પહોંચાડશે. પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ દ્વારા દેશના દોષિત સમાજવાદી સરમુખત્યારને હાંકી કાઢ્યા અને તેની તેલ સમૃદ્ધ પેટ્રોલિયમ કંપની પર વાસ્તવિક નિયંત્રણ મેળવ્યા પછી આ ડીલ વેનેઝુએલા અને યુનાઇટેડ સ્ટેટ્સ વચ્ચે મજબૂત થતાં વેપાર સંબંધોને દર્શાવે છે. અમેરિકાએ વેનેઝુએલાના સૌથી મહત્ત્વપૂર્ણ અને વિપુલ તેલ સંસાધનો પર નિયંત્રણ મેળવ્યું ત્યાર પછીથી આ કરાર ટ્રમ્પ વહીવટીતંત્રની દેખરેખ હેઠળ કરવામાં આવેલી ત્રીજી એક્સ્ટ્રેક્શન ડીલ છે. ટ્રાફિગુરા વેનેઝુએલામાં એક અબજથી વધુ તેલ કરારોમાં પણ સામેલ છે.

## ઈરાની જહાજના સંકટના કોલનો જવાબ આપેલોઃ ભારતીય નેવી

નવી દિલ્હીઃ ભારતીય નૌકાદળે ગુરુવારે જણાવ્યું હતું કે, ઈરાની યુદ્ધજહાજ આઈરિશ ડેના તરફથી સંકટનો સંદેશ મળ્યા બાદ એક સર્ચ અને રેસ્ક્યુ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. આ જહાજ પર અમેરિકી ટોર્પિડો દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં બોર્ડ પરના મોટાભાગના નાવિકોના મોત થયા હતા.નૌકાદળના નિવેદન અનુસાર, શ્રીલંકન નેવી દ્વારા મળેલા અહેવાલ મુજબ, ચોથી માર્ચના વહેલી સવારે એમઆરસીસી કોલંબો ખાતે આઈરિશ ડેના તરફથી સંકટનો કોલ પ્રાપ્ત થયો હતો. આ નિવેદન જહાજ ડૂબી ગયાના એક દિવસ પછી બહાર પાડવામાં આવ્યું છે.

## જયશંકરની ઈરાનના વિદેશ પ્રધાન સાથે ચર્ચા

નવી દિલ્હીઃ ભારતના વિદેશ પ્રધાન એસ. જયશંકરે મધ્ય પૂર્વમાં ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે તેના ઈરાની સમકક્ષ વિદેશ પ્રધાન સૈયદ અબ્બાસ અરાઘચી સાથે ટેલિકોનિક વાતચીત કરી હતી.

જયશંકરે આજે બપોરે ઈરાની વિદેશ પ્રધાન સૈયદ અબ્બાસ અરાઘચી સાથે ટેલિફોનિક વાતચીત થઇ હોવાનું એક્સ પર જણાવ્યું હતું. ભારતે ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ અલી ખામેનેઇના મોત પર શોક વ્યક્ત કર્યો છે. વિદેશ સચિવ વિક્રમ મિસરીઅએ ગુરુવારે નવી દિલ્હીમાં ઈરાની દૂતાવાસમાં શોક પુસ્તિકા પર હસ્તાક્ષર કર્યા હતા. મિસ્રીએ ઈરાની દૂતાવાસની મુલાકાત લીધી હતી અને ભારત સરકાર વત્તી શોક પુસ્તિકા પર હસ્તાક્ષર કર્યા હતા. વિદેશ મંત્રાલયે ભારતમાં ઈરાની રાજદૂત મોહંમદ ફતહલી સાથે વિદેશ સચિવની વાતચીતનો એક ફોટો પણ જાહેર કર્યો હતો.

નિવેદનમાં જણાવાયું છે કે ખાડી દેશોમાં લગભગ એક કરોડ ભારતીય નાગરિકો વસે છે અને કામ કરે છે. તેમજ તેમની સલામતી અને સુખાકારી સૌથી મહત્વપૂર્ણ છે. અમે તેમના પર પ્રતિકૂળ અસર કરતાં કોઇપણ વિકાસથી અજાણ રહી શકીએ નહીં.

## ટ્રમ્પને હાશઃ ઈરાન પર આક્રમણ કરવાના નિર્ણયને સેનેટની મોટી સરસાઈથી મંજૂરી

વોશિંગ્ટનઃ અમેરિકન સેનેટે રાષ્ટ્રપ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પના ઈરાન પર લશ્કરી હુમલા ચાલુ રાખવાના અધિકારને મર્યાદિત કરવાના હેતુથી લાવવામાં આવેલા પ્રસ્તાવને નકાર્યો હતો. ગૃહમાં રિપબ્લિકન પાર્ટી પાસે ૫૩-૪૭ની સરસાઈથી પસાર થયો હતો. ઈઝરાયલ સાથે મળી ઈરાન પર હુમલો કરવાના રાષ્ટ્રપ્રમુખના નિર્ણયને મોટા પાયે સમર્થન મળવાથી પ્રસ્તાવ મોટી સરસાઈથી પાસ મંજૂર શક્યો નહોતો.

મતદાન પહેલા સેનેટમાં માહોલ ઘણો ગંભીર હતો. અનેક ડેમોક્રેટિક સાંસદ તેમની સીટ પર બેસી રહ્યા હતા અને સમગ્ર સમય વાતચીત કરતા હતા. સેનેટમાં ડેમોક્રેટિક નેતા ચક શૂમરે કહ્યું કે, આ વોટ સાંસદ અમેરિકાની જનતા સાથે છે કે ટ્રમ્પ પ્રશાસન સાથે તે નક્કી કર્યું છે. તેમના મુજબ, અમેરિકાના લોકો મિડલ-ઈસ્ટમાં લાંબા યુદ્ધથી થાકી ચુક્યા છે અને હવે વધુ એક યુદ્ધ ઈચ્છતા નથી.

રિપબ્લિક નેતા જોન બરાસોએ કહ્યું, ડેમોક્રેટ્સ ટ્રમ્પનો વિરોધ કરવામાં વધારે રસ દાખવી રહ્યા છે. જ્યારે અસલી મુદ્દો ઈરાનના પરમાણુ કાર્યક્રમને ખતમ કરવાનો છે. તેમના મુજબ, અમેરિકાએ ઈરાનના વધતા ખતરાનો સામનો કરવો જ પડશે અને આ સમયે સરકારનો સાથ દેવો જરૂરી છે.

## સુખોઈ ગુમ, સર્ચ ઑપરેશન હાથ ધરાયું

ગુવાહાટીઃ ભારતીય વાયુ સેનાનું યુદ્ધ વિમાન સુખોઈ ૩૦એમકેઆઈ ફાઈટર જેટ ફ્લાઈટ દરમિયાન જ ગુમ થયું છે. ભારતીય રડાર સિસ્ટમમાંથી સંપર્કવિહોણું થયા બાદ એરફોર્સે સંપર્ક માટે દોડધામ શરૂ કરી દીધી હતી.

આસામના ગુવાહાટીની એરસ્પેસમાં આ ઘટના બની હોવાનું જાણવા મળ્યું છે. વિમાને આસામના જોરહટ વિમાન મથકેથી ઉડાન ભરી હતી.

આસામના એરસ્પેસમાંથી ઉડાન ભર્યા બાદ વિમાન કર્બી આંગલોંગ જિલ્લાના આકાશમાં જોવા મળ્યું હતું. આ પછી રડારમાંથી તે અચાનક ગાયબ થઈ ગયું હતું. ગુવાહાટીના રક્ષા મંત્રાલયના રિપોર્ટ અનુસાર ફાઈટર એરક્રાફ્ટ રડારના સંપર્કમાંથી એકાએક રીતે ગાયબ થઈ ગયું હતું. રડારથી સંપર્ક તૂટયા બાદ કંટ્રોલરૂમમાંથી ફરી સંપર્કમાં લેવા માટે પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. વાયુસેનાએ ટેક્નિકલ તથા અન્ય રીતે સર્ચ ઑપરેશન શરૂ કરી દીધું છે.

## નેપાળમાં શાંતિપૂર્ણ મતદાન

કાઠમંડુઃ નેપાળમાં ગુરવારે સંસદીય ચૂંટણીમાં નવા વડા પ્રધાનને ચૂંટી કાઢવા નેપાળના હજારો લોકોએ શાંતિપૂર્વક મતદાન કર્યું હતું. જેન ઝેડના દેખાવોએ લીધે કે. પી. શર્મા ઓલીની આગેવાની હેઠળની ગઠબંધન સરકારને ઉથલાવી દીધી હતી. ભારત પણ આ ચૂંટણી પર ચાંપતી નજર રાખી રહ્યું છે. ભારત ઈચ્છે છે કે નેપાળમાં સ્થિર સરકાર આવે જેથી બન્ને દેશ વિકાસશીલ ભાગીદારીને આગળ વધારી શકે.

મતદાન સવારના સાત વાગ્યે શરૂ થયું હતું અને શાંતિમય રીતે સાંજના પાંચ વાગ્યે પૂરું થયું હતું.

રેપર બાલેન્દ્ર સિંદ દ્વારા નવી રચાયેલી રાષ્ટ્રીય સ્વતંત્ર પાર્ટી બે પરંપરાગત રાજકીય પક્ષ નેપાળ કૉંગ્રેસ અને કમ્યુનિસ્ટ પાર્ટી ઑફ નેપાળ (યુનાઈટેડ એમ-એલ)ને જોરદાર લડત આપી રહી છે. ૨૦૨૨માં રચાયેલી આરએસપીને પ્રચાર વખતે સારો ટેકો મળ્યો છે. શાહ વડા પ્રધાનના મજબૂત દાવેદાર છે.

## પહેલા પાનાનું ચાલુ

### અંગ્રેજો આઉટ

જૅક્સના ઊંચા શૉટમાં અક્ષર પટેલે બૉલ ઝીલ્યા બાદ સમયસૂચકતા વાપરીને બાઉન્ડરી લાઇનની બહાર જતાં બૉલ શિવમ દુબે તરફ ફેંક્યો હતો અને દુબેએ કૅચ ઝીલી લીધો હતો. એ પાંચમી વિકેટ વખતે કુલ સ્કોર ૧૭૨ રન હતો અને ત્યાર બાદ સૅમ કરૅન અને બેથેલે ટીમને જિતાડવાની ખૂબ કોશિશ કરી હતી, પણ ડિફેન્ડિંગ ચૅમ્પિયન ભારતીયો સામે તેમનું કંઈ નહોતું ચાલ્યું અને છેવટે બ્રિટિશરોએ હાર સ્વીકારવી પડી હતી.

ભારત અને ઇંગ્લૅન્ડ વચ્ચે ટી-૨૦ વર્લ્ડ કપમાં સતત ત્રીજી વખત સેમિ ફાઇનલ રમાઈ અને જે ભારતે જીતી લીધી. કૅપ્ટન સૂર્યાએ ગેમપ્લાન બદલીને ૧૮મી ઓવર બુમરાહને અને ૧૯મી ઓવર હાર્દિકને આપી હતી જેમાં અનુક્રમે માત્ર છ રન તથા નવ રન બન્યા હતા. શિવમ દુબેને આ મૅચમાં પહેલી જ વખત બોલિંગ અપાઈ અને એ પણ અંતિમ ઓવર જેમાં તેણે બાકીના ૩૦ રન ડિફેન્ડ કર્યા હતા. એ ઓવરના પ્રથમ બૉલમાં જૅકબ બેથેલ રનઆઉટ થયો હતો. હાર્દિકના થ્રોમાં વિકેટકીપર સૅમસને આબાદ કલેક્ટ કરીને બેથેલને રનઆઉટ કરી દીધો હતો અને ત્યારે જ ભારતીયોએ જીતનું સેલિબ્રેશન શરૂ કરી દીધું હતું.

બુમરાહે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૫૦૦મી વિકેટ લીધી હતી અને હૅરી બ્રૂક તેનો ૫૦૦મો બહુમૂલ્ય શિકાર બન્યો હતો. બુમરાહ ૫૦૦ કે વધુ વિકેટ લેનાર આઠમો ભારતીય બોલર બન્યો છે. એ પહેલાં, ભારતીય ટીમે ટી-૨૦ વર્લ્ડ કપની સેમિ ફાઇનલમાં ભરોસાપાત્ર ઓપનર સંજુ સૅમસન ઉપરાંત ચાર બૅટ્સમેનની સાધારણ છતાં આક્રમક ઇનિંગ્સની મદદથી ૨૦ ઓવરમાં સાત વિકેટે ૨૫૩ રન કરીને ઇંગ્લૅન્ડને ૨૫૪ રનનો તોતિંગ લક્ષ્યાંક આપ્યો હતો. સૅમસન માત્ર ૧૫ રન પર હતો ત્યારે કૅપ્ટન હૅરી બ્રૂકથી તેનો આસાન કૅચ છૂટી ગયો હતો જેનો સૅમસને પૂરો ફાયદો ઉઠાવ્યો હતો.

ટીમ ઇન્ડિયાના પત્ની સાક્ષી સાથે આવેલા એમએસ ધોનીની હાજરીમાં ભારતીય બૅટ્સમેનોએ જબરદસ્ત ફટકાબાજી કરી હતી. જોકે તેઓ ૨૫૬ રનનો આ વર્લ્ડ કપનો પોતાનો જ વિક્રમ તેમ જ ૨૬૦ રનનો શ્રીલંકાનો વર્લ્ડ કપનો વિશ્વવિક્રમ નહોતા તોડી શક્યા.

અભિષેક શર્મા (નવ રન)એ બીજી જ ઓવરમાં વિકેટ ગુમાવ્યા બાદ સૅમસને બાજી સંભાળી લીધી હતી અને રવિવારે વેસ્ટ ઇન્ડિઝ સામેની અણનમ ૯૭ રનની ઇનિંગ્સ જેવું રમ્યો હતો. સૅમસન ૧૪મી ઓવરમાં કુલ ૧૬૦ રનના સ્કોર પર સ્પિનર વિલ જૅક્સના બૉલમાં ફિલ સૉલ્ટના હાથમાં કૅચઆઉટ થયો ત્યાર પછી ટીમ ઇન્ડિયાનું રનમશીન ધીમું પડી ગયું હતું. ત્યાર પછી લગભગ અઢી ઓવર બાદ સૂર્યકુમારે શિવમ સાથે ૩૦ રનની ભાગીદારી કરીને વિકેટ ગુમાવી હતી. ૩૨,૦૦૦-પ્લસ પ્રેક્ષકોથી ખીચોખીચ ભરાયેલા સ્ટેડિયમમાં ઇશાન કિશન (૩૯ રન, ૧૮ બૉલ, બે સિક્સર, ચાર ફોર), ચોથા નંબર પર મોકલવામાં આવેલા શિવમ દુબે (૪૩ રન, પચીસ બૉલ, ચાર સિક્સર, એક ફોર), હાર્દિક પંડ્યા (૨૭ રન, ૧૨ બૉલ, બે સિક્સર, ત્રણ ફોર) તથા તિલક વર્મા (૨૧ રન, સાત બૉલ, ત્રણ સિક્સર)એ નાના-મોટા યોગદાન સાથે છગ્ગા-ચોગ્ગાથી પ્રેક્ષકોનું અને સેલિબ્રિટીઝનું મનોરંજન કર્યું હતું. સૅમસન અને ઇશાન બાદ શિવમ, હાર્દિક તથા તિલક વર્માએ મેદાનની ચારેય બાજુએ બૉલ બાઉન્ડરીની બહાર મોકલ્યો હતો. ઇંગ્લૅન્ડના છ બોલર્સમાં સ્પિનર વિલ જૅક્સ તથા બીજા સ્પિનર આદિલ રાશીદ બે-બે વિકેટ સાથે સૌથી સફળ રહ્યા હતા.

### હોર્મુઝ સામુદ્રધુનીમાં

મિસાઇલ હુમલા થયા હોવાનું કબૂલ કર્યું હતું. દુશ્મન દેશના મિસાઇલો નજીક આવતા શહેરોમાં મોટેથી સાઇરન વાગી હતી અને લોકોને સલામત સ્થળે જતાં રહેવાની અપીલ કરાઇ હતી. ઇરાને અમેરિકાનાં વધુ લશ્કરી મથકો પર હુમલા કર્યા હોવાનો દાવો કર્યો હતો. ઇઝરાયલના લશ્કરે છેલ્લા ૨૪ કલાકમાં લેબેનોનમાંના હિઝબુલના ૮૦ મથક પર હુમલા કર્યા હતા.

ઇઝરાયલના લશ્કરે ઇરાનમાંના લાંબા અંતરની મિસાઇલ છોડવાના મથક પર પણ હુમલા કર્યા હતા. ઇરાનના વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચીએ જણાવ્યું હતું કે અમેરિકાએ હિંદ મહાસાગરમાં અમારા જહાજને ડુબાડ્યું છે અને તેનો બદલો લેવાશે. આ જહાજ પરના અમારા ઓછામાં ઓછા ૮૭ ખલાસી માર્યા ગયાં હતાં. તેમણે ચેતવણી આપી હતી કે મારી વાત લખી રાખજો કે 'અમેરિકાને આ યુદ્ધ બદલ ભારે પસ્તાવો થશે.' આયાતુલ્લાહ અબ્દુલ્લા જવાદી અમોલીએ ઇરાનના ટીવી પર યહૂદીઓ અને ટ્રમ્પનું લોહી વહેવડાવવા અપીલ કરી હતી અને જણાવ્યું હતું કે હુમલાખોર અમેરિકા સામે આક્રમક બનીને લડો. યુદ્ધમાં અત્યાર સુધીમાં ઇરાનમાં ૧,૨૩૦થી વધુ અને લેબેનોનમાં ૭૦થી વધારે લોકો માર્યા ગયાં હતાં. ઇરાને ઉત્તરમાં આવેલી અઝરબૈજાનમાં નખચીવાનના વિમાનમથક અને એક શાળા પર હુમલા કર્યા હતા અને તેમાં જાનહાનિ થઇ છે.સઉદી અરેબિયાએ જોર્ડનની સરહદ પાસેના ડ્રોનને તોડી પાડ્યા હોવાનો દાવો કર્યો હતો. કુવૈતની દરિયાકાંઠાની નજીક એક ટૅન્કર પર ગુરુવારે હુમલો કરાયો હતો. અગાઉ, ઓમાનના અખાત અને હોર્મુઝ સામુદ્રધુનીમાંથી પસાર થવાનો પ્રયાસ કરી રહેલાં જહાજો પર પણ હુમલા કરાયા હતા. ઇઝરાયલે ટ્રિપોલીમાંના નિરાશ્રિતોની છાવણી પર કરાયેલા હુમલામાં વધુ આઠ જણ માર્યા ગયાં હતાં. ઇઝરાયલે ડ્રોન્સની મદદથી દક્ષિણ બૈરુતના પરાં વિસ્તારો પર પણ હુમલા કર્યા હતાં. (એજન્સી)

### ખામનેઈના ઈન્તેકાલ

સચિવ વિક્રમ મિસરીએ ઈરાનના રાજદૂતને ભારતનો સહાનુભૂતિ સંદેશ આપ્યો હતો. તે સિવાય વિદેશપ્રધાન એસ. જયશંકરે ઈરાનના વિદેશ પ્રધાન સૈયદ અબ્બાસ અરાઘચી સાથે ફોન પર વાતચીત કરી હતી પરંતુ એ જાણી શકાયું નથી કે કઈ વાત પર ચર્ચા થઈ હતી.

મિસરીએ ઈરાનના દૂતાવાસની મુલાકાત લીધી હતી અને ભારત સરકાર તરફથી શ્રદ્ધાંજલિ પુસ્તિકામાં હસ્તાક્ષર કર્યા હતા. વિદેશ મંત્રાલયે ભારતમાં ઈરાની રાજદૂત મોહંમદ ફતહલી સાથે વિદેશ સચિવની વાતચીતના ફોટોગ્રાફ્સ પણ જાહેર કર્યા હતા.

### ઈરાને હજી

કર્યા નથી. પ્રક્રિયા હજી ચાલુ છે. તેમણે કહ્યું હતું કે આ હોદ્દા માટે અનેક ઉમેદવારો છે. આમાંના એક આયાતોલ્લા મોજતબા છે. તે ખામનેઈનો પુત્ર હોવાથી નહીં, પરંતુ તેના ભણતરને લીધે તેઓ તેની પસંદગી કરવાનું વિચારી રહ્યા છે. જોકે હજી કશું નક્કી કરાયું નથી અને તેઓ આ હોદ્દા પર બેસાડવા કોઈ સુશિક્ષિત વ્યક્તિને શોધી રહ્યા છે.(એજન્સી)

### અખાત-યુક્રેન

સતત વાતચીત અને સંકલિત પ્રયાસો કરતા રહીશું. મોદીએ જણાવ્યું હતું કે ભારત અને ફિનલૅન્ડ કાયદાનું પાલન, મંત્રણા અને આંતરરાષ્ટ્રીય સંબંધ જાળવવાની કુશળતામાં દૃઢ વિશ્વાસ ધરાવે છે. અમે માનીએ છીએ કે લશ્કરી કાર્યવાહી દ્વારા કોઇ સમસ્યા ઉકેલી નથી શકાતી. યુક્રેન કે પશ્ચિમ એશિયાની લડાઇનો તાત્કાલિક અંત લાવીને શાંતિ સ્થાપવી જોઇએ. ભારત અને ફિનલૅન્ડ ડિજિટલાઇઝેશન સહિત વિવિધ મુદ્દે દ્વિપક્ષી સહકાર વધારવા સહમત થયા હતા. (એજન્સી)

### હોર્મુઝમાં ભારતીય

કરવાની છૂટ માત્ર ચીનને આપવામાં આવી છે. આ એલાન બાદ હવે એક મોટી રાહત એ થઈ છે કે, ભારતને ક્રૂડ ઓઈલથી લઈને જીવનજરૂરી ચીજવસ્તુઓ સરળતાથી પ્રાપ્ય થશે.

### નીતીશ રાજ્યસભાના

બધાની સંપૂર્ણ સમર્પણ સાથે સેવા કરી છે. તમારા વિશ્વાસ અને સમર્થનની શક્તિએ જ આજે બિહારને વિકાસ અને ગૌરવનો એક નવો પરિમાણ રજૂ કરવા સક્ષમ બનાવ્યું છે.

નીતીશ કુમારે કહ્યું હતું કે તેમની સંસદીય યાત્રાની શરૂઆતથી જ તેઓ રાજ્ય વિધાનસભાના બંને ગૃહો તેમજ સંસદના બંને ગૃહોના સભ્ય બનવા માગતા હતા. આ મહત્વાકાંક્ષાને ધ્યાનમાં રાખીને હું આ વખતે યોજાનારી ચૂંટણીમાં રાજ્યસભાનો સભ્ય બનવા માંગુ છું. હું તમને સંપૂર્ણ પ્રામાણિક્તા સાથે ખાતરી આપવા માગુ છું કે ભવિષ્યમાં પણ તમારી સાથે મારો સંબંધ યથાવત્ રહેશે અને વિકસિત બિહાર બનાવવા માટે તમારી સાથે મળીને કામ કરવાનો મારો સંકલ્પ અટલ રહેશે. જે નવી સરકાર બનશે તેને મારો સંપૂર્ણ સહયોગ અને માર્ગદર્શન મળશે. ગયા વર્ષે નવેમ્બરમાં યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં શાસક એનડીએને પ્રચંડ વિજય અપાવ્યા બાદ કુમાર રાજીનામું આપી રહ્યા છે, જેનાથી ભાજપના કોઈ નેતા મુખ્યપ્રધાન બને તેવી સંભાવના છે.

### અમેરિકાએ ૧૭૫ અબજ

અમેરિકાના પ્રમુખ પાસે નહિ પરંતુ અમેરિકાની કૉંગ્રેસ પાસે જ આ રીતે ટૅરિફ વધારવાની સત્તા હોવાનું અત્યાર સુધીના મોટા ભાગના સંબંધિત ચુકાદામાં કહેવાયું હતું. અમેરિકાના ટેનેસીના નેશવિલેની ફિલ્ટર્સ અને ફિલ્ટરેશનની અન્ય પ્રૉડક્ટ્સ બનાવતી કંપની 'એટમસ ફિલ્ટરેશન'એ આ ટૅરિફનું રિફંડ માગતી કરેલી અરજીના સંબંધમાં ન્યાયાધીશે ચુકાદો આપ્યો હતો. ચુકાદામાં જણાવાયું હતું કે ટ્રમ્પે ૧૯૭૭ના ઇન્ટરનેશનલ ઇમર્જન્સી ઇકૉનૉમિક પાવર્સ ઍક્ટ હેઠળ લાદેલી ટૅરિફના રિફંડને લગતા બધા કેસની હું સુનાવણી કરીશ.

### ચીનનો સંરક્ષણ

અને બેરોજગારીના સંકટને કારણે સ્થાનિક અર્થતંત્રમાં મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને ચીની અર્થતંત્ર માટે જીડીપી લક્ષ્યાંક ઘટાડીને ૪.૫ થી પાંચ ટકા કરવાનો હતો. ભૂતકાળમાં બે આંકડામાં વૃદ્ધિ પામનાર ચીન છેલ્લા ત્રણ વર્ષમાં વધતા સ્થાનિક અને બાહ્ય આર્થિક પડકારો વચ્ચે જીડીપી માટે ૪.૫થી પાંચ ટકાનો લક્ષ્યાંક નક્કી કરી રહ્યું છે. વધતા સંરક્ષણ ખર્ચ પર ચીનના સત્તાવાર મીડિયાએ તેનો બચાવ કરતા કહ્યું કે લશ્કરી ખર્ચ ૨૦૧૬ પછી સતત ૧૧મા વર્ષે એક-અંકનો ગ્રોથ જાળવી રાખશે અને ૨૦૨૧ નાણાકીય વર્ષ પછીનો સૌથી નીચો ટકાવારી વધારો બનશે.

### બંગાળના રાજ્યપાલ

દબાણને લીધે રાજીનામું આપ્યું હતું કે નહિ, તે અંગે પણ સ્પષ્ટતા નહોતી કરી. મુખ્ય પ્રધાન મમતા બેનરજીએ તમિળનાડુના રાજ્યપાલ આર. એન. રવિ હવે બોઝને સ્થાને બંગાળના રાજ્યપાલ તરીકેનો વધારાનો અખત્યાર સંભાળવાના હોવાના અહેવાલને સમર્થન આપ્યું હતું.મમતા બેનરજીએ પોતાના સોશ્યલ મીડિયા પર લખ્યું હતું કે કેન્દ્રના ગૃહ પ્રધાન (અમિત શાહ)એ બંગાળના રાજ્યપાલ સી. વી. આનંદ બોઝના સ્થાને આર. એન. રવિ વધારાનો અખત્યાર સંભાળવાના હોવાની મને માહિતી આપી હતી. (એજન્સી)

# માર્ચની શરૂઆતમાં જ ગુજરાતમાં કાળઝાળ ગરમીઃ ૩૯.૨ ડિગ્રી સાથે રાજકોટ શેકાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં માર્ચ મહિનાની શરૂઆતની સાથે જ આકરી ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજકોટમાં તાપમાનનો પારો ૩૯.૨ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયો હતો. તે ઉપરાંત ડીસામાં ૩૮.૮ ડિગ્રી સેલ્સિયસ, અમદાવાદમાં ૩૮.૬ ડિગ્રી સેલ્સિયસ, અમરેલીમાં ૩૮.૩ ડિગ્રી સેલ્સિયસ, ગાંધીનગર અને વડોદરામાં ૩૮ ડિગ્રી સેલ્સિયસ, સુરતમાં ૩૭.૯ ડિગ્રી સેલ્સિયસ, પોરબંદરમાં ૩૭.૬ ડિગ્રી સેલ્સિયસ, કંડલામાં ૩૭.૪ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું.

હવામાન વિભાગની આગાહી મુજબ, સમગ્ર ગુજરાતમાં આગામી સાત દિવસ સુધી હવામાન મુખ્યત્વે સૂકું રહેવાની શક્યતા છે. જોકે, આગામી બે દિવસ દરમિયાન ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ અને ભેજવાળા પવનને કારણે અકળામણ અનુભવાય તેવી શક્યતા છે. આગામી ૨૪ કલાકમાં મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થશે નહીં, પરંતુ ત્યારબાદના બે દિવસમાં તાપમાનમાં ૨-૩ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થઈ શકે છે. ત્યારબાદ ફરીથી તાપમાનમાં ક્રમશઃ ૨-૩ ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની શક્યતા છે. અમદાવાદ અને તેની આસપાસના વિસ્તારોમાં આકાશ મુખ્યત્વે ચોખ્ખું રહેશે અને મહત્તમ તાપમાન ૩૮ ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેવાની સંભાવના છે.

# ગુજરાતની ધરા ધ્રૂજીઃ એક જ દિવસમાં સૌરાષ્ટ્ર, કચ્છ અને દાહોદમાં ભૂકંપના આંચકા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના વિવિધ વિસ્તારોમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા, જેમાં સૌરાષ્ટ્ર અને કચ્છમાં તીવ્રતા વધુ જોવા મળી હતી. પ્રાપ્ત વિગતો અનુસાર, બપોરે ૦૩:૦૮ વાગ્યે બોટાદથી ૨૮ કિમી દૂર દક્ષિણ-દક્ષિણ પશ્ચિમ દિશામાં ગઢડા તાલુકામાં ૩.૪ની તીવ્રતાનો ભૂકંપ નોંધાયો હતો, જેનું કેન્દ્રબિંદુ જમીનથી ૧૫ કિમીની ઊંડાઈએ હતું. તે પૂર્વે બપોરે ૦૧:૪૩ વાગ્યે કચ્છના ભચાઉથી ૧૨ કિમી દૂર ઉત્તર-ઉત્તર પશ્ચિમ દિશામાં પણ ૩.૪ની તીવ્રતાનો આંચકો અનુભવાયો હતો, જેની ઊંડાઈ ૨૯.૫ કિમી નોંધાઈ હતી. સૌરાષ્ટ્ર અને કચ્છ ઉપરાંત મધ્ય ગુજરાતના દાહોદ પંથકમાં પણ ભૂકંપની અસર જોવા મળી હતી. સવારે ૧૧:૫૫ વાગ્યે દાહોદથી ૩૪ કિમી દૂર પશ્ચિમ-દક્ષિણ પશ્ચિમ દિશામાં ૨.૫ની તીવ્રતાનો હળવો આંચકો અનુભવાયો હતો, જેનું કેન્દ્રબિંદુ ૧૭.૭ કિમીની ઊંડાઈએ હતું. એક જ દિવસમાં રાજ્યના ત્રણ અલગ-અલગ વિસ્તારોમાં ભૂકંપના આંચકા નોંધાતા લોકોમાં ફફડાટ ફેલાયો હતો, જોકે સદનસીબે હજુ સુધી કોઈ જાનમાલના નુકસાનના સમાચાર પ્રાપ્ત થયા નથી.

# યુદ્ધની અસરઃ મોરબીનો સિરામિક ઉદ્યોગ માંડ દસ દિવસ ખેંચી શકશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મિડલ ઈસ્ટમાં સર્જાયેલી અશાંતિએ ભારત અને ગુજરાતના અસંખ્ય નાના-મોટા ઉદ્યોગોને અસર કરી છે, તેમાં સૌરાષ્ટ્રના મોરબીના સિરામિક ઉદ્યોગનો પણ સમાવેશ થાય છે. લગભગ ૬૦, ૦૦૦ કરોડનું વાર્ષિક ટર્નઑવર ધરાવતા સિરામિક ઉદ્યોગની મુખ્ય જરૂરિયાત ગૅસની બિનઅવરોધક સપ્લાય હોય છે. ગલ્ફના દેશોમાંથી આવતો ગૅસ જ બંધ થઈ જતા ઉદ્યોગ ભીંસમાં આવી ગયો છે. હાલમાં ઉપલબ્ધ ગૅસનો જથ્થો ધીમે ધીમે ખાલી થઈ રહ્યો છે અને નવો જથ્થો આવી રહ્યો નથી. આથી આવનારા દસેક દિવસમાં જો ગૅસ સપ્લાઈ નોર્મલ નહીં થાય તો સિરામિક ઉદ્યોગોના એકમોને તાળા લગાવવા પડશે, તેવી સ્થિતિ ઊભી થઈ હોવાનું ઉદ્યોગો સાથે જોડાયેલા લોકો જણાવી રહ્યા છે.

આ મામલે 'મુંબઈ સમાચાર' સાથે ખાસ વાતચીત કરતા મોરબી સિરામિક એસોસિયેશન વોલટાઈલ્સ ડિવિઝનના પ્રમુખ હરેશભાઈ બોપલીયાએ જણાવ્યું હતું કે અમારા સિરામિક એકમો પ્રોપેન અને નેચરલ એમ બે ગૅસ પર ચાલે છે. લગભગ ૭૦ ટકા યુનિટ્સ પ્રોપેન ગૅસ પર નિર્ભર છે. ગલ્ફ દેશોમાંથી ટેન્કરમાં આવતા આ ગૅસની સપ્લાઈ ચેન વિખાઈ ગઈ છે. નવા ટેન્કર આવતા નથી અને જે ગૅસનો જથ્થો છે, તે ધીમે ધીમે ખૂટી રહ્યો છે. આને કારણે અત્યારથી જ લગભગ ૪૦ યુનિટ બંધ થઈ ગયા છે. બીજી બાજુ ૩૦ ટકા યુનિટ્સ નેચલ ગૅસથી ચાલે છે, જેનો સપ્લાઇ ગુજરાત ગૅસ દ્વારા થાય છે. તેમને પણ હાલમાં ૫૦ ટકા જ સપ્લાય કરવામાં આવી રહ્યો છે. કતાર, સાઉદી અરેબિયા જેવા ખાડીના દેશોમાંથી આવતા આ ગૅસનું ઉત્પાદન જ મુશ્કેલીમાં મુકાઈ ગયું છે, આથી અમારી પાસે યુનિટ્સ બંધ કરવા સિવાય કોઈ ચારો રહેશે નહીં. તેમના જણાવ્યા અનુસાર સિરામિક ઉદ્યોગની સાથે સંલગ્ન એવા પેપરમિલ, બોક્સમેકિંગ જેવા નાના-મોટા ઘણા ઉદ્યોગો પર પણ આની અસર પડશે. આ સાથે અલગ અલગ ગૅસ કંપની અને વીજ પુરવઠો પૂરો પાડતી કંપનીઓ પર પણ અસર પડશે. તેમના જણાવ્યા અનુસાર ૧૫ માર્ચ સુધીમાં જો સ્થિતિમાં સુધારો નહીં આવે તો ઉદ્યોગોને મોટો ફટકો પડશે.

અત્રે ઉલ્લેખનીય છે કે મોરબીમાં સિરામિકના લગભગ ૬૫૦ આસપાસ યુનિટ્સ છે, જેમાં વિવિધ પ્રકારની ટાઈલ્સ બને છે અને દેશ-વિદેશમાં મોટા પ્રમાણમાં જાય છે. આ ઉદ્યોગ સાથે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે ચાર લાખ જેટલી રોજગારી જોડાયેલી છે. હાલમાં સમગ્ર મોરબી સિરામિક ઉદ્યોગ આશા સેવી રહ્યો છે કે સ્થિતિ સામાન્ય થાય અને ગૅસ સપ્લાઈ ચેન ફરી રાબેતા મુજબ થાય.

# પશ્ચિમ રેલવે દ્વારા મુંબઈ-અમદાવાદ વચ્ચે બે જોડી સુપરફાસ્ટ ટ્રેનોની જાહેરાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતથી મુંબઈ તરફ રેલ મુસાફરી કરતાં મુસાફરો માટે સારા સમાચાર છે. પશ્ચિમ રેલવે દ્વારા મુંબઈ સેન્ટ્રલ અને અમદાવાદ વચ્ચે બે સુપરફાસ્ટ સ્પેશ્યલ ટ્રેનો ચલાવવાની જાહેરાત કરવામાં આવી હતી.

રેલવેના જણાવ્યા અનુસાર, ટ્રેન નંબર ૦૯૦૨૭ મુંબઈ સેન્ટ્રલ અમદાવાદ સ્પેશ્યલ શનિવાર, ૦૭ માર્ચ ૨૦૨૬ના રોજ મુંબઈ સેન્ટ્રલથી ૨૩:૪૫ કલાકે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે ૦૮:૩૦ કલાકે અમદાવાદ પહોંચશે. તે જ રીતે, ટ્રેન નંબર ૦૯૦૨૮ અમદાવાદ મુંબઈ સેન્ટ્રલ સ્પેશ્યલ સોમવાર, ૦૯ માર્ચ ૨૦૨૬ના રોજ અમદાવાદથી ૦૩:૦૦ કલાકે પ્રસ્થાન કરશે અને તે જ દિવસે ૧૧:૧૫ કલાકે મુંબઈ સેન્ટ્રલ પહોંચશે. ટ્રેન નંબર ૦૯૦૨૧ મુંબઈ સેન્ટ્રલ અમદાવાદ સ્પેશ્યલ રવિવાર, ૦૮ માર્ચના રોજ મુંબઈ સેન્ટ્રલથી ૦૬:૨૦ કલાકે પ્રસ્થાન કરશે અને તે જ દિવસે ૧૨:૪૦ કલાકે અમદાવાદ પહોંચશે. તે જ રીતે, ટ્રેન નંબર ૦૯૦૨૨ અમદાવાદ મુંબઈ સેન્ટ્રલ સ્પેશ્યલ રવિવાર, ૦૮ માર્ચ ૨૦૨૬ના રોજ અમદાવાદથી ૧૫:૧૦ કલાકે પ્રસ્થાન કરશે અને તે જ દિવસે ૨૧:૪૫ કલાકે મુંબઈ સેન્ટ્રલ પહોંચશે.

# ધર્મ તોડવાનું નહીં, જોડવાનું કામ કરે છેઃ જેતલપુરમાં મોહન ભાગવતનું નિવેદન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘચાલક મોહન ભાગવતે અમદાવાદ નજીક આવેલા સ્વામીનારાયણ મંદિર, જેતલપુર ધામની મુલાકાત લીધી હતી. તેમણે અહીં આયોજિત 'રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજ દ્વિશતાબ્દી પાટોત્સવ'માં સહભાગી થઈ ભગવાનના દર્શન અને પૂજા-અર્ચના કરી હતી. આ વિશેષ અવસરે તેમણે મંદિર પરિસરમાં આયોજિત ડિફેન્સ પ્રદર્શનીનું પણ ગૌરવપૂર્વક ઉદઘાટન કર્યું હતું.

આ પ્રસંગે સંબોધન કરતા મોહન ભાગવતે જણાવ્યું હતું કે, સનાતન ધર્મ ચિરંતન અને શાશ્વત છે અને તેની રક્ષા કરવી એ જ આપણું મુખ્ય કાર્ય છે. તેમણે સંઘ અને સ્વામીનારાયણ સંપ્રદાયના સેવાકાર્યોની તુલના કરતા હળવા અંદાજમાં કહ્યું હતું કે, સંઘે પોતાનાં કાર્યોના ૧૦૦ વર્ષ પૂર્ણ કર્યા છે, પરંતુ જેતલપુર ધામના ૨૦૦ વર્ષ પૂર્ણ થતા આજે એક 'જૂનિયર' તરીકે 'સિનિયર'ને મળ્યા હોય તેવી અનુભૂતિ થઈ રહી છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે ધર્મનું સાચું કામ લોકોને જોડવાનું છે અને આપણે આપણા જીવનને જોડવાવાળું બનાવવું જોઈએ.

તેમણે સામાજિક સમરસતા પર ભાર મૂકતા કહ્યું હતું કે, ભગવાનની સૃષ્ટિમાં દરેકનું પ્રયોજન છે, તેથી ઊંચ-નીચ કે ભેદભાવને કોઈ સ્થાન હોવું જોઈએ નહીં. જે વ્યવસ્થામાં ભેદભાવ આવી જાય છે તે સમાજનું અહિત કરે છે, માટે ધર્મ આપણા આચરણમાં હોવો જોઈએ. શિક્ષાપત્રીનો ઉલ્લેખ કરતા તેમણે જણાવ્યું કે માત્ર બોલવા કરતા આચરણનું મહત્ત્વ વધુ છે. અંતમાં તેમણે ઉમેર્યું હતું કે વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિમાં આધ્યાત્મના માર્ગે આખા વિશ્વને નવી દિશા બતાવવાનું સામર્થ્ય માત્ર ભારત પાસે જ છે.

# ગુજરાત સરકારનો મોટો નિર્ણયઃ આવશ્યક દવાઓની યાદીમાં ૧૫૦ નવી દવાઓનો ઉમેરો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ માટેની આવશ્યક દવાઓની યાદીમાં નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો હતો. ગુજરાત મેડિકલ સર્વિસીસ કોર્પોરેશન લિ. દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ની ૧,૩૮૬ દવાઓની સમીક્ષા કર્યા બાદ ૧૫૦ નવી દવાઓનો ઉમેરો કરવામાં આવ્યો હતો અને બિનજરૂરી ૫૭ દવાઓ રદ કરવામાં આવી હતી. જેના પરિણામે હવે આગામી વર્ષ માટે કુલ ૧,૪૭૯ જેટલી સર્જિકલ અને ડાયગ્નોસ્ટિક સહિતની જરૂરી દવાઓ દર્દીઓને સરળતાથી ઉપલબ્ધ બનશે.

આરોગ્ય પ્રધાન પ્રફુલ્લ પાનસેરિયાએ જણાવ્યું હતું કે રાજ્ય સરકારના એસેન્સિયલ ડ્રગ લિસ્ટમાં પ્રાથમિક કક્ષાની ૩૭૮ દવાઓ, સેકન્ડરી કક્ષાની ૬૨૮ દવાઓ અને ટર્સરી કક્ષાની ૧,૪૭૫ દવાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. ગત વર્ષની સરખામણીએ જીવનરક્ષક દવાઓના ગ્રૂપમાં મોટો વધારો જોવા મળ્યો છે. એન્ટી-ઈન્ફેક્ટિવ મેડિસિન્સ ૨૦૨થી વધારીને ૨૧૬, શ્વસનતંત્રની દવાઓ ૨૯થી વધારીને ૪૦, આંખની દવાઓ ૫૧થી વધારીને ૫૮, ગેસ્ટ્રો ઇન્ટેસ્ટાઇનલની દવાઓ ૫૨થી વધારીને ૫૬ તેમજ મેડિકલ ડિવાઈસીસની સંખ્યા ૨૮૭થી વધારીને ૩૪૯ કરવામાં આવી છે. આ ઉપરાંત વર્ષ ૨૦૨૫-૨૬માં હૃદયરોગની ૧૧૬, કેન્સરની ૫૬, ન્યૂરોલોજિકલ ડિસોર્ડર્સની ૭૫ અને માનસિક રોગોની ૪૩ દવાઓ સહિત અનેકવિધ દવાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે તેમ જણાવ્યું હતું.

# છોટાઉદેપુરના ગેર મેળા પર મુખ્ય પ્રધાનના હસ્તે ટપાલ ટિકિટનું વિમોચન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ છોટાઉદેપુર જિલ્લાના કવાંટ ખાતે આદિવાસી જીવનના પરંપરાગત પહેરવેશ અને આભૂષણ વારસાની અભિવ્યક્તિ કરાવતા ગેર મેળાની સાંસ્કૃતિક મહત્તાને માન આપી ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના નિવાસસ્થાને મેળા પર આધારિત ટપાલ ટિકિટ અને વિશેષ આવરણ જારી કર્યું હતું. ઉત્તર ગુજરાત તથા દક્ષિણ ગુજરાત પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે આ ટપાલ ટિકિટ અને વિશેષ આવરણની પ્રથમ પ્રતિ મુખ્ય પ્રધાનને ભેટ કરી હતી.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે આ રાજ્યની આદિવાસી સંસ્કૃતિ, કલા અને પરંપરાઓના સંરક્ષણ અને તેને આવનારી પેઢી સુધી પહોંચાડવાનો મહત્ત્વપૂર્ણ પ્રયાસ છે. 'કવાંટ ગેર મેળો' માત્ર એક ઉત્સવ નથી, પરંતુ પ્રકૃતિ સાથેના સામંજસ્ય, સામાજિક સમરસતા અને પેઢીઓથી ચાલતી આવતી પરંપરાઓનું જીવંત પ્રતીક છે. ઉલ્લેખનીય છે કે હોળી પર્વ બાદ યોજાતો આ ભવ્ય મેળો રાઠવા આદિવાસી સમુદાયના રિવાજો, માન્યતાઓ અને સાંસ્કૃતિક પરંપરાઓનું અનોખું પ્રતિબિંબ છે. ઢોલ-નગારાંના તાલબદ્ધ નાદ, ગેર નૃત્યની ઊર્જાસભર રજૂઆતો, પરંપરાગત વાદ્યો, રંગબેરંગી વેશભૂષા અને શરીર પર આલેખાયેલી કલાત્મક આકૃતિઓ આ ઉત્સવની વિશેષતાઓ છે.

# સાબરમતી-જોધપુર એક્સપ્રેસ હવે જેસલમેર સુધી દોડશે; અંબાજી રેલવે લાઇનનું કામ પણ તેજ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતથી રાજસ્થાન તરફની મુસાફરી કરનારા રેલ મુસાફરો માટે સારા સમાચાર છે. રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવ દ્વારા જોધપુર-સાબરમતી એક્સપ્રેસ (ટ્રેન નંબર ૨૦૪૮૫/૨૦૪૮૬) ને જેસલમેર સુધી લંબાવવાની મંજૂરી આપવામાં આવી હતી. આ ટ્રેન હાલ દરરોજ સવારે ૭ કલાકે સાબરમતી રેલવે સ્ટેશનથી ઉપડીને મહેસાણા, પાટણ, ધાનેરા, ભિનમાલ, સમદડી સ્ટેશન થઈને જોધપુર પહોંચે છે. તે જ રીતે જોધપુરથી બપોરે ૧૧-૫૦એ ઉપડીને સાંજે ૮ કલાકે સાબરમતી સ્ટેશન પહોંચે છે.

આ ઉપરાંત તારંગા હિલ-અંબાજી-આબુ રોડ રેલવે લાઇનનું કામ અત્યંત ઝડપથી આગળ વધી રહ્યું છે, જેમાં અંબાજી પાસે ચીખલા ગામ નજીક અરવલ્લીની પહાડીઓમાં ૨.૨૭ કિમી લાંબી ટનલનું ૬૦ ટકાથી વધુ કામ પૂર્ણ થઈ ગયું છે. ૧૧૬.૬૫ કિમી લાંબી આ રેલવે લાઇન વર્ષ ૨૦૨૭ સુધીમાં પૂર્ણ થવાની અપેક્ષા છે. આ નવી રેલવે લાઇન કાર્યરત થવાથી ગુજરાતથી માઉન્ટ આબુ જતા મુસાફરો માટે અંતર આશરે ૨૦ કિમી જેટલું ઘટી જશે અને મુસાફરી વધુ સરળ બનશે. આ રૂટ પર કુલ ૧૫ રેલવે સ્ટેશનો વિકસાવવામાં આવશે, જ્યાં ટ્રેનો ૧૧૦ કિમી પ્રતિ કલાકની ઝડપે દોડશે, જેનાથી પ્રવાસના સમયમાં નોંધપાત્ર બચત થશે.

# ગાંધીનગર ફાયર બ્રિગેડના જવાનોએ એક જ અઠવાડિયામાં ત્રણ કિંમતી જીવ બચાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગાંધીનગરમાં ફાયર બ્રિગેડની ટીમે ચાલુ અઠવાડિયા દરમિયાન બનેલી અલગ-અલગ દુર્ઘટનાઓમાં ત્રણ વ્યક્તિઓના જીવ બચાવ્યા હતા. ધૂળેટીના દિવસે સાંજે સુઘડ નર્મદા કેનાલ ખાતે એક મહિલાએ અચાનક કેનાલમાં ઝંપલાવ્યું હતું. ઘટનાસ્થળે હાજર ફાયરમેન રાકેશ કટારા અને હરેશ રાવળ પોતાની જાનની પરવા કર્યા વિના કેનાલના ઊંડા પાણીમાં કૂદી પડ્યા હતા અને ભારે જહેમત બાદ મહિલાને સુરક્ષિત બહાર કાઢી હતી. બચાવ બાદ મહિલાને '૧૧૨ જનરક્ષક પોલીસ' ટીમને સોંપવામાં આવ્યા હતા.

બીજી એક ઘટનામાં ૫ માર્ચના રોજ સવારે ૧૧૨ ઇમરજન્સી રિસ્પોન્સ સેન્ટર દ્વારા વર્ધી મળી હતી કે, ઇન્દિરા બ્રિજ પરથી એક અજાણ્યા શખ્સે સાબરમતી નદીમાં કૂદકો માર્યો હતો. માત્ર બે જ મિનિટમાં, ડ્રાઈવર રોશન કટારા તથા ફાયરમેન સમીરદાન ગઢવી અને મયુરધ્વજસિંહ ચુડાસમાએ તાત્કાલિક સ્થળ પર પહોંચી નદીમાં ડૂબી રહેલા યુવકને સુરક્ષિત રીતે બહાર કાઢ્યો હતો.

# ભુજ સેશન્સ કોર્ટ અને વડોદરા ડિસ્ટ્રિક્ટ કોર્ટને બૉમ્બથી ઉડાડવાની ધમકીભર્યો ઈમેલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના મુખ્ય મથક ભુજમાં આવેલી સેશન્સ કોર્ટને ગુરુવારે ઈ-મેઈલ દ્વારા બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા સમગ્ર વહીવટી તંત્ર અને પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. ડિસ્ટ્રિક્ટ રજિસ્ટ્રાર કચેરીના સત્તાવાર ઈ-મેઈલ પર આ ધમકી મળી હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર, ગુરુવારે સવારે જ્યારે અદાલતની કામગીરી રાબેતા મુજબ ચાલી રહી હતી, ત્યારે રજિસ્ટ્રાર કચેરીના ઈ-મેઈલ પર એક અનામી મેઈલ આવ્યો હતો. જેમાં કોર્ટ પરિસરમાં બોમ્બ હોવાનો અને તેને ઉડાવી દેવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. આ મેલ જોતા જ રજિસ્ટ્રાર દ્વારા તુરંત પોલીસને જાણ કરવામાં આવી હતી. ત્યારબાદ ન્યાયાધીશો, વકીલો અને અસીલોને તાત્કાલિક સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા હતા.

ચાલુ કામગીરી વચ્ચે ડરના માર્યા લોકો પરિસરની બહાર દોડી આવ્યા હતા. સમગ્ર કોર્ટ સંકુલને ખાલી કરાવીને પોલીસે કિલ્લેબંધી કરી દીધી હતી. ધમકીના સમાચાર મળતા જ સ્થાનિક પોલીસ, સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ અને બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. ડોગ સ્કવોડની મદદથી કોર્ટના દરેક રૂમ, રેકોર્ડ રૂમ અને પાર્કિંગ વિસ્તારની ઝીણવટભરી તપાસ કરવામાં આવી હતી જેમાં હજુ સુધી કંઈ પણ શંકાસ્પદ મળ્યું નથી, પરંતુ પોલીસ કોઈ પણ પ્રકારનું જોખમ લેવા માગતી નથી.

નોંધનીય છે કે હજુ થોડા દિવસો પહેલા જ ભુજની મુખ્ય પોસ્ટ ઓફિસને પણ આ જ પ્રકારે ઈ-મેઈલ દ્વારા બોમ્બની ધમકી આપવામાં આવી હતી. એ અગાઉ કંડલાના એરપોર્ટને પણ આર.ડી.એક્સ જેવા વિસ્ફોટક પદાર્થ વડે ક્ષતિ પહોંચાડવાની ધમકી મળી હતી.

દરમ્યાન, ભુજ સાયબર ક્રાઈમની ટુકડીએ આ ધમકીભર્યો ઈ-મેઈલ કયા સર્વર પરથી મોકલવામાં આવ્યો છે તેની તપાસ શરૂ કરી દીધી છે. પ્રાથમિક તપાસમાં આ એક 'હોક્સ કોલ'એટલે કે ખોટી ધમકી હોવાનું જણાઈ રહ્યું છે, જેનો હેતુ માત્ર ભય ફેલાવવાનો હતો તેમ પી.આઈ.એસ.એન.ચુડાસમાએ જણાવ્યું હતું.

જ્યારે વડોદરા કોર્ટને ૧૫ દિવસમાં ફરી બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. ન્યાય મંદિર ડિસ્ટ્રિક્ટ કોર્ટ દિવાળીપુરા વડોદરાને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. પોલીસ અને બોમ્બ-ડોગ સ્ક્વોડની ટીમો ઘટનાસ્થળે પહોંચી હતી અને કોર્ટ પરિસરને ખાલી કરાવી વિશેષ તપાસ હાથ ધરવામાં આવી હતી. આ ઉપરાંત રાજકોટના જામનગર રોડ પર નવી કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી ભર્યો ઈ મેઇલ ફરી મળતા એસ ઓજી, ક્યુ.આર. ટી સહિતનું પોલીસ તંત્ર દોડતું થઈ ટીમો દ્વારા નવી કોર્ટ ખાતે સઘન ચેકિંગ તપાસ હાથ ધરતા કઈ પણ શંકાસ્પદ ચીજ વસ્તુઓ મળી ન આવતા હાશકારો અનુભવ્યો હતો.

બે દિવસ પહેલા રાજ્યની વિવિધ શાળાઓ અને કોર્ટને ઈ-મેલ મારફતે બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપનારા મુખ્ય સૂત્રધારની પશ્ચિમ બંગાળમાંથી ક્રાઈમ બ્રાંચ દ્વારા ધરપકડ કરવામાં આવી હતી.

# ગુજરાત યુનિવર્સિટી કન્વેન્શન સેન્ટરને પ્રથમ ગુજરાતી મહિલા સ્નાતકનું નામ અપાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે ગુજરાત યુનિવર્સિટીના કન્વેન્શન સેન્ટરનું વિદ્યાગૌરી નિલકંઠ સભાપુરમ નામકરણ કર્યું હતું. તે ઉપરાંત તેમણે નવનિર્મિત રિસર્ચ પાર્કનું લોકાર્પણ તથા હરસ્ટાર્ટના પાંચમા સંસ્કરણનો શુભારંભ કરાવ્યો હતો. મુખ્ય પ્રધાને આ પ્રસંગે કહ્યું કે, સ્ટાર્ટઅપ ઇન્ડિયા હવે રિવોલ્યુશન બની ગયું છે. એક દાયકા પહેલા દેશમાં ૫૦૦થી ઓછા સ્ટાર્ટઅપ હતા તે વધીને હવે અંદાજે બે લાખ સુધી પહોંચી ગયા છે તેમાં પણ મહિલાશક્તિની અડધોઅડધ ભાગીદારી છે. એટલું જ નહિ, વિમેન-લેડ સ્ટાર્ટઅપ ફંડિંગમાં ભારત અગ્રિમ હરોળમાં આવી ગયું છે. તેમણે પ્રથમ ગુજરાતી મહિલા સ્નાતક વિદ્યાગૌરી નિલકંઠના નામ સાથે યુનિવર્સિટી કન્વેન્શન સેન્ટરને જોડીને વિદ્યાગૌરી નિલકંઠ સભાપુરમ નામકરણ માટેની ગુજરાત યુનિવર્સિટીની પહેલની પણ સરાહના કરી હતી. આગળ જણાવ્યું હતું કે આ વર્ષના બજેટમાં રાજ્ય સરકારે સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ ઍન્ડ ઇનોવેશન પૉલિસી ૨.૦ માટે રૂ. ૪૫ કરોડનું પ્રાવધાન કરવામાં આવ્યું છે તેમ મુખ્ય પ્રધાને જણાવ્યું હતું.

# હોળી-ધુળેટી પર એસ.ટી. નિગમની ૭૪૦૦ એક્સ્ટ્રા ટ્રિપનો ૩.૧૪ લાખ મુસાફરોએ લાભ લીધો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ હોળી અને ધૂળેટીના પર્વ દરમિયાન મુસાફરોના ધસારાને પહોંચી વળવા માટે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા દોડાવવામાં આવેલી એક્સ્ટ્રા બસનો લોકોને ખૂબ ફાયદો થયો હતો. આ વર્ષે નિગમ દ્વારા આ વર્ષે ૭૪૦૦થી વધુ વધારાની ટ્રીપ દ્વારા ૩.૧૪ લાખ મુસાફરોને સલામત પરિવહન સેવા પૂરી પાડવામાં આવી હતી.

મળતી વિગતો અનુસાર, તા. ૨૭ ફેબ્રુઆરીથી તા. ૦૪ માર્ચ ૨૦૨૬ દરમિયાન નિગમ દ્વારા કુલ ૭૪૦૦ જેટલી વધારાની ટ્રીપનું સંચાલન કરવામાં આવ્યું હતું. આ વિશેષ સંચાલન દ્વારા રાજયના અંદાજે ૩.૧૪ લાખ મુસાફરોએ એસ.ટી. નિગમની સેવાનો લાભ લીધો હતો. હોળીના પર્વ પર ડાકોર રણછોડરાયજીના દર્શનનું વિશેષ મહત્ત્વ હોવાથી નિગમ દ્વારા ડાકોર ખાતેથી સૌથી વધુ સંચાલન કરવામાં આવ્યું હતું. રણછોડરાયજીના દર્શનાર્થે જતા શ્રદ્ધાળુઓ માટે ખાસ ૩૬૦૦ ટ્રીપ ચલાવવામાં આવી હતી, જેના દ્વારા ૧.૩૨ લાખ દર્શનાર્થીઓને પરિવહન સેવા પૂરી પાડવામાં આવી હતી. ગત વર્ષે નિગમ દ્વારા ૭૧૦૦ ટ્રીપ ચલાવીને ૨.૮૦ લાખ મુસાફરોને સેવા આપવામાં આવી હતી. જેની સરખામણીએ આ વર્ષે ટ્રીપની સંખ્યામાં અને મુસાફરોની સંખ્યામાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો હતો.

મુસાફરોના ભારે ધસારાને ધ્યાને રાખી મુખ્ય શહેરો ખાતેથી વિશેષ ટ્રીપનું સંચાલન કરાયું હતું. જેમાં અમદાવાદથી ૬૮૭ ટ્રીપ, હિંમતનગરથી ૭૧૬ ટ્રીપ, સુરતથી ૪૯૬ ટ્રીપ, વડોદરાથી ૨૫૫ ટ્રીપ, જૂનાગઢથી ૨૨૦ ટ્રીપ, રાજકોટથી ૧૩૧ ટ્રીપ ઉપરાંત સુરેન્દ્રનગર, મોરબી, જામનગર, દાહોદ, ગોધરા, દેવગઢ બારિયા, સંતરામપુર અને લુણાવાડા જેવાં મહત્ત્વના કેન્દ્રો પરથી પણ પૂરતી સંખ્યામાં બસો દોડાવવામાં આવી હતી.

# ગુજરાત સ્થાનિક સ્વરાજની ચૂંટણી પૂર્વે કૉંગ્રેસના દિગ્ગજોને સોંપાઈ મોટી જવાબદારી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં આગામી સમયમાં યોજાનારી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ માટે કૉંગ્રેસે પોતાની તૈયારીઓ તેજ કરી દીધી છે. કૉંગ્રેસ અધ્યક્ષ દ્વારા ગુજરાત માટે રાજ્ય સ્તરની વિવિધ સમિતિઓની રચનાના પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવી હતી. આ નિમણૂકોમાં રાજ્યના દિગ્ગજ નેતાઓને મહત્ત્વની જવાબદારીઓ સોંપવામાં આવી છે.

સ્ટ્રેટેજી કમિટીના ચેરમેન તરીકે ભરતસિંહ સોલંકી તેમજ વાઇસ ચેરમેન તરીકે લાલજી દેસાઇની નિમણૂક કરવામાં આવી હતી, જ્યારે શક્તિસિંહ ગોહિલને કેમ્પેઈન કમિટીના ચેરમેન તેમજ પરેશ ધાનાણીને વાઇસ ચેરમેનની જવાબદારી સોંપવામાં આવી હતી. આ ઉપરાંત, ઈલેક્શન મેનેજમેન્ટ કમિટીની જવાબદારી સિદ્ધાર્થ પટેલ અને જીગ્નેશ મેવાણીને અને મેનિફેસ્ટો કમિટીના ચેરમેન તરીકે શૈલેષ પરમાર તેમજ વાઇસ ચેરમેન્ટ તરીકે ઋત્વિક મકવાણાની વરણી કરવામાં આવી હતી. જગદીશ ઠાકોરને પ્રોગ્રામ ઈમ્પ્લીમેન્ટેશન કમિટીના ચેરમેન તેમજ ઇન્દ્રવિજયસિંહ ગોહિલને વાઇસ ચેરમેન, ડૉ. અમી યાજ્ઞિકને મીડિયા કમિટીના ચેરમેન તેમજ લલીત કગથરાને વાઇસ ચેરમેનની જવાબદારી સોંપવામાં આવી હતી.

# ૧૪૦૧ કિલો શંકાસ્પદ પનીરનો જથ્થો સુરતમાંથી જપ્ત કરાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત તહેવારોના સમયમાં ભેળસેળયુક્ત ખાદ્ય પદાર્થોનું વેચાણ અટકાવવા માટે સ્પેશ્યલ ઓપરેશન ગ્રૂપ દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ અંતર્ગત એસઓજીની ટીમે સુરત મહાનગરપાલિકાના ફૂડ એન્ડ સેફ્ટી વિભાગના અધિકારીઓને સાથે રાખી પાંડેસરાની ભીડભંજન સોસાયટીના એક કારખાનામાં દરોડો પાડ્યો હતો. તપાસ દરમિયાન ત્યાંથી આશરે ૩,૦૮,૨૨૦ રૂપિયાની કિંમતનું ૧૪૦૧ કિલોગ્રામ શંકાસ્પદ પનીર મળી આવ્યું હતું.

પોલીસે ઘટનાસ્થળેથી અલથાણના રહેવાસી અને મૂળ રાજસ્થાનના કારખાનાના માલિક મહેશકુમાર પૂર્ણાશંકર શર્માની અટકાયત કરી હતી. તપાસમાં સામે આવ્યું હતું કે આરોપી છેલ્લા બે વર્ષથી દરરોજ આશરે ૪૦૦ કિલો જેટલું પનીર બનાવી અલગ-અલગ ડેરીઓમાં જથ્થાબંધ તથા છૂટક વેચાણ કરતો હતો.

# અંધેરીમાં સગીર છોકરી પાસે દેહવેપાર કરાવનારી મહિલાને સાત વર્ષની કેદ

મુંબઈઃ અંધેરીના ચકાલા પરિસરમાં સગીરાઓ પાસે દેહવેપાર કરાવનારી મહિલાને સેશન્સ કોર્ટે સાત વર્ષની જેલ અને સગીરા સાથે શરીરસંબંધ બાંધનારા શખસને ૧૦ વર્ષની કેદની સજા સંભળાવી હતી.

દિંડોશી સેશન્સ કોર્ટે આરોપી રેણુ ગણેશ મિશ્રાને સાત વર્ષની જેલ અને એક હજાર રૂપિયાનો દંડ, જ્યારે આરોપી વિનય ફત્તેબહાદુર પાઠકને ૧૦ વર્ષની જેલ અને ૨૦ હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો હતો.

ચકાલામાં એસઆરએની બિલ્ડિંગના ફ્લૅટમાં મહિલા રેણુ મિશ્રા સગીર છોકરીઓ પાસે દેહવેપાર કરાવતી હોવાની માહિતીને આધારે એમઆઈડીસી પોલીસે ૩૦ મે, ૨૦૨૩ના રોજ કાર્યવાહી કરી હતી. તપાસ દરમિયાન આરોપી વિનય પાઠકે સગીરા સાથે શરીરસંબંધ બાંધ્યો હોવાનું જણાયું હતું. પરિણામે પોલીસે સગીરાઓને છોડાવી આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. ધરપકડ બાદ આરોપી પાઠકને જામીન પર છોડવામાં આવ્યો હતો, જ્યારે ખટલો ચાલ્યો ત્યાં સુધી મહિલા અદાલતી કસ્ટડીમાં હતી.

# પાર્કિંગ ચાર્જના વિવાદમાં પ્રોડ્યુસર અશોક હાંડે પર કરાયો હુમલો

મુંબઈઃ માટુંગા વિસ્તારમાં મરાઠી થિયેટરના પ્રોડ્યુસર અશોક હાંડે પર હુમલો કરવા તેમ જ તેની ઓફિસમાં તોડફોડ કરવા બદલ એક વ્યક્તિ વિરુદ્ધ ગુનો દાખલ કરાયો હતો.

માહિમ પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે માટુંગા પશ્ચિમમાં ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલી અશોક હાંડેની ઓફિસમાં ૧ માર્ચે આ ઘટના બની હતી.

આ જ વિસ્તારમાં રહેનારો પ્રથમેશ પાંડુરંગ ઉનફોડે ઉર્ફે બંટી (૫૩) બેટ લઇને ઓફિસમાં આવ્યો હતો અને તેણે પ્રથમ ઓફિસનો કાચ તોડી નાખ્યો હતો. દરમિયાન અશોક હાંડે પોતાની કેબિનમાંથી બહાર આવ્યો ત્યારે પ્રથમેશે હાંડે દ્વારા નિર્મિત સાંસ્કૃતિ સ્ટેજ શૉ 'મરાઠી બાણા' માટે વપરાતાં વાહનોના પાર્કિંગ ચાર્જની માગણી કરી હતી. હાંડેએ કહ્યું હતું કે પ્રથમેશને એ વિસ્તાર સાથે કોઇ લેવાદેવા નથી, જ્યાં વાહનો પાર્ક કરાયાં હતાં. હાંડેએ પૈસા ચૂકવવાનો ઇનકાર કર્યા બાદ પ્રથમેશે તેને કથિત ગાળો ભાંડી હતી અને બેટથી તેના પર હુમલો કર્યો હતો. (પીટીઆઇ)

# કામદારોની સલામતી માટે નવા 'શ્રમ કાયદા' હેઠળ કંપનીઓ બંધ કરવાની સત્તા

મુંબઈઃ નાગપુર જિલ્લાના કાટોલ તાલુકાના રાઉલગાંવમાં વિસ્ફોટકો બનાવતી ફેક્ટરી એસબીએલ એનર્જી લિમિટેડમાં થયેલા અકસ્માતને પગલે રાજ્ય સરકારે આ કંપનીને બંધ કરી દીધી છે. આ કેસમાં માલિક સહિત ૨૧ લોકો સામે કેસ નોંધવામાં આવ્યા છે. વિધાનસભામાં આ બાબતે રજૂ કરવામાં આવેલી સૂચનાનો જવાબ આપતા શ્રમ પ્રધાન આકાશ ફુંડકરે જણાવ્યું હતું કે, હવેથી માત્ર નોટિસ આપીને અટકી જવાને બદલે, જો સુરક્ષામાં ખામી જણાશે તો નવા શ્રમ કાયદા હેઠળ કંપનીને સીધી બંધ કરી દેવાની સત્તા પ્રાપ્ત થશે. આ સાથે જ તેમણે એ પણ સ્પષ્ટ કર્યું હતું કે, આ પ્રકરણમાં શ્રમ વિભાગના અધિકારીઓની પણ પૂછપરછ કરવામાં આવશે.

નાગપુર જિલ્લાના કાટોલ તાલુકાના રાઉલગાંવમાં વિસ્ફોટકો બનાવતી કંપનીમાં થયેલા વિસ્ફોટમાં ૧૮ કામદારોના મોત થયા હતા. આ બાબતે ધારાસભ્ય અતુલ ભાતખળકર દ્વારા વિધાનસભામાં લક્ષવેધક સૂચના રજૂ કરવામાં આવી હતી. શ્રમ પ્રધાન આકાશ ફુંડકરે જણાવ્યું હતું કે ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને તપાસ ચાલી રહી છે. જો દોષિત ઠરશે તો તેમની સામે કલમ ૩૦૨ હેઠળ કેસ નોંધવામાં આવશે. આ કેસમાં દોષિતોને બક્ષવામાં આવશે નહીં.

રાજ્યપ્રધાન એડવોકેટ આશિષ જયસ્વાલે જણાવ્યું હતું કે આ બાબતની ગંભીરતાને ઓળખીને, મહેસૂલ પ્રધાને કેન્દ્રીય વિભાગ ' પેસો ' પેટ્રોલિયમ અને વિસ્ફોટક સલામતી સંગઠન સાથે ચર્ચા કરી છે.

નવમા પાનાનું ચાલુ

## ડ્રાઈવર-કંડક્ટર

શરૂ થવા પહેલા આલ્કોહોલ ટેસ્ટ મશીનોનો ઉપયોગ કરીને બ્રેથલાઇઝર ટેસ્ટ કરાવવા પડશે. ડેપો અધિકારીઓને આ પરીક્ષણોનો યોગ્ય રેકોર્ડ જાળવવા અને ખાતરી કરવા માટે સૂચના આપવામાં આવી છે કે પરીક્ષણમાં શરાબ ન લીધું હોવાનું સિદ્ધ થાય તેમને જ બસ ચલાવવાની મંજૂરી આપવામાં આવે.'

૨૫ જાન્યુઆરીએ મુંબઈના પરેલ બસ સ્ટેન્ડ પર સરનાઈક દ્વારા કરવામાં આવેલ ઓચિંતા નિરીક્ષણ બાદ આ નિર્ણય લેવામાં આવ્યો હતો. પરીક્ષણમાં ડ્રાઇવરો અને કંડક્ટરો દ્વારા ઉપયોગમાં લેવાતા રેસ્ટ રૂમમાંથી ઘણી દારૂની બોટલો મળી આવી હતી. કેટલાક કર્મચારીઓ નશામાં હોવાનું પણ જાણવા મળ્યું હતું એમ પરિપત્રમાં જણાવાયું છે. ત્યારબાદ એમએસઆરટીસી વહીવટીતંત્ર દ્વારા નિયુક્ત ત્રણ સભ્યોની સમિતિએ વિગતવાર તપાસ હાથ ધરી અહેવાલ સરનાઈકને સુપરત કર્યો હતો. (પીટીઆઈ)

## સંખ્યાબળનો

હતો અને પવાર જેવા વરિષ્ઠ નેતાના મેદાનમાં આવવાથી આ બેઠક પર ચૂંટણી લડવી મુશ્કેલ બની ગઈ. જો રાજકીય ગણિત કામ કરી ગયું હોત અને પવાર ચૂંટણી ન લડ્યા હોત તો સેના (યુબીટી) ૧૦૦ ટકા બેઠક લડી હોત અને ચતુર્વેદીને બીજી તક આપી હોત.

મહારાષ્ટ્રમાંથી રાજ્યસભાની સાત બેઠક આવતા મહિને ખાલી થઈ રહી છે. મહારાષ્ટ્રમાંથી એકમાત્ર રાજ્યસભા બેઠક માટે ઉમેદવાર માટે બુધવારે કૉંગ્રેસે વિપક્ષી જૂથ તરીકે શરદ પવારને ટેકો જાહેર કર્યો હતો. આ નિર્ણયથી મહા વિકાસ આઘાડીના ઉમેદવાર અંગેની અટકળોનો અંત આવ્યો કારણ કે ત્રણેય સાથી પક્ષો કૉંગ્રેસ, એનસીપી (એસપી) અને શિવસેના (યુબીટી) એ બેઠક પર દાવો કર્યો હતો.

શાસક ભાજપે દ્વિવાર્ષિક ચૂંટણી માટે ચાર ઉમેદવારો ઊભા રાખ્યા છે જેમાં મહાસચિવ વિનોદ તાવડે અને કેન્દ્રીય પ્રધાન રામદાસ આઠવલેનો સમાવેશ થાય છે.આ બેઠકો માટે ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તારીખ પાંચ માર્ચ છે. (પીટીઆઈ)

## ટૂંક સમયમાં

પરદેશીની અધ્યક્ષતામાં એક ઉચ્ચ સ્તરીય સમિતિની નિમણૂક કરી છે. આ સમિતિ હાલમાં નીચેની બાબતોનો વિગતવાર અભ્યાસ કરી રહી છે. રાજ્યમાં દેવામાં ડૂબેલા ખેડૂતોની ચોક્કસ સંખ્યા, લોનનું સ્વરૂપ અને બેંકોની સંડોવણી અને તેના કારણે સરકારી તિજોરી પર પડતો નાણાકીય બોજ આ સમિતિ દ્વારા હાલમાં અભ્યાસ કરવામાં આવી રહ્યો છે. આ સમિતિનો અહેવાલ એપ્રિલના પ્રથમ અઠવાડિયામાં રજૂ કરવામાં આવશે. ત્યારબાદ, મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને નાયબ મુખ્ય પ્રધાન સુનેત્રા પવારના માર્ગદર્શન હેઠળ ૩૦ જૂન પહેલા અંતિમ જાહેરાત કરવામાં આવશે. ફક્ત લોન માફી સુધી જ નહીં, સરકાર ખેતીને ટકાઉ બનાવવા માટે 'માય એગ્રી' નામની આધુનિક નીતિ લાગુ કરશે. આ દ્વારા ખેડૂતોને હવામાન અને જીવાતો અને રોગોની આગોતરી ચેતવણી આપવામાં આવશે. સિંચાઈ અને ખાતર વ્યવસ્થાપન ડ્રોન, રોબોટિક્સ અને જનરેટિવ દ્વારા કરવામાં આવશે. ઉપરાંત, રાજ્યની ચારેય કૃષિ યુનિવર્સિટીઓમાં એઆઇ સંશોધન અને ઇન્ક્યુબેશન કેન્દ્રો સ્થાપિત કરવામાં આવશે, એમ દત્તાત્રય ભરણેએ જણાવ્યું હતું.

## મહારાષ્ટ્રમાં

પ્રધાન પ્રતાપ સરનાઈકે ઈ-ચલાન અને અન્ય મુદ્દે લેખિતમાં આશ્વાસન આપવાની સાથે જ નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ તેમની સાથે વિડિયો કોલ પર ચર્ચા કરીને સમસ્યાનો ઉકેલ લાવવાનું આશ્વાસન આપ્યું હતું. આવતા અઠવાડિયે કદાચ મિટીંગ થશે એ બાદ ભવિષ્યમાં હડતાલ કરવા બાબતે નિર્ણય લેવામાં આવશે.

ગુરુવાર મધરાતથી ટ્રાન્સપોર્ટરો રાજ્યવ્યાપી હડતાલ પર ઉતરી જવાના હતા, જો કે પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઈકે મહારાષ્ટ્ર ટ્રાન્સપોર્ટ એક્શન કમિટીને પત્ર લખીને જણાવ્યું હતું કે પ્રશાસન હાલ બજેટ સેશન્સમાં વ્યસ્ત છે. છતાં ટ્રાન્સપોર્ટરોની સમસ્યાનો ઉકેલ લાવવા માટે પ્રશાસન સકારાત્મક વલણ ધરાવે છે. હાલ સ્કૂલમાં પરીક્ષા ચાલી રહી છે એવા સમયે ખાનગી બસચાલકો હડતાલ પર ઉતરી જાય તો વિદ્યાર્થીઓને તકલીફ થઈ શકે છે. તેમ જ ઈરાન અને ઈઝરાયેલ તથા અમેરિકા વચ્ચે ચાલી રહેલા યુદ્ધને કારણે આયાત-નિકાસને ફટકો પડયો છે તેમાં જો રાજ્યમાં ટ્રાન્સપોર્ટરો હડતાલ પર ઊતરી જશે તો નાગરિકોને વધુ હાલાકીનો સામનો કરવો પડી શકે છે.

## ન રાજ્યપાલ કે

અત્યાર સુધી આપવામાં આવેલા વચનોની યાદી પણ વાંચી સંભળાવી અને પોતાની નારાજગી વ્યક્ત કરી.

શિવસેનાના નેતા આનંદરાવ અડસુલે ભાજપની આકરી ટીકા કરી છે. તેમણે પોતાની પાર્ટી પ્રત્યે પણ નારાજગી વ્યક્ત કરી છે. અસંતોષ બધે હોય છે. જ્યારે કોઈ વસ્તુ અપેક્ષા મુજબ ન મળે ત્યારે અસંતોષ ઉત્પન્ન થવાનો જ છે. હું પક્ષનો એક જવાબદાર નેતા છું. તેથી આ અંગે વધુ કંઈ નહીં કહું ,એમ કહેતા તેમણે ઘણું બધું કહ્યું. તેમણે એમ પણ કહ્યું કે જ્યોતિ વાઘમારેને નોમિનેટ કરવામાં આવ્યા તે અંગે તેઓ કોઈ ટિપ્પણી નહીં કરે. આ પાર્ટી નેતૃત્વનો નિર્ણય હતો. જોકે, તેમણે એમ પણ કહ્યું કે તેઓ આ પદ માટે ઇચ્છુક છે. લોકસભા ચૂંટણી વખતે, ભાજપે અમને રાજ્યપાલ પદનું વચન આપ્યું હતું. અમિત શાહે લેખિતમાં ખાતરી પણ આપી હતી. પરંતુ તે વચન પાળવામાં આવ્યું નથી. અડસુલે કહ્યું કે ભાજપે તેમને રાજ્યપાલ પદ નહીં તો આખરે તેમના ક્વોટામાંથી રાજ્યસભાની ઉમેદવારી આપવી જોઈતી હતી. અમે એકનાથ શિંદે સાથે આ વિશે વારંવાર વાત કરી હતી. તેઓ આ બધી બાબતોના સાક્ષી છે. છતાં તેનું પાલન થયું નથી,તેમણે પોતાનો ગુસ્સો વ્યક્ત કરતા કહ્યું. શિવસેનામાં ઘણાને રાજ્યસભામાં રસ હતો. તેમાંથી ગજાનન કીર્તિકર અને રાહુલ શેવાળેના નામની ચર્ચા થઈ રહી હતી. અનંતરાવ અડસુલ રાજ્યસભામાં જવાની તૈયારી કરી રહ્યા હતા. પરંતુ તેમાંથી એકને પણ આ તક મળી નહીં. જ્યોતિ વાઘમારેને શિવસેનાના ઉમેદવાર બનાવવામાં આવ્યા. જેના કારણે અડસુલે નારાજ છે. તેમણે કહ્યું કે દરેક વ્યક્તિની વિચારવાની રીત અલગ હોય છે. તેઓ પોતાની નારાજગી વ્યક્ત કરીને પાર્ટીને બદનામ કરશે નહીં. આ પ્રસંગે શિવસેનામાં આંતરિક કલહ ફરી એકવાર સપાટી પર આવ્યો છે.

## સીઆઇડીએ

બારામતી તાલુકા પોલીસ સ્ટેશનમાં આકસ્મિક મૃત્યુનો કેસ નોંધવામાં આવ્યો હતો, અને બાદમાં કેસ પુણે સીઆઈડીને ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો. અગાઉ, રાજ્ય એજન્સીએ કહ્યું હતું કે તેનું ધ્યાન તોડફોડ અથવા ગુનાહિત બેદરકારી બારામતી દુર્ઘટનાનું કારણ છે કે નહીં એ શોધવા પર રહેશે.

હવાઈ દુર્ઘટના પરના તેના ૨૨ પાનાના પ્રારંભિક અહેવાલમાં, એએઆઈબી એ જણાવ્યું હતું કે દુર્ઘટના સમયે દશ્યતા ઓછી હતી. તેણે રનવે પર ઝાંખા પડી ગયેલાં ચિન્હો અને રનવે પર છૂટક કાંકરી હોવાનું પણ કહ્યું હતું.

## મહારાષ્ટ્રનું અર્થતંત્ર

નોમિનલ જીડીપીમાં મહારાષ્ટ્રનો હિસ્સો સૌથી વધુ ૧૪ ટકા છે. ત્યારબાદ તમિળનાડુ (૯.૪ ટકા) અને ઉત્તર પ્રદેશ (૯.૦ટકા) આવે છે એમ જણાવાયું છે.

ટોચના દસ રાજ્ય અર્થતંત્રોમાં, તમિળનાડુની નોમિનલ જીએસડીપી આશરે રૂ. ૩૧.૧૮ લાખ કરોડ છે, ત્યારબાદ ઉત્તર પ્રદેશ (રૂ. ૨૯.૭૮ લાખ કરોડ), કર્ણાટક (રૂ. ૨૮.૮૩ લાખ કરોડ) અને ગુજરાત (રૂ. ૨૭.૦૩ લાખ કરોડ) આવે છે. ટોચના દસ રાજ્યોમાં પશ્ચિમ બંગાળ (રૂ. ૧૮.૧૫ લાખ કરોડ), રાજસ્થાન (રૂ. ૧૭.૦૪ લાખ કરોડ), તેલંગાણા (રૂ. ૧૬.૪૦ લાખ કરોડ), આંધ્ર પ્રદેશ (રૂ. ૧૫.૯૩ લાખ કરોડ) અને મધ્ય પ્રદેશ (રૂ. ૧૫.૦૩ લાખ કરોડ)નો સમાવેશ થાય છે. (પીટીઆઈ)

## ભારતના ચાર

સૌથી ઝડપથી વિકાસ પામતા કર્ણાટકમાં, આ જ સમયગાળા દરમિયાન જીએસડીપીમાં લગભગ ૬૫ ટકાનો વધારો થયો છે. કર્ણાટકનો જીએસડીપી ૨૦૨૧-૨૨ માં રૂ. ૧૭,૦૨,૨૨૭ કરોડથી વધીને ૨૦૨૪-૨૫ માં રૂ. ૨૮,૦૯,૦૬૩ કરોડ થયો , જે તેના કુલ રાજ્ય સ્થાનિક ઉત્પાદનમાં તીવ્ર વધારો દર્શાવે છે. દક્ષિણના રાજ્યમાં બેંગલુરુ સ્થિત ટેકનોલોજી અને સેવા ક્ષેત્રો, આ વિસ્તરણના મુખ્ય પ્રેરક પરિબળો રહ્યાં છે.

ગુજરાતે લગભગ ૪૮ ટકાની વૃદ્ધિ સાથે બીજા ક્રમે સૌથી ઝડપી વૃદ્ધિ નોંધાવી. તેનો જીએસડીપી ૨૦૨૧-૨૨માં રૂ. ૧૮,૭૯,૮૨૬ કરોડથી વધીને ૨૦૨૪-૨૫માં રૂ. ૨૭,૯૦,૦૦૦ કરોડ થયો, જે મજબૂત ઔદ્યોગિક અને ઉત્પાદનના કારણે સંભવ થયું.

તમિળનાડુ લગભગ ૪૭ ટકાના વિકાસ સાથે ત્યારબાદ આવે છે. તેનો જીએસડીપી ૨૦૨૧-૨૨ માં રૂ. ૨૧,૩૬,૩૫૧ કરોડથી વધીને ૨૦૨૪-૨૫ માં રૂ. ૩૧,૫૫,૦૯૬ કરોડ થયો.

દરમિયાન, મહારાષ્ટ્રનો જીએસડીપી ૨૦૨૧-૨૨ માં રૂ. ૨૯,૮૧,૦૨૪ કરોડથી વધીને ૨૦૨૪-૨૫ માં રૂ. ૪૨,૬૭,૭૭૧ કરોડ થયો. એકંદરે આશરે રૂ. ૧૨.૮૬ લાખ કરોડનો ઉમેરો છતાં, ચાર રાજ્યોમાં, તેની ટકાવારી વૃદ્ધિ સૌથી ઓછી રહી.

મહારાષ્ટ્રની આર્થિક પ્રગતિ તેના સમકક્ષ રાજ્યો કરતાં નોંધપાત્ર છે. તેનો અંદાજિત ૨૦૨૪-૨૫નો જીએસડીપી તમિળનાડુ કરતાં રૂ. ૧૧ લાખ કરોડથી વધુ, ગુજરાત કરતાં રૂ. ૧૪ લાખ કરોડથી વધુ અને કર્ણાટક કરતાં રૂ. ૧૫ લાખ કરોડથી વધુ છે.

ચાર મોટાં રાજ્યો - મહારાષ્ટ્ર, તમિળનાડુ, કર્ણાટક અને ગુજરાત ને ભારતના આર્થિક વિકાસના મુખ્ય એન્જિન તરીકે વ્યાપકપણે ગણવામાં આવે છે.

## પહેલીવાર

પક્ષોનો આભાર માન્યો હતો. દરમિયાન, બીજી તરફ, પાર્થ પવાર પહેલીવાર રાજ્યસભામાં જઈ રહ્યા છે, જેના પર પ્રતિક્રિયા આપતાં, સુપ્રિયા સુલેએ કહ્યું કે, 'આદરણીય પવાર સાહેબે મને એક વાત કહી હતી, જે હું રાજ્યસભામાં જનારા અથવા ચૂંટાઈને આવતા દરેક વ્યક્તિને કહેતી હોઉં છું. રાજ્યસભા અને લોકસભામાં કાન ખુલ્લા રાખવા અને ઓછું બોલવું. જ્યારે બોલવાની તક મળે, ત્યારે પૂરા અભ્યાસ સાથે જ બોલવું. કારણ કે ત્યાં જે લોકો બેઠા છે, તેઓ આપણા કરતાં વધુ જાણકાર છે અને આખો દેશ આપણી તરફ જોઈ રહ્યો હોય છે. તેથી, આ અત્યંત જવાબદારીભર્યું કામ છે, સુપ્રિયા સુલેએ કહ્યું.

આગળ બોલતા તેમણે કહ્યું કે, ''જ્યારે હું લોકસભાની ચૂંટણી જીતી ત્યારે હું પ્રથમ વખત સંસદમાં પહોંચી હતી. ત્યારે જૂની પાર્લામેન્ટની બિલ્ડિંગ હતી. ત્યાં એક સીડી છે. મને આજે પણ એ દિવસ યાદ છે, ત્યારે પવાર સાહેબે મને કહ્યું હતું કે, 'આ તું જે સીડી ચઢી રહી છે ને, તેની તક તને ફક્ત અને ફક્ત બારામતી મતવિસ્તારને કારણે જ મળી છે, તેથી આ વાતનું હંમેશાં ભાન રાખજે.' આ ભાવના પ્રત્યે વફાદાર રહેવાની સલાહ મને તે સમયે પવાર સાહેબે આપી હતી. તેથી એક ફઇ તરીકે અથવા એક સહકારી તરીકે જો મને કોઈ પૂછશે, તો હું આ જ સલાહ આપીશ,'' એવું સુપ્રિયા સુલેએ જણાવ્યું હતું.

## મહારાષ્ટ્રનું

ઉત્પાદનને ફાયદો થયો હતો. અહેવાલમાં કૃષિ સંબંધિત પ્રવૃત્તિઓમાં વૃદ્ધિ પર પણ પ્રકાશ પાડવામાં આવ્યો હતો, જેમાં નોંધવામાં આવ્યું હતું કે રાજ્ય ૬.૭ ટકા હિસ્સા સાથે દૂધ ઉત્પાદનમાં દેશમાં પાંચમા ક્રમે છે. માંસ ઉત્પાદનમાં રાજ્ય ૧૧.૬ ટકા હિસ્સા સાથે ત્રીજા ક્રમે અને ઇંડા ઉત્પાદનમાં ૫.૫ ટકા હિસ્સા સાથે દેશમાં સાતમા ક્રમે છે.

૨૦૨૫-૨૬ ની ખરીફ (જૂન થી ઓક્ટોબર) સીઝન દરમિયાન, અનાજ, શેરડી અને કપાસના ઉત્પાદનમાં અનુક્રમે ૧૦.૬ ટકા, ૨૨ટકા અને ૭ ટકાનો વધારો થવાની ધારણા છે. કઠોળ અને તેલીબિયાંના ઉત્પાદનમાં ગયા વર્ષની સરખામણીમાં અનુક્રમે ૨૮.૨ ટકા અને ૪૭.૪ ટકાનો ઘટાડો થવાની ધારણા છે. ૨૦૨૫-૨૬ ની રવિ (ઓક્ટોબરથી એપ્રિલ) સીઝન દરમિયાન, અનાજ અને કઠોળના ઉત્પાદનમાં અનુક્રમે ૨૮.૩ ટકા અને ૨૯.૭ ટકાનો વધારો થવાની ધારણા છે, જ્યારે તેલીબિયાંના ઉત્પાદનમાં પાછલા વર્ષ કરતાં ૧૬.૨ ટકાનો ઘટાડો થવાની ધારણા છે. અહેવાલમાં જણાવાયું છે કે ૨૦૨૪-૨૫ દરમિયાન, સિંચાઈ ક્ષમતાનો ઉપયોગ ૫૦.૫૫ લાખ હેક્ટર હતો. મહારાષ્ટ્રનું વૈવિધ્યસભર અર્થતંત્ર - સેવાઓ, ઉદ્યોગ, કૃષિ, માળખાગત સુવિધાઓ પર નિર્ભર છે અને સમર્થિત વૈશ્વિક અને સ્થાનિક પડકારો છતાં સ્થિર વૃદ્ધિ દર્શાવે છે.

સર્વેમાં એ પણ નોંધવામાં આવ્યું છે કે ૨૦૨૪-૨૫માં ભારતના નોમિનલ જીડીપીમાં મહારાષ્ટ્રનો હિસ્સો સૌથી વધુ ૧૪ ટકા હતો, જે રાષ્ટ્રીય અર્થતંત્રમાં રાજ્યના નોંધપાત્ર યોગદાનને દર્શાવે છે.

# હિન્દુ મરણ

મુકેશજી ખંડેલવાલ તા. ૦૩ માર્ચ ૨૦૨૬ના સ્વર્ગવાસ થયેલ છે. તેઓનું ઉઠમણું તા. ૦૬ માર્ચ ૨૦૨૬, સાંજે ૫.૦૦થી ૬.૦૦ વાગ્યા સુધી રાખેલ છે. સ્થળ - દેશસ્થ રુગ્વેદી બ્રાહ્મણ સંઘ હોલ, ૨, હનુમાન રોડ, વિષ્ણુ પ્રસાદ સોસાયટી, વિલે પાર્લા ઈસ્ટ. પુનિત, કપિલ (પુત્ર) ,દિનેશ, નંદગોપાલ, ( ભાઈ) ,જતિન, શુભ, કુણાલ(ભતીજે)

**મેઘવાળ**

ગામ ક્રાંકચ હાલ મહાલક્ષ્મી મુંબઇ ગં. સ્વ. નંદુબાઇ, સ્વ. અર્જુનભાઇ હેલિયાના પુત્ર સ્વ. વિનોદ (પપ્પુ) (ઉં. વ. ૪૮) તા. ૧-૩-૨૬ રવિવારના રામચરણ પામ્યા છે. તે સ્વ. પ્રેમજીભાઇ રાઘવ બોરીચાના જમાઇ. જસવંતીબેન (જયોતી)ના પતિ. તે કુ. જયના પિતાશ્રી. મીનાબેન, ગં. સ્વ. મંજુલા, મધુબેનના ભાઇ. સ્વ. રમેશ ગુજરીયા, જયંતી બારીયા, હિંમત મારુના સાળા. બારમું (કારજ) તા. ૭-૩-૨૬ શનિવારના સાંજે ૫.૦૦ કલાકે. ઠે. મહાલક્ષ્મી નવરંગ કો.હા.સો. એ/૨, રૂમ. નં.૧૧૪, એસ. કે. રાઠોડ માર્ગ, મહાલક્ષ્મી, મુંબઇ-૪૦૦૦૩૪.

**પરજીયા સોની**

મૂળ ગારિયાધાર (હાલ મીરારોડ) મુકેશભાઇ ચીમનભાઇ ઢાકા (ઉં.વ. ૭૧) તા. ૨૮-૨-૨૬ને શનિવારે શ્રીજીચરણ પામેલ છે. તે દક્ષાબહેનના પતિ. ધ્રુવના પિતા. પ્રવીણભાઇ, અશોકભાઇ તથા ગીતાબહેન નયનકુમાર દવેના ભાઇ. ચૈતન્ય તથા માનસી ધર્મેશ ધાનકના કાકા. ડિમ્પલના સસરા. તળાજાવાળા અનંતરાય મગનલાલ ચલ્લાના જમાઇ. સદગતનું બેસણું તથા લૌકિક ક્રિયા રાખેલ નથી. ટેલિફોનિક બેસણું આજ રોજ તા. ૬-૩-૨૬ના સાંજે ૪થી ૫.

**સિ. સં. ઔ. અ. બ્રાહ્મણ**

દિહોર હાલ કાંદિવલી સ્વ. ચંદ્રકાન્ત દૌલતરાય દવેના પત્ની ગં. સ્વ. ઇન્દુમતી ચંદ્રકાંત દવે (ઉં. વ. ૮૬) તા. ૫-૩-૨૬ના ગુરુવારે સ્વર્ગવાસ થયેલ છે. તે શૈલેષભાઇ, સાધનાબેન અને મયંકભાઇના માતા. ભાવનાબેન, આરતીબેન અને અસીતકુમારના સાસુ. જયદીપ, કાંચી, જેનીલ અને દિયાના દાદી. ધવલ અને જાનવીના નાની. સ્વ. રંભાબેન રવિશંકર ભટ્ટની દીકરી. પ્રાર્થનાસભા શનિવાર, તા.૭-૩-૨૬ના સાંજે ૪થી ૬. ઠે. એ-૧, કો.ઓ. સોસાયટી, ૧૦૯/૧૧૦, સી વિંગ, શિવાજી રોડ, સંતોષી મંદિરની સામે, કાંદિવલી (પશ્ચિમ).

**કચ્છી ભાટીયા**

કાંદિવલી મુંબઇ નિવાસી તુલસીદાસ પ્રેમજી આશર (ઉં. વ. ૮૬) તે સ્વ. પ્રેમકુંવરબાઇ પ્રેમજી બેરાઇના પુત્ર. સ્વ. દામોદરદાસ જમનાદાસના ભત્રીજા. તે સ્વ. તારામતી તુલસીદાસ આશરના પતિ. તે સ્વ. ગોકલદાસ મથુરાદાસ વેદ કોલ્હાપુરના જમાઇ. તે મનીષ, નીના અને ભાવેશ જેશરાનીના પિતાશ્રી. તે સ્વ. હરિદાસભાઇ, વસંતબેન (બિંદુબેન) અને ગોકલદાસના ભાઇ. મંગળવાર, તા. ૩-૩-૨૬ના કાંદિવલી મુકામે શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા શનિવાર, તા. ૭-૩-૨૬ના સાંજે ૫થી ૬.૩૦ ઠે. હાલાઇ લોહાણા બાલાશ્રમ બેન્કવેટ હોલ, મથુરાદાસ એક્ટેન્શન રોડ, અતુલ ટાવર પાસે, કાંદિવલી (વેસ્ટ).

**હાલાઇ લોહાણા**

મુંબઈ જોગેશ્વરી નિવાસી, સ્વ. જમનાદાસ નથુભાઈ ઠક્કરના પુત્ર ભરતભાઈ (ઉં. વ. ૭૬) તે તારાબેનના પતિ. કૃપા જીગર પટેલના પિતા. લક્ષ્મીકાંતભાઈ, સ્વ. રસિકભાઈ, સ્વ. જશુબેન તથા હેમલતાબેનના ભાઈ. સ્વ. સુરેશભાઈ તથા રાજેશ ધરમશી ગાંધીના બનેવી. ૫/૩/૨૬ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ઠે. બી ૨૦૨, ગોકુલ એપાર્ટમેન્ટ, આંબોલી પેટ્રોલ પંપ પાછળ જોગેશ્વરી વેસ્ટ.

**દેસાઈ સઇ સુતાર જ્ઞાતિ**

દકાના નિવાસી હાલ બોરીવલી, વિઠ્ઠલભાઈ નાનજીભાઈ રાઠોડના ધર્મપત્ની કમળાબેન (ઉં. વ. ૬૯) ૧/૩/૨૬ના રામચરણ પામેલ છે. તે હર્ષદભાઈ, સ્વ. અમિતભાઇ, વીણાબેન, સોનલબેનના માતુશ્રી. કમલેશકુમાર, પ્રકાશકુમાર, સોનલબેનના સાસુ. મનહરભાઈ તથા શારદાબેનના ભાભી. તળાજા નિવાસી સ્વ. દલપતભાઈ ગિરધરભાઈ ગોહિલના બહેન. બંને પક્ષની પ્રાર્થનાસભા ૬/૩/૨૬ના ૪ થી ૬. દેસાઈ સઇસુતાર જ્ઞાતિવાડી, અશોક ચક્રવર્તી રોડ, સ્વયંભુ ગણપતિ મંદિર સામે, કાંદિવલી ઈસ્ટ.

**લુહાર સુતાર**

જાફરાબાદ નિવાસી હાલ મીરારોડ, સૌ. કુંદનબેન પ્રવિણચંદ્ર મકવાણા (ઉં. વ. ૬૮) ૪/૩/૨૬ના અક્ષરનિવાસી થયેલ છે. તે જીજ્ઞા તથા સમીરના માતુશ્રી. પાયલના સાસુ. સ્વ. પ્રભુદાસભાઈ, સ્વ. રમેશભાઈ, નારણદાસ, વસંતભાઈ, સ્વ. દિનેશભાઇ, લવજીભાઈના ભાઈના પત્ની. સ્વ. શારદાબેન, સ્વ. પ્રભાબેન, સુભદ્રાબેન, સ્વ. જ્યોતિબેન, સ્વ. નીતિક્ષાબેન, સ્વ. છાયાબેનના ભાભી. રાજુલાવાળા સુરેશભાઈ, કિશોરભાઈ, વનમાળીભાઈ, કંચનબેન નાથાલાલના બહેન. તેમની પ્રાર્થનાસભા ૬/૩/૨૬ના રોજ ૫ થી ૭. લુહાર સુથાર વેલ્ફેર સેન્ટર, કાર્ટર રોડ ૩,અંબા માતા મંદિર પાસે, બોરીવલી ઈસ્ટ.

**કપોળ**

કરિયાણાવાળા હાલ મુંબઈ, સ્વ. જ્યોતિબેન મનસુખભાઈ જયંતિલાલ મેહતાના પુત્ર મુકેશભાઈ (ઉં. વ. ૬૦) તા. ૦૩/૦૩/૨૬ મંગળવારેના શ્રીચરણ પામ્યા છે. તે હેતલના પતિ. તે ભુમિના પિતા. અભિષેક શાહના સસરા. પરેશ તથા જાગૃતિ જતીન વાલિયાના ભાઈ. રાજકોટવાળા ચંદ્રકાંતભાઈ કક્કડના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૦૫/૦૩/૨૦૨૬ને ગુરૂવાર સમય ૫ થી ૭. મહાવીર બેક્વેટ, પંચશીલ હાઇટ, પિઝા હાર્ટની સામે, મહાવીરનગર, કાંદીવલી વેસ્ટ.

**કપોળ**

ભાવનગરવાળા, રવીન્દ્રભાઈ ઠાકોરદાસ સંઘવીની ધર્મપત્ની ભાવનાબેન (ઉં. વ. ૯૨) તે સ્વ. મયુરભાઈ, અમરભાઈના માતુશ્રી. દેવયાની, રૂપાના સાસુ. મોસાળપક્ષે સ્વ પ્રતાપરાય નાગરદાસ કરવત અને સ્વ અનસુયાબેન નાગરદાસ મહેતાના બેન. દિશા કુણાલ પારેખ, રાજ, કરણ, આકાશ અને જશના દાદી. સ્વ. જીતુભાઈ, રમેશભાઈ, સ્વ. કિરીટભાઈ, સ્વ. મનોરમાબેન, દેવિકાબેનના ભાભી. તા. ૦૪/૦૩/૨૬ને બુધવાર રોજ માતાજીશરણ પામેલ છે. લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી લોહાણા**

ભુપેન્દ્ર પ્રાગજી (શંભુલાલ) અનમ (ઉં. વ. ૭૨) ગામ કચ્છ નલિયા. હાલે કોપરખૈરને નવીમુંબઈ, તા. ૩.૩.૨૬ મંગળવારના શ્રીરામશરણ પામ્યા છે. તે ગં.સ્વ. મટુબેન પ્રાગજી અનમના સુપુત્ર. તુલસીદાસ ધનજી દાવડાના જમાઈ. મીનાબેનના પતિ. શ્રીકાંત તથા વિશાલના પિતાશ્રી. દીપા અને બંસરીના સસરાજી. દેવેન્દ્ર, શૈલેષ, દિનેશ. જયશ્રીબેન જયંતીલાલ સચદે, હેમાં સંજયભાઈ ઠક્કર, કલ્પના જયેશ બારુના ભાઈ. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૬.૩.૨૬ શુક્રવારે સાંજે ૫.૩૦ થી ૭. સ્થળઃ- ગોપુરમ હોલ. રાજેન્દ્ર પ્રસાદ રોડ, જ્ઞાનસરિતા સ્કૂલ ની બાજુમાં, મુલુન્ડ વેસ્ટ. લૌકિક વહેવાર બંધ છે. બૈરાઓએ એ જ દિવસ આવી જવું.

**લોહાણા**

શારદાબેન બાબુલાલ કારીયા તે બાબુલાલ જેઠાલાલ કારીયાના પત્ની. દિનેશભાઇ, રાજેશભાઈ, જયેશભાઇ, હંસાબેન ચંદ્રકાન્તભાઈ સોઢા તથા તરલીકાબેન નરેન્દ્રકુમાર કોટકના માતુશ્રી. સ્વ. કચરાભાઇ શામજીભાઈ સૌમૈયા (ગોંડલ)ના દીકરીનું અવસાન થયેલ છે ઉઠમણું તથા પિયરપક્ષની સાદડી તા. ૬ ને શુક્રવાર ૫ થી ૬. પંચનાથ મંદિર લીમડા ચોક, રાધાકૃષ્ણ હોલ રાજકોટ.

**દશા શ્રીમાળી**

હાસોટવાળા હાલ કાંદિવલી, નલિનીબેન શેઠ (ઉં. વ. ૮૭) તા. ૪.૩.૨૬ બુધવારના શ્રીજીચરણ પામેલ છે. નિકિતા સિદ્ધેશ શેઠ, પાયલ રવિ ગુપ્તા તથા નીવાન્ત અને નિર્મિતના દાદીફઈ. તેમની પ્રાર્થનાસભા તા. ૦૭.૦૩.૨૦૨૬ના રોજ શનિવાર સાંજે ૫ થી ૭. સ્થળ : હોલ નં. ૨, ઠઠાઈ ભાટિયા સેવા ફંડ, નમઃ હૉસ્પિટલની સામે, શંકરલેન, એસ વી રોડ, કાંદિવલી વેસ્ટ. લૌકિક પ્રથા બંધ છે.

**નથુ તુલસી ઔદિચ્ય બ્રાહ્મણ**

સુનિલ પ્રતાપ ઉપાધ્યાય તા. ૨૬.૦૧.૨૬ના રોજ વૈકુઠવાસી થયેલ છે, તે દર્શનાબેનના પતિ. સ્મિત હર્ષિતના પિતા. સ્વ. પ્રતાપ મણિશંકર ઉપાધ્યાય અને સ્વ. સવિતાબેનના સુપુત્ર. સ્વ. પ્રભુદાસ નારણદાસ ઠક્કર સ્વ. સુશીલાબેનના જમાઈ. મોનાલીબેન, હિતેષભાઇના બનેવી. કવચના માસા. તેમની પ્રાર્થનાસભા ૩૧.૦૧.૨૦૨૬ના શનિવાર સાંજે ૪ થી ૬. સ્થળઃ બ્રાહ્મણ સમાજ વાડી, પહેલે માળે,જોશી લેન ઘાટકોપર-ઇસ્ટ.

**કપોળ**

કરિયાણાવાળા હાલ મુંબઈ, સ્વ. જ્યોતિબેન મનસુખભાઈ જયંતિલાલ મેહતાના પુત્ર મુકેશભાઈ (ઉં.વ.૬૦) તા. ૩/૩/૨૬ મંગળવારેના શ્રીચરણ પામ્યા છે. તે હેતલના પતિ. ભુમિના પિતા. અભિષેક શાહના સસરા. પરેશ તથા જાગૃતિ જતીન વાલિયાના ભાઈ. રાજકોટવાળા ચંદ્રકાંતભાઈ કક્કડના જમાઈ.

# પારસી મરણ

ખોરશેદ ખુરશેદ દેસાઇ તે મરહુમ એરવડ ખુરશેદ એરચશાહ દેસાઇના ધણીયાની. તે બખ્તાવર કેરમાન વાડીયાના માતાજી. તે કેરમાન ધનજીશાહ વાડીયાના સાસુજી. તે યઝદ તથા ફરઝીનના મમઇજી. તે ઝીનીયા તથા ધીલાનના મમઇ સાસુજી. તે મરહુમો હોમાય તથા એરવદ બમન શાહ કકલીયાના દીકરી. (ઉં. વ. ૯૯) રે. ઠે. ૬૯૦, બીજે માળે, એન.એફ. દીનશા બિલ્ડિંગ, દીનશા માસ્તર રોડ, પારસી કોલોની, દાદર (ઇસ્ટ), મુંબઇ-૪૦૦૦૧૪. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૬-૩-૨૬ના દીને બપોરે ૩.૪૫ વાગે ઉપરની હોડીવાલા બંગલીમાં છેજી.

મની ફરેદુન કયાની તે મરહુમ ફરેદુન ગુસ્તાદ કયાનીના વિધવા તે મરહુમો બાનુબાઇ તથા ખોદારામ ઇરાનીના દીકરી. તે આદિલ એફ. કયાની ને દીનાઝ એફ. કયાનીના મમ્મી. તે બખ્તાવર ને ફરહાંગના સાસુ. તે મરહુમો ખોદાબક્ષ, બહેરામ, શેહરૂ ને પરવીનના બહેન. તે કૈયઝીન, સીમરન, મોહઝબીન ને શેરેયારના મમયજી. (ઉં. વ. ૯૨) રે. ઠે. રૂમ. નં-૭. પંદોલ બિલ્ડિંગ, ગ્રાન્ટ રોડ, મુંબઇ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયા : તા. ૭-૩-૨૬ને દિને બપોરે ૩.૪૫ મીથઇવાલા અગિયારીમાં છેજી.

# જૈન મરણ

**સ્થાનકવાસી માંગરોલ જૈન**

અરુણા હેમંત કામદારની પુત્રવધૂ શીતલ (ઉં. વ. ૪૯) બુધવાર તા. ૪-૩-૨૦૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે જીતેશના ધર્મપત્ની. શૌનકના માતુશ્રી. ઉમાબેન વિજયભાઈ કંપાણીના સુપુત્રી. સમીર કંપાણીના બહેન. સચિનના ભાભી, મેઘાના જેઠાણી. પ્રાર્થનાસભા શનિવાર ૭-૩-૨૬ બપોરે ૪ થી ૬, કનકશ્રી હોલ, એક્સીસ બેન્કની બાજુમાં, અશોકનગર, કાંદિવલી ઈસ્ટ.

**પાટણ દશા શ્રીમાળી જૈન**

મારફતીયા મહેતાનો પાડો સરલાબેન (ઉં.વ.૭૩) તે સ્વ. મણીબેન કસ્તુરચંદના પુત્રવધૂ. સ્વ. દેવેન્દ્રભાઇના પત્ની. સ્વ. કાંતાબેન મણીલાલના પુત્રી. વર્ષા-સ્વ. ભરતભાઇ, વિદ્યુત-સ્વ. વૈશાલી, દિપિકા- સ્વ. ભદ્રિકભાઇ, સ્વ. કેતન, સ્વ. મીના-આશા, પિંકી-સ્વ. ધીરેનભાઇ, શિલ્પા-અમિતભાઇના માતુશ્રી. નૈમીષ-હિનલ, નેહા-રોહિત, દિગિશા-સુજય, શ્વેતા-ગૌરાંગ, નીરવ-ચૈતાલી, અમી-તપન, મીતેન-શિલ્પા, મનન- રેખા, હિતેષી-સચીવ, વિશાલ-આશના, અંકિત-ખુશ્બુ, આયુષી-અંકિતના દાદી-નાની ગુરૂવાર, તા. ૫-૩-૨૬ના રોજ સ્વર્ગવાસ થયા છે. પ્રાર્થનાસભા તા. ૬-૩-૨૬ શુક્રવારના સાંજે ૪થી ૬. ઠે. ભારતીય વિદ્યા ભવન, કનૈયાલાલ મુનશી માર્ગ, ચોપાટી, મુંબઇ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વીશા શ્રીમાળી જૈન**

ફાલ્ગુનીબેન કમલેશભાઇ શાહનું અવસાન અમદાવાદ મુકામે સોમવારે તા. ૨-૩-૨૬ના રોજ થયેલ છે. પ્રાર્થનાસભા તા. ૬-૩-૨૬ના સાંજે ૫થી ૭. ઠે. હીરાવતી હોલ, પોદાર સ્કૂલની બાજુમાં, ટાગોર રોડ, સાંતાક્રુઝ (વેસ્ટ).

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

જેતપુર નિવાસી (ખારચીયા) હાલ વિલેપાર્લે અ. સૌ. શૈલા બિપીનચંદ્ર દોશી (ઉં. વ. ૬૯) સોમવાર, તા. ૨-૩-૨૬ના રોજ અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. લલિતાબેન હરિલાલ દોશીના પુત્રવધૂ. બિપીનચંદ્ર હરિલાલ દોશીના ધર્મપત્ની. નીરવના માતુશ્રી. રશ્મિના સાસુ. સ્મિત, ધ્રુવીકાના દાદી. તે નિકુંદબેન સુરેશચંદ્ર મહેતા, સ્વ. ભૂપેન્દ્રભાઇના ભાભી. તે પિયરપક્ષે સ્વ. લીલાવંતીબેન મનસુખલાલ શેઠની દીકરી. લૌકિક પ્રથા બંધ છે.

**સ્થાનકવાસી જૈન**

સૃષ્ટિ સંજયભાઈ ટીંબડીયા (ઉં. વ. ૨૨) તા. ૪-૩-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સંજયભાઈ (બાલીભાઈ) અને રૂપલબેનની પુત્રી. અંકિત ટીંબડીયાના બેન. અંકિતા ટીંબડીયાની નણંદ. સ્વ. હસમુખભાઈ તથા ગં.સ્વ. જશુબેન ટીંબડીયાની પૌત્રી. કનુભાઈ, રશ્મિબેન ટીંબડીયા, સંગીતાબેન સંદીપભાઈ ગાંધી, ચંદ્રિકાબેન હરેશભાઈ દેસાઈની ભત્રીજી. પ્રાર્થનાસભા તા. ૬-૩-૨૬ શુક્રવારના સાંજે ૩.૩૦ થી ૫.૩૦. સ્થળ- વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, ડાયમંડ સિનેમાની સામે, એલ. ટી. રોડ, બોરીવલી વેસ્ટ.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ચોટીલા નિવાસી હાલ બોરીવલી, સ્વ. હીરાચંદ ફુલચંદ શાહના પુત્ર ચંપકલાલ શાહ (ઉં. વ. ૭૯) બુધવાર તા. ૪/૩/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે ભાનુબેનના પતિ. હિમાબેન, દિપાલીબેન, ઉદયભાઈના પિતા. હરેશભાઇ, સંજયભાઈ, મેઘાબેનના સસરા. સ્વ. કાંતિભાઈ, સ્વ. રસિકભાઈ, સ્વ. પ્રવીણભાઈ, ગુણીબેન, સ્વ. તારાબેન, ચંદ્રિકાબેન, પુષ્પાબેનના ભાઈ. બોટાદ નિવાસી સ્વ. ચંદુલાલ નંદલાલ કામદારના જમાઈ. પ્રાર્થનાસભા ૭/૩/૨૬ના ૧૦ થી ૧૨. આંગન ક્લાસિક હોલ, પહેલે માળે, કેન્ટ ગાર્ડન, ટી પી એસ રોડ, ફેક્ટરી લેન, બોરીવલી વેસ્ટ.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થા જૈન**

બોટાદ નિવાસી હાલ બોરીવલી, સ્વ. લતાબેન તથા સ્વ. વસંતભાઈ ચુનીલાલ શાહના પુત્રવધૂ. અ.સૌ. નયનાબેન હિતેષભાઇ શાહ (ઉં. વ. ૬૩) ૩/૩/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે વૈભવ-નિધિ તથા પાયલ પ્રતીક બારભાયાના માતુશ્રી. વિપુલભાઈ તથા મીતા જસ્મીન શાહના ભાભી. પિયરપક્ષે મોરબીવાળા સ્વ. નીલાબેન તથા સ્વ. પૂનમચંદ ત્રિભુવનદાસ મહેતાના દીકરી. અમિતાબેન, જયેશભાઇ, વિજયભાઈ, મનોજભાઈ તથા સંઘાણી સં. આરતીબાઇ સ્વામીના સંસારીબેન. પ્રાર્થનાસભા તથા સર્વ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

મોટા લાયજાના ચંચલબેન ખીમજી કારાણી (ઉં. વ. ૭૮) તા. ૪-૩-૨૬ અવસાન પામેલ છે. નાનબાઇ નાનજીના પુત્રવધૂ. ખીમજીભાઇના ધર્મપત્ની. જીતેન્દ્ર, સ્વ. અનીલ, મનોજના માતુશ્રી. રાયણના સુંદરબાઇ ચના ઘેલા ફુરીયાના સુપુત્રી. મણીલાલ નેમચંદ હીરબાઇ કલ્યાણજી ગડા, બિદડાના જવેરબેન દામજી છેડા, લુણીના લક્ષ્મીબેન ડુંગરશી ગાલાના બેન. પ્રાર્થના રાખેલ નથી. ચક્ષુદાન-ત્વચાદાન કરેલ છે. ઠે. મનોજ શાહ, મીરા ભવન, શાસ્ત્રીનગર, ડોંબીવલી (વેસ્ટ).

નાના ભાડિયાના મનસુખલાલ જેસંગ ગડા (ઉં. વ. ૭૮) તા. ૨-૩-૨૬ના અવસાન પામ્યા છે. હીરબાઈ જેસંગ હીરજીના પુત્ર. ધનવંતીના પતિ. જતિન, જયશ્રી, રાજશ્રીના પિતા. શામજી, લખમશી, હરખચંદ, હેમચંદ, કાંતિલાલ, મોહનલાલ, મનહરલાલ, નવિન, બિદડા જવેરબેન ખીમજી જખુ, નાગલપુર ચંદન કિશોર વિસનજી, ઇન્દુ હરીશ વિસનજીના ભાઈ. મોટી ખાખર સાકરબેન નાનજી લાલજીના જમાઈ. ચક્ષુદાન કરેલ છે. પ્રા : શ્રી વ.સ્થા.જૈન શ્રા.સં. કરશન લધુ હોલ (દાદર). ટા. ૪ થી ૫.૩૦.

નાની ખાખરના અ.સૌ.વીણાબેન પ્રવીણ દેઢિયા (ઉં. વ. ૬૬) તા.૨૮-૨-૨૬ ના દેવલાલી મધ્યે અવસાન પામ્યા છે. કસ્તુરબેન તલકશી રણશીના પુત્રવધૂ. પ્રવીણ તલકશીના પત્ની. ડૉ.મનાલીના મમ્મી. લક્ષ્મીબેન પદમશી મેઘજીના પુત્રી. બિપીન, ભવ્યાના બહેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. પ્રવીણ દેઢિયા. બી-૧૧, નંદનવન, ગુલમોહર સોસાયટી, બાલગૃહી રોડ, ઓફલામ રોડ, દેવલાલી, નાસિક., ૪૨૨૪૦૧.

બેરાજાના શ્રીમતી સ્મિતાબેન રમેશભાઈ દેઢિયા (ઉં.વ. ૭૩) તા. ૩-૩-૨૬ ના અવસાન પામ્યા છે. રમેશ કાનજીના ધર્મપત્ની. મઠાબાઈ કાનજી મોણશીના પુત્રવધૂ. હિરેન, એડવોકેટ મિત્તલ, નિકીતાના માતુશ્રી. બેરાજા દેવકાબાઈ દેવજી પ્રેમજીના સુપુત્રી. વસનજી, કુંવરજી, લીલાધર, ડેપા લક્ષ્મીબેન વેલજી ભીમશી, બિદડા સાકરબેન/પુષ્પાબેન ડો. વિસનજી નાનજીના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. સ્મિતા રમેશ દેઢિયા : ૧૦૨/૧૦૩, વસંત સોસાયટી, જયપ્રકાશ નગર રોડ નં. ૧, ગોરેગામ (ઈસ્ટ), મુંબઈ.

તલવાણાના કેતન જેઠાલાલ પોલડીયા (ઉં. વ. ૬૨) તા. ૩-૩-૨૬ના અવસાન પામ્યા છે. ચંચળબેન જેઠાલાલ વેલજીના સુપુત્ર. માયાના પતિ. મિલોનીના પિતા. હેમંત, આશાના ભાઈ. બિદડા હીરબાઈ નાગશી ઠાકરશી ગજોડીયા (ગાલા)ના જમાઈ. પ્રા : પી.ડી. ખાખર હોલ, લક્ષ્મીનારાયણ ટેમ્પલ કંપાઉન્ડ, નૂતન હાઈસ્કુલ પાસે, માર્વે રોડ, મલાડ (વેસ્ટ), ટા. ૩.૩૦ થી ૫.૩૦.

બેરાજા હાલે કપાયાના માતુશ્રી અમરતબાઈ તલકશી શાહ (મકડા) (ઉં. વ. ૮૬) તા.૨-૩-૨૬ ના અરિહંત શરણ પામ્યા છે. જેતબાઈ ખીમજી ધારશીના પુત્રવધૂ. તલકશીના પત્ની. કપાયા હીરબાઈ નાનજી કેનીયાના પુત્રી. સંસારપક્ષે પૂ.નિધીયશાશ્રીજી મહાસતી, બિપીનના માતુશ્રી. ગુંદાલા જવેરબેન લખમશી, રાયધણજર પ્રફુલ્લા કાંતિલાલ, લક્ષ્મીચંદ મણીલાલ અરવિંદના બેન. પ્રા. શ્રી સુમતીનાથ જિનાલય નુતન સંકુલ, પ્લોટ નં. ૫ અને ૬ બી, ૫મે માળે, નાથાલાલ પારેખ માર્ગ, ગુજરાતી ક્લબ પાસે, કિંગ્ઝ સર્કલ. ટા.૩ થી ૪.૩૦.

# નવી મુંબઈમાં ઘરગથ્થુ ટ્યૂશનમાં સ્લેબ તૂટી પડતાં વિદ્યાર્થીનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ નવી મુંબઈમાં કોપરખૈરાણેમાં રહેણાંક બિલ્ડિંગમાં સ્લેબ તૂટી પડવાની દુર્ઘટના બની હતી. બિલ્ડિંગના ગ્રાઉન્ડ ફ્લોરમાં ટ્યુશન ક્લાસિસ ચાલતા હતા. આ દુર્ઘટનામાં એક વિદ્યાર્થીનું મોત થયું હતું. તો બાકીના વિદ્યાર્થીઓ સહિત ટીચરને બચાવી લેવામાં આવ્યા હતા. નવી મુંબઈના ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓફિસર સચિન કદમના જણાવ્યા મુજબ કૌપર ખૈરાણેના સેક્ટર-બેમાં ગ્રાઉન્ડ પ્લસ ચાર માળની વિદ્યા ભવન સોસાયટી આવેલી છે, જેમાં સાંજના ૫.૩૦ વાગ્યાની આસપાસ આ દુર્ઘટના બની હતી. સચિન કદમના જણાવ્યા મુજબ ક્લાસિસ ચાલી રહ્યા હતા અને ક્લાસમાં એ સમયે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હતો. સાંજના ૫.૩૦ વાગે પહેલા માળનો સ્લેબ તૂટીને નીચે પડ્યો હતો અને ક્લાસરૂમમાં અંદર વિદ્યાર્થીઓ અને શિક્ષક ફસાઈ ગયા હતા. દુર્ઘટનાની જાણ થતા જ વાશી, કૌપરખૈરાણે અને ઐરોલીથી ફાયરબ્રિગ્રેડ ઘટના સ્થળે પહોંચીને બચાવ કામગીરી હાથ ધરી હતી. ક્લાસરૂમમાં અંદર ફસાયેલા વિદ્યાર્થીઓને બહાર કાઢવામાં આવ્યા હતા. તેમને સારવાર માટે હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

# થાણેમાં પ્રદર્શનઃ ભારતીય બંધારણના કલાત્મક અને કેલિગ્રાફિક ખજાનાની ઝલક

થાણેઃ ભારતીય બંધારણના કલાત્મક અને કેલિગ્રાફિક ખજાનાને પ્રદર્શિત કરતા ત્રણ દિવસીય પ્રદર્શનનું ગુરુવારે થાણેમાં ઉદ્ઘાટન કરવામાં આવ્યું. 'સંવિધાન અમૃતવંદના' નામના આ પ્રદર્શનમાં ૧૯૪૯માં શાંતિ નિકેતનના પ્રખ્યાત કલાકાર નંદલાલ બોઝ અને તેમના વિદ્યાર્થીઓ દ્વારા બનાવેલા ચિત્રો દર્શાવવામાં આવ્યા છે. આયોજકોના જણાવ્યાનુસાર, મૂળ હસ્તલિખિત બંધારણને શણગારતી આ કલાકૃતિઓ પ્રાચીન સભ્યતાના મૂળથી સાર્વભૌમ લોકશાહી ગણરાજ્ય સુધીના ભારતના પરિવર્તનને રજૂ કરે છે. વિદ્યા પ્રસારક મંડળની ટીએમસી લો કોલેજ ખાતે આ કાર્યક્રમ ૭ માર્ચ સુધી ચાલશે.

# મેટિની



કવર સ્ટોરી
હેમા શાસ્ત્રી

મહિલાલક્ષી કથાવસ્તુ ધરાવતા અને પરંપરાને પડકારતા ચિત્રપટ ધીરે ધીરે લુપ્ત થઈ રહ્યા હોવાની વ્યથા આ નિપુણ અભિનેત્રી વ્યક્ત કરે છે

## તાપસી પન્નુની હૈયાવરાળ

બે દિવસ પછી, રવિવાર આઠ માર્ચ - આંતરરાષ્ટ્રીય મહિલા દિન છે. મહિલા સશક્તીકરણ અને 'આજકી નારી સબપે ભારી' વગેરે વિષય પર ચર્ચાસત્ર - મનોમંથન વગેરે વગેરે થશે. કબૂલ કે એકવીસમી સદીના ત્રીજા દશકમાં નારી વિશ્વનો પાયો અગાઉની સરખામણીએ વધુ મજબૂત બન્યો છે, પણ સાથે સાથે એ વિશ્વની જે કલ્પના કરવામાં આવી હતી એના મૂર્તિમંત સ્વરૂપથી આપણે છેટા છીએ એ પણ એટલી જ સાચી વાત છે. આ સંદર્ભમાં એકવીસમી સદીમાં સશક્ત અભિનેત્રી તરીકે ઊભરેલી તાપસી પન્નુની વ્યથાની નોંધ લેવી જોઈએ.

'ચીલો ચાતરી નિર્માણ થતી મહિલાલક્ષી ફિલ્મો હવે લુપ્ત થવાને આરે છે' એવી હૈયાવરાળ સાઉથની સાત ફિલ્મ કર્યા પછી હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પગરણ માંડનારી અભિનેત્રીએ વ્યક્ત કરી છે.

તાપસી પન્નુને કેવળ એક એક્ટ્રેસ તરીકે ઓળખવી બરાબર નહીં કહેવાય. 'બેબી','પિન્ક' જેવી ફિલ્મોમાં મજબૂત મહિલાનો રોલ કરી એ પાત્રને પ્રભાવી તરીકે ઉપસાવવામાં સફળ રહેલી તાપસી ફિલ્મોનું નિર્માણ સુધ્ધાં કરે છે. હાલ ભૂષણ કુમાર નિર્મિત અને અનુભવ સિન્હા દિગ્દર્શિત એની 'અસ્સી' ફિલ્મ ખાસ્સી ચર્ચામાં છે. જોકે, વિવેચકોની વાહ વાહ મેળવનારી આ ફિલ્મથી ચિત્રપટ દર્શકોએ મોઢું ફેરવી લીધું હોવાનું ચિત્ર આ લખાય છે ત્યાં સુધીમાં ઊપસ્યું છે. ત્રીસેક કરોડના બજેટમાં તૈયાર થયેલી આ ફિલ્મ ૧૦ કરોડ સુધીના કલેક્શન સુધી પહોંચતા હાંફી ગઈ છે. રિલીઝ થયા પછીના બાર દિવસમાં એક રૂપિયાના રોકાણ સામે ૩૩ પૈસાનો વકરો આ ફિલ્મના આર્થિક સ્તરે બાર વાગી ગયા હોવાનું સૂચવે છે. ફિલ્મ બોક્સ ઓફિસ પર ફ્લોપ સાબિત થવાના એંધાણ છે.

ફિલ્મ ફ્લોપ થાય એનું દુઃખ કોને ન હોય? જોકે, તાપસી ફિલ્મનાં આર્થિક સમીકરણો તેમજ એનાથી પોતાની કારકિર્દીને થઈ શકનારી અવળી અસરથી પણ એક ડગલું આગળ વિચારે છે.

મેઈનસ્ટ્રીમ તરીકે ઓળખાતી ટિપિકલ મસાલા ફિલ્મો (ચશ્મેબદ્દુર, જુડવા - ૨) ઉપરાંત ઓફબીટ સિનેમા તરીકે ઓળખાતા હેતુલક્ષી (અલબત્ત, મનોરંજન ઉપરાંત) ચિત્રપટો ('પિન્ક' થી 'અસ્સી' સુધી)માં અવ્વલ અભિનેત્રી સાબિત થઈ ચુકેલી તાપસીએ 'પિન્ક' ઉપરાંત 'થપ્પડ' અને 'મુલ્ક' જેવી ફિલ્મોમાં કામ કરી સંતુલન જાળવી રાખવાની કોશિશ કરી છે. અલબત્ત, હકીકત એ છે કે એની ઓળખ ઓફબીટ સિનેમાની અભિનેત્રી તરીકે વધુ છે. કમર્શિયલ ફિલ્મો માટે એની વિચારણા બીજા ક્રમે આવે એવી પરિસ્થિતિ છે. સરખામણી નથી કરવી, પણ સ્મિતા પાટીલ સાથે થયું હતું એ પ્રકારનો અનુભવ તાપસી પન્નુ કરી રહી છે. સત્યજિત રાય, શ્યામ બેનેગલ, જબ્બાર પટેલ જેવા દિગ્દર્શકો સાથે કામ કર્યા પછી એ સમયના બિગેસ્ટ સ્ટાર અમિતાભ બચ્ચન સાથે 'નમકહલાલ' અને 'શક્તિ' જેવી ફિલ્મોમાં ટિપિકલ હિરોઈનનો રોલ કર્યા પછી પણ સ્મિતા સાથે ઓફબીટ ફિલ્મોની અભિનેત્રીનું લેબલ ચોંટેલું જ રહ્યું. મેઈનસ્ટ્રીમની હીરોઈન તરીકે એને સ્વીકારવામાં ન આવી. સ્મિતા અને તાપસીનું અભિનય કૌશલ ધ્યાનમાં લીધા વિના આ મુદ્દે વિચાર થવો જોઈએ.

અર્થપૂર્ણ સિનેમા સાથે સંકળાઈ રહેવા તાપસી ચીલો ચાતરતી ફિલ્મોના રોલ સ્વીકારવાને પ્રાધાન્ય આપી અટકી નહીં. એ નિર્માત્રી બની અને 'ધક ધક' અને 'બ્લર' જેવી મહિલાપ્રધાન ફિલ્મોના નિર્માણમાં સહયોગી બની. એમાંથી 'બ્લર' તો થિયેટરમાં રિલીઝ જ ન થઈ સીધી ઓટીટી પ્લેટફોર્મ પર આવી. બીજી ફિલ્મ 'ધક ધક' રોડ એડવેન્ચર ડ્રામા હતી. સત્ય ઘટના પર આધારિત આ મહિલાલક્ષી ચિત્રપટમાં રત્ના પાઠક - શાહ, દિયા મિર્ઝા અને ફાતિમા સના શેખ જેવી નીવડેલી અભિનેત્રી હતી. આત્મખોજ માટે મોટરબાઈક પર સવાર ચાર સન્નારીની આ ફિલ્મમાં રસપ્રદ વાર્તા સાથે થ્રિલ - રોમાંચની હાજરી સુધ્ધાં હતી, પણ આ ફિલ્મ જોવા માટે સિને પ્રેમીઓએ જરાય રોમાંચનો અનુભવ ન કર્યો. 'અસ્સી'ના પણ લગભગ એવા જ હાલ થયા છે. આ સંદર્ભમાં તાપસીની વ્યથા સમજવી જોઈએ. અભિનેત્રી કહે છે કે 'અમે હવે લુપ્ત થઈ જવાને આરે છીએ, નામશેષ થવાની તૈયારીમાં છીએ. અમે એટલે 'અસ્સી' જેવી ફિલ્મો. આજકાલ કમર્શિયલ સિનેમા એક નિયત આકાર કે ધોરણ અનુસાર બની રહી છે અને અમે (એટલે કે 'અસ્સી' જેવી ફિલ્મો) એ વ્યાખ્યામાં ફિટ નથી બેસતા.'

'અસ્સી' તાપસી પન્નુ - અનુભવ સિન્હાની 'મુલ્ક' અને 'થપ્પડ' પછી ત્રીજી ફિલ્મ છે. 'મુલ્ક'માં મુસ્લિમ પરિવારના આત્મસન્માનની વાત કેન્દ્રસ્થાને હતી અને એ ફિલ્મને દર્શકોનો મોળો પ્રતિસાદ મળ્યો. એ વાર્તા આજે કાળબાહ્ય લાગી હોય, પણ 'થપ્પડ'માં તો સાંપ્રત સમાજનું નિરૂપણ હતું. કથા - પટકથા તેમજ ડિરેક્શન અને એક્ટિંગમાં બળુકી 'થપ્પડ' પણ વ્યવસાયિક ધોરણે નિષ્ફળ નીવડી. એનું એક કારણ એ હોવું જોઈએ કે ફિલ્મમાં પતિ (પવૈલ ગુલાટી) પત્ની (તાપસી પન્નુ)ને લાફો મારે છે પણ એ લાફાની જબરદસ્ત વેદનાથી કણસે છે તો પતિ જ. હસબન્ડ લોકોને આ ફિલ્મ પસંદ ન પડે એ સમજી શકાય, પણ દરેક પ્રકારના લાડ લડાવનાર પતિ ક્યારેક લાફો ઠોકી દે તો એનું માઠું ન લગાડાય એવું માનતી પત્નીઓને પણ આ ફિલ્મ નહોતી ગમી અને કાનોકાન ખબર પડ્યા પછી થિયેટર સુધી અનેક જણ પહોંચ્યા જ નહીં.

એક એવી પણ દલીલ કરવામાં આવે છે કે ચીલો ચાતરતી ફિલ્મો થિયેટર પ્રદર્શન દરમિયાન ભોંયભેગી થતી હોય, દર્શકો એને પીઠ દેખાડી દેતા હોય પણ એ ઓટીટી પ્લેટફોર્મ પર આવે ત્યારે એને વિશાળ પ્રેક્ષકવર્ગ મળી જતો હોય છે. પ્રથમ નજરે આ દલીલમાં દમ છે, પણ તાપસી વાસ્તવિકતા રજૂ કરી સ્પષ્ટતા કરે છે કે 'આવી ફિલ્મો ઓટીટી પર ધામધૂમથી રિલીઝ કરવામાં આવ્યા પછી સિને રસિકો એ જોશે એ વાત દિશાભૂલ કરનારી છે. સત્ય એ છે કે હવે ઓટીટી પણ આવી ફિલ્મો માટે વિશેષ ઉત્સુક નથી. તેમનું ગણિત સ્પષ્ટ છે કે જે ફિલ્મ થિયેટરમાં ચાલી હોય એમાંથી જ પસંદગી કરવાની. થિયેટરના દર્શકો ઓટીટી પર લાવવા એ તેમની અગ્રતા છે. ધગધગતી ફિલ્મો જોવા માગતા દર્શકો અમારા ઓટીટી પ્લેટફોર્મને સબસ્ક્રાઇબ કરી એના ગ્રાહક બને એમાં એમને રસ છે. એટલે જ કહું છું અમે લુપ્ત થવાને આરે છીએ, સિવાય કે ફિલ્મ જોતા દર્શકોના મનમાં એવી ભાવના ઊગે, એમને એવી ઈચ્છા થાય કે આવી ફિલ્મો પણ જોવી જોઈએ. ક્યારેક વાસ્તવિકતા જોવામાં પણ સાર છે એવી પ્રતીતિ પણ તેમને થવી જોઈએ.'

સિનેમાને ભાવતા ભોજન સાથે સરખાવી આ અભિનેત્રી - નિર્માત્રીનું કહેવું છે કે 'કમર્શિયલ સિનેમા 'મુગલાઈ' (વૈવિધ્યપૂર્ણ વ્યંજન સાથેનું ભોજન) છે અને વિશાળ વર્ગને એના પ્રત્યે લગાવ છે, પણ સાથે સાથે 'દાલ ચાવલ' (સાદું અને પૌષ્ટિક ભોજન) પ્રકારની ફિલ્મો પણ બનવી જોઈએ અને દર્શકોએ એને જોવી જોઈએ.'

અલબત્ત, અંતિમ નિર્ણય તો પ્રેક્ષક માઈબાપ જ લેશે. ■

સ્ટાર-યાર-કલાકાર
સંજય છેલ

## 'તારક' વિના સુનું આકાશ...

*હાસ્યમાં દંશ ના હોવો જોઈએ એવું હું નથી માનતો. સમાજમાં ભ્રષ્ટાચાર વધી જાય તો હાસ્યનો ડંખ મારવો જ જોઈએ.*

---------------

*જો દુકાનવાળા લેખકોને મફતમાં કરિયાણું કે દવા નથી આપતા તો લેખક મફતમાં નાટક શું કામ આપે? નાટક ભજવતાં પહેલાં પુરસ્કાર મોકલવો ને પરવાનગી પણ લેવી.*

---------------

*આપણાં વિવેચકો સ્થૂળ હાસ્યને ઉતારી પાડે છે , પણ એય એક કળા છે. તમે લખી નથી શકતા એટલે કહો છો કે એ 'સ્થૂળ' કે 'નકામું' છે? કોમિક સહેલું નથી. મારા ટીકાકારો લઘુમતીમાં છે ત્યાં સુધી હું સલામત છું.*

---------------

*નાટકો લખીને મારે બધાનું ધ્યાન ખેચવું હતું. કોઈક રીતે જણાવવું હતું કે 'હું કૈંક છું.' ખરેખર તો હું મારી લઘુતાગ્રંથિના કોચલામાંથી બહાર આવવા માંગતો હતો.*

---------------

*મારાથી ગરીબી, મોંઘવારી, દંભ, પાખંડ વગેરે સહન નથી થતા ને એની સામે લડવા માટે મારી પાસે નેતાઓ જેવી તાકાત નથી એટલે હું કલમથી આક્રમણ કરીશ.*


---------------

*નાટકોમાં મને 'આનંદ' મળે છે, હાસ્ય લેખમાં 'સુખ' મળે છે.*

.................

તારકભાઇ...

તમને ગયાને ૯-૯ વરસ થયા ને આમેય તમે બેરંગ ગુજરાતી લેખનનો આઠમો રંગ હતા. તમે ભાર વિના લખ્યું, ભાર વિના જીવ્યા કારણ કે તમે હળવું લખ્યું. તમારી અમાપ લોકપ્રિયતાએ પણ તમારી કલમ પર ગ્રહણ નહોતું લગાડ્યું. જોકે તમે આવું બધું સારું સારું વાંચત તો કહેત, 'છોડને, એરીક બેન્ટલી કે પી. જી. વૂડહાઉસ વાંચ!'



આજે સતત ૧૮-૧૮ વરસથી ચાલતી સુપરહિટ સિરિયલ 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્માં'ના કારણે લોકો તમને ઓળખે છે. તમે મુંબઇના 'કોસ્મોપોલિટન' પાત્રોને નેશનલ લેવલ પર લઇ ગયા! પણ લોકોને એ નથી ખબર તમે પ્રવીણ જોષી, કાંતિ મડિયા, અરવિંદ ઠક્કર, સરિતાબેન જોશી માટે કેટલાં સુંદર નાટકો લખ્યાં! પ્રવીણ જોશીના 'મોસમ છલકે' નાટકમાં પ્રણયની ઉત્કટતાનાં 'ઓર્ગેઝમ' માટે 'રસ- સમાધિ' જેવો શબ્દ પ્રયોજેલો! તમે 'પ્લાસ્ટિક સ્માઇલ' કે 'ફટકિયા મોતી' જેવી ગંભીર એકાંકીઓય લખેલી? એ અદ્ભુત નાટકો વિશે ભલે ગુજરાતીમાં વિદ્વાનો વિવેચકો કદી કશું નહીં જ લખે, પણ તમે પ્રેક્ષકોમાં હૃદયસ્થ રહીને રાજ કરેલું ને સદા કરશો.

હાસ્યલેખો અગાઉ રંગમંચ પર તમે મુંબઇમાં આઇ.એન.ટી. જેવી માતબર સંસ્થા માટે નાટકો લખતા ભજવતા. ત્યારે સ્ટેજ પર જો કોઇ પાત્રનું ધોતિયું ઉતરી જાય તો એને ચાલુ નાટકે ધોતિયું પહેરાવતાં ને ત્યારે 'ઓન ધ સ્પોટ' ત્વરિત નવી જ રમૂજી સંવાદો બોલીને તમે દર્શકોને હસાવતા. આમેય તમે તો ઘણીવાર ગુજરાતી પ્રજાનાં દંભનાં ધોતિયા ઉતાર્યા ને પછી વ્હાલથી પાછા પહેરાવ્યાં પણ..!

ગુજરાતીમાં તમારા પહેલાં પણ સરસ હાસ્ય લખાતું ને પછી પણ લખાશે, પણ તમે ગુજરાતી 'હ્યુમર'નાં ધોતિયાનો પનો સ્હેજ મોટો કરેલો... બેશક!



*નિધનના થોડા દિવસ પૂર્વે છેલ્લી તસવીરઃ ભરત ઘેલાણી*

મિસ્ટર તારક જનુભાઇ મહેતા, તમારો એક માત્ર શત્રુ હતોઃ 'બોરડમ!'-કંટાળો. લખાણમાં કે લાઇફમાં કશું બોરિંગ ના હોવું જોઇએ એની તમને પાક્કી પરખ હતી. છેક ૧૯૯૦માં મેં બીતાંબીતાં મારી કાલીઘેલી એકાંકી તમને દેખાડેલી ત્યારે મૂછમાં હસીને કહેલું, 'સારું છે, પણ ઇસ્ત્રી મારવાની જરૂર છે. કપડાં સારા હોય તોયે કરચલી તો ના જ ચાલેને?' તમે કાચાં લખાણને 'ઇસ્ત્રી ટાઇટ' કરવું એ શીખવેલું , પણ ખરેખર તો તમે 'ઇસ્ત્રી ટાઇટ' રહેતાં ને વિદ્વત્તાનાં વેહમમાં જીવતા વિવેચકો લેખકો વચ્ચે નિખાલસ ને ફ્રેંક માણસ હતા એટલે જ મણીભાઇ નભુભાઇ દ્વિવેદી કે મહાત્મા ગાંધી પછી જો કોઇ સૌથી વધુ ઇમાનદાર આત્મકથા ગુજરાતીમાં લખાઇ હોય તો એ તમારી 'એકશન રિપ્લે' છે. કેટલી ઇમાનદારીથી તમે જાત ને જીવન વિશે બધું જ લખી નાખ્યું!

તારકભાઇ, તમે 'દુનિયાને ઊંધાં ચશ્માં' એક લોકભોગ્ય હાસ્યશ્રેણી લખેલી પણ તેમ થતાં સામાજિક, રાજકીય પ્રસંગો વ્યંગબાણ મારતાં. શરૂઆતમાં એમાં સરકારો કે સાધુબાવાઓ પર રીતસર ચાબખાં મારેલા.

ત્યારના ભગવાન રજનીશે 'વસ્ત્રો ત્યાગવાની' વાત કરેલી ત્યારે ટપુડાની 'કપડાં વિના નગ્ન ફરવાની જીદ' પર શું કાતિલ કટાક્ષ કરેલા. આજે બાવાબાપુ પર બિંદાસ લખવાની કેટલામાં હિંમત છે?

તમારું 'ઊંધાં ચશ્માં'ની એ ચાલીનું વર્ણન, જેઠાલાલ-ચંપકલાલ-ટપુડા જેવાં પાત્રો...એ બધું કોઇ મોડર્ન પરીકથાની જેમ અમને અલગ જ ખુશખુશાલ દુનિયામાં લઈ જતા ને બધાં જ દુઃખ ભુલાઈ જતા. એમાંયે જ્યારે તારક મહેતાનું કાર્ટૂન દેખાતું ત્યારે અમને થતું કે 'શું ખરેખર 'તારક મહેતા' કોઈ જીવતા-જાગતા માણસ હશે?' વરસો સુધી તારક મહેતા, મિકી માઉસ જેવા કાલ્પનિક પાત્ર જ લાગતા.

છેલ્લે તમે મુંબઇમાં એક કોકટેલ પાર્ટીમાં મળેલાં. પાર્ટીમાં બધા તમારી આસપાસ સતત ગોળ ગોળ ફરી રહ્યાં હતાં અને તમે સ્થિર વ્હીલચેર પર સ્થિરભાવે આસપાસનો માહોલ નિરખી રહ્યા હતા ત્યારે મેં તમને પૂછેલું : 'કંટાળી ગયા?'

'યાર, ઘોંઘાટ બહુ છે!' તમે કહેલું.

હા ઘોંઘાટ. તમે સુગાળવા સાહિત્યજગતમાં ૧ માર્ચ ૨૦૧૭ના રોજ ઘૂઘવતો ઘોંઘાટ મૂકીને જતા રહ્યા છો. પ્રેક્ષકો વાચકોના હાસ્યનો, તાળીઓનો ઘોંઘાટ! તમે ઘરેઘરે પહોંચીને મોટા લેખક એટલે બન્યા કે તમારામાં છેક સુધી એક નાનકડો 'ટપુડો' વસતો હતો. તમે મૃત્યુ બાદ, દેહદાન ભલે કર્યું, પણ તમારી 'સેન્સ ઓફ હ્યુમર' કોને આપીને ગયા?! ■



સાત્વિકમ્ શિવમ્

અરવિંદ વેકરિયા

## આશા ક્યારે'ય છોડીને જતી નથી, પણ આપણે જ એને છોડી દઈએ છીએ...

ગત સપ્તાહે મેં લખેલું કે મહેન્દ્ર બોહરા કોઈ ફિલ્મનાં ક્લાયમેક્સમાં 'બિઝી' હતા. મને ફિલ્મનું નામ યાદ નહોતું.. પણ શાંતિલાલ જાદવ નામના રેગ્યુલર વાચકે મને મેસેજ કરી જણાવ્યું છે કેઃ તાઃ ૨૭.૦૨.૨૬ના લેખમાં તમે, મહેન્દ્ર બોહરા સંજય દત્તની કોઈ ફિલ્મમાં વ્યસ્ત હતા. મારી યાદદાસ્ત મુજબ એ ફિલ્મ તેજા હોઈ શકે...

આ માહિતી પહોંચાડવા બદલ વાચકમિત્રનો આભાર...

મુળરાજભાઈની હવે રાહ જોયા સિવાય કોઈ છૂટકો નહોતો. વિજય રાવલ કલ્યાણના શો પછી, ત્રણ સારી થિયેટરોની તારીખ લઈને 'મળે સૂર...' નો 'બંધ' કે 'ચાલુ'નો નિર્ણય લેવાનો હતો. એ મુકેશ/દેવેશ/વિજયની આશા હતી, પણ કલેક્શન ઓછું આવે ત્યારે મને નિરાશા થતી. હું કદાચ આ પહેલી બાબતે નકારાત્મક હતો. વિજય હજી સકારાત્મક હતો. કેવો વિચિત્ર સંજોગ.!

ખરેખર, ગજબનો સંબંધ છે વહાલનો અને વ્યવહારનો, એક અવિરત વહાલ કર્યા કરે અને બીજું પળેપળનો હિસાબ કર્યા કરે.

વિજયને નાટક પ્રત્યે વહાલ અને કલેક્શનનાં કારણે હિસાબ કરનારો હું. સાચું કહું તો હું ઈચ્છતો કે અત્યાર સુધી સરભર રહેલા 'આંકડા' જળવાય રહે. મુકેશ થાણાનાં શોમાં બોલી ગયેલો કે દાદુ, તેજપાલ પહેલાનાં બે શોમાં સારા પૈસા તૂટ્યા, હ...પણ વિજયની આશા હજુ જીવંત હતી. 'બંધ' કરવાની વાત પર એ બોલેલો, ના દાદીયા, એટલું જલદી બંધ નથી કરવાનું. હજુ બે-ત્રણ શો સારી તારીખો ટ્રાય કર્યા પછી વિચારીશું.

મને આ વાતનો હરખ પણ થતો અને કલેક્શન જોઈ નિરાશ પણ થતો. મને એક વાતની રાહત હતી કે 'બંધ' કરવાની વાત મેં 'ખુલ્લમખુલ્લા' કરી દીધી હતી. ખેર! નાટક ગમ્યું અને તેમણે ચલાવવા લીધું. જો તુષારભાઈ વહેલાં 'બહાર' આવી ગયા હોત તો દૂધનું દૂધ અને પાણીનું પાણી થઈ ગયું હોત, પણ એની 'અંદર'ની મુદત ખબર પડતી નહોતી. મને આશા હતી કે તે આવી જશે. મેં સાંભળેલું કે આશા ક્યારે'ય તમને છોડીને જતી નથી પણ તમે જ ક્યારેક છોડી દેતાં હો છો. મારું એવું જ હતું, નાટક 'ઉપડે' કે તુષારભાઈ 'બહાર' આવે એ બાબત આશા છોડી દીધી હતી. હા, મુળરાજ રાજડા શૂટિંગ પૂરું કરી બરોડાથી પાછા આવે એ આશા મેં હજી જીવતી રાખી હતી.

વિજય તો આદું ખાઈને 'મળે સૂર...'ની તારીખો લેવા હડીયાપાટી કરવા માંડેલો. થિયેટરની ત્યારે સખત ખેંચ રહેતી. જાણીતા પ્રસ્તુતકર્તાઓની એ સમયે જાણે 'મોનોપોલી' હતી, જેમાં ઘણાં નિર્માતાનું પદ પણ શોભાવતા. હાલમાં તો રંગભૂમિ થોડી ધીમી પડી છે એટલે 'પબ્લિક શો' કરતાં 'સોલ્ડ-આઉટ' શો વધુ થાય છે. કલેકશનનો વિચાર કરીએ તો આંગળીનાં વેઢે ગણાય એટલાં નાટકો સરભર થાય છે અને સાથે બ્લોક-બુકિંગ તો જાણે ફરજિયાત બની ગયું છે એટલે કેટલાંક નાટકોમાં 'હાઉસ-ફૂલ'નાં બોર્ડ ઝુલતા દેખાય છે. હવે નિર્માતા લોકભોગ્ય નાટકો બનાવવા માંડ્યાં છે. સારાં નાટકો બનાવવાં છે, પણ પછી થિયેટરમાં કાગડા ઊડે એ કોને પસંદ પડે? ધંધામાં ફાયદો થાય એવો જ 'માલ' બનાવવો પડે. સૌ પૈસાનું રોકાણ, વધુ પૈસા મળે એ માટે જ કરતાં હોય છે. પૈસા ઈતિહાસની સૌથી ખરાબ શોધ, પણ મનુષ્યને પારખવાની સૌથી વિશ્વસનીય સામગ્રી અને એટલે જ સારી કથાવસ્તુ ધરાવતાં નાટકો બંધ અથવા ઓછા, અને લોકભોગ્ય નાટકો વધુ બનવા લાગ્યાં.

આ બધા વચ્ચે વિજયે બે થિયેટરની તારીખો મેળવી લીધી. ત્રીજી તારીખ માટે એની ટ્રાય ચાલુ હતી. સાથે પ્રાયોજિત શો માટેની મહેનત પણ ખરી...

હું દર બે-ચાર દિવસે મુળરાજ રાજડાને ઘરે ફોન કરતો રહેતો. એક સારી વાત એ હતી કે ઈન્દુમતી રાજડાએ મારી સાથે થયેલ વાત મુળુભાને કહી દીધી હતી અને સામે મુળુભાએ 'સોરી' પણ કહેવડાવ્યું.

આ તરફ, મારું મન મળે સૂર...નું શું થશે અને મહેન્દ્ર બોહરાને શું કહીશ એવા વિચારો આવ્યા જ કરતાં. મારી લાગણી બંને પક્ષે હતી. મુકેશ ગ્રુપ વધુ 'લોસ' ન ભોગવે અને મુળુભાએ 'સોરી' કહી એમની મારાં પ્રત્યેની ભાવના વ્યક્ત કરી. મને લાગણી હતી કારણ કે ભૂતકાળમાં મારે માટે કરેલી ભલામણો. કોઈ પણ જાતનાં સ્વાર્થ વગર. બસ, આ લાગણી જળવાય રહે. દિલથી ઉદભવતી લાગણીઓને શણગારવામાં એટલું મોડું ના કરવું કે સામેવાળાનું સરનામું જ બદલાય જાય. અને એ લાગણી અને ભાવના ટકી રહે એ માટે હું પ્રયત્નશીલ હતો.

વિજયે મેળવેલી બે થિયેટરની તારીખમાં. પહેલી હતી ભારતીય વિદ્યા ભવન-સાંજ, અને બીજી હતી ભાઈદાસ-પાર્લા બપોર.... હવે આ તારીખો કેવી નીકળે છે એતો નીવડ્યે વખાણ. હું થોડો અસ્વસ્થ તો હતો. 'મળે સૂર...' મારું પણ 'બાળક' હતું.

પણ જયારે એ 'વેન્ટિલેટર' પર હોય તો ચિંતા તો રહે અને મહેન્દ્ર બોહરા તો ફિલ્મી માણસ, ક્યારે વિચાર પડતો મૂકી દે એ કહી ન શકાય. દરિયા કરતાં મોજા અને મગજ કરતાં વિચારોના ધમપછાડા વધુ હોય છે એ મેં અનુભવ્યું.

ભવન્સ સાંજનો શો તેજપાલ વખતે વાપરેલા 'સેન-સાયકી'નાં લે-આઉટ સાથે જ જા.ખ. આપી બુકિંગ ખોલ્યું. બુકિંગ ઉપર ફોન કરી પૂછવાની હિમ્મત જ ન થઈ. રવિવાર આવ્યો. શો સારો ગયો. કલેક્શન બાબત એક રાજીપો રહ્યો કે ટાંટિયા મળી ગયાં. શો પત્યાં પછી વિજય રાવલે સામેથી કહ્યું કે, 'દાદુ, ભાઈદાસ-પાર્લા હવે છેલ્લી ટ્રાય. એમાં જો 'હોપ' દેખાઈ તો ત્રીજી ડેટ માટે રખડીશ.' મેં કહી દીધું કે,'વિજય હું તો થાણાનાં શોમાં જ કહેતો હતો, ખેર! ભાઈદાસ-પાર્લા હવે જોઈ લઈએ.'

મને હવે નવું નાટક બનાવવાની તાલાવેલી લાગેલી. એક વાર તો થયું કે કોઈ બીજા લેખકનો સંપર્ક કરું પણ મુળરાજભાઈએ સજેસ્ટ કરેલું તો પછી એમની લાગણી સાથે હું કેમ રમી શકું! એ વિચાર પડતો મૂકી બધું ભગવાન ઉપર છોડી દીધું. આમ પણ દરેક સમયે ઈશ્વરનું ધારેલું જ થાય છે, પરંતુ દુઃખ એ છે કે સુખનાં સમયે આ વાત યાદ નથી આવતી. ■

ડબલ રિચાર્જ

**દુનિયાનાં બે ઘાતક હથિયારઃ**
**(૧) પત્નીનાં આંસુ.**
**(૨) બાજુવાળા ભાભીનું સ્માઈલ.**

હેન્રી શાસ્ત્રી

ફ્લેશ બેક

# જો ભી હો તુમ ખુદા કી કસમ, લાજવાબ હો!

## આજે પણ સંગીત પ્રેમીઓના દિલમાં રણકતાં અનેક ગીતોનું સ્વરાંકન કરનારા રવિને જન્મશતાબ્દી વર્ષ નિમિત્તે સૂરાંજલિ

**રવિશંકર શર્મા...**

હિન્દી ફિલ્મ ઉદ્યોગના સુવર્ણ દોરના સંગીતકારોમાં એક નામ રવિ (જન્મ ત્રીજી માર્ચ,૧૯૨૬) તરીકે નામના મેળવનાર સંગીતકારનું સુધ્ધાં હતું. જોકે, નૌશાદ, એસ. ડી. બર્મન, શંકર- જયકિશન ઈત્યાદિ સંગીતકાર જેટલા ગુણગાન રવિના નથી ગવાયા અને તેમના યોગદાનને એટલું ઊંચું નથી આંકવામાં આવ્યું એ હકીકત છે માટે એમની બહુમુખી પ્રતિભા જોતા તેમની સાથે અન્યાય થયો છે એમ કહીએ તો ખોટું નથી...અલબત્ત, સંગીતના સૂક્ષ્મ અભ્યાસુઓના અભિપ્રાય અનુસાર હેમંત કુમારના સહાયક રહ્યા હોવાથી એમની શરૂઆતની ધૂનોમાં હેમંતદાની અસર વર્તાતી હતી. અમુક વખતે તે સ્ટીરિયો ટાઇપ હોવાની દલીલ પણ કરવામાં આવી હતી. આમ છતાં, તેમના વૈવિધ્ય પ્રત્યે આંખ આડા કાન ન કરી શકાય.



‘ચૌહદવી કા ચાંદ’નું ટાઈટલ સોન્ગ અને (ઈન્સેટમાં) સંગીતકાર રવિ

એક સમય હતો હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં જ્યારે ગીતકાર - સંગીતકારની જોડી જામતી. સંગીતકાર નૌશાદ સાથે યાદગાર જોડી બનાવનારા ગીતકાર શકીલ બદાયૂંની સાથે રવિની પણ જોડી જામી હતી. આ જોડીએ ૧૯૬૦ના દાયકામાં દસેક ફિલ્મ આપી અને ઘણા યાદગાર ગીત આપ્યાં, જેમાંથી અમુક તો આજે પણ લોકો ગણગણતા જોવા મળશે. એ જોડીની પ્રથમ ફિલ્મ હતી ‘ચૌદહવી કા ચાંદ’. ગુરુ દત્તના પ્રિય સંગીતકાર તો સચિન દેવ બર્મન હતા. જોકે, ‘કાગઝ કે ફૂલ’ની નિષ્ફળતા પછી બંનેએ સાથે કામ નહીં કરવાનો નિર્ણય લીધો હતો.. લખનઊની ભૂમિ પરની કથા પર આધારિત ફિલ્મમાં લખનવી અંદાજને પકડવામાં કાબેલ શકીલને ગીત લખવાની જવાબદારી સોંપી અને સંગીતનું સુકાન સોંપ્યું રવિને. જોડીએ કમાલ કરી અને અવિસ્મરણીય ગીતો આપ્યાં. ટાઈટલ સોંગ ‘ચૌદહવી કા ચાંદ હો યા આફતાબ હો, જો ભી હો તુમ ખુદાકી કસમ લાજવાબ હો’ પ્રિયતમાની પ્રશંસાનું અલાયદું નિરૂપણ છે. વહિદા રેહમાનનું સૌંદર્ય, રફીનો મુલાયમ અવાજ, શકીલસાબની કલમમાંથી નીતરતો સ્નેહ અને રવિની સરળ પણ દિલને સ્પર્શી જનારા સ્વરાંકને ગીતને શાશ્વત બનાવી દીધું છે. ફિલ્મના અન્ય ગીત (દિલ કી કહાની રંગ લાઈ હૈ, મિલી ખાક મેં મોહબ્બત, બદલે બદલે સે મેરે સરકાર નઝર આતે હૈં) પણ યાદગાર છે. આ ફિલ્મ પછી ગુરુ દત્તના બેનરમાં બે જ ફિલ્મ (સાહિબ બીબી ઔર ગુલામ અને બહારેં ફિર ભી આયેગી) બનાવી પણ રવિને ફરી તક ન આપી એ હકીકત છે. ડિસ્ટિંકશન સાથે પાસ થયા પછી પણ કોલેજ એડમિશન ન આપે ત્યારે વિદ્યાર્થીને જે લાગણી થાય એવી જ લાગણી રવિએ અનુભવી હશે.

બીજી તરફ બી. આર. ચોપડા એક પ્રભાવી અને આદરણીય નિર્માણ ગૃહ તરીકે પંકાયું હતું. ચોપડા સાહેબ એક ફિલ્મમેકર હતા જેમણે ફિલ્મની કથા - પટકથા - સંવાદ જેટલું જ મહત્ત્વ ફિલ્મના ગીત - સંગીતને આપવાની કાયમ કોશિશ કરી છે. ચોપડા ભાઈઓને (બલદેવ રાજ + યશ) ગીતકાર સાહિર લુધિયાનવી માટે જબરદસ્ત લગાવ હતો. અલબત્ત, તેમની ફિલ્મોમાં સંગીતકાર અલગ અલગ જોવા મળ્યા. તેમના નિર્માણ હેઠળની પ્રથમ ફિલ્મ ‘એક હી રાસ્તા’માં સ્વરાંકન હેમંત કુમારનું હતું. ત્યારબાદ ‘નયા દૌર’માં ઓ.પી. નય્યરની હાજરી હતી. પછીની બે સામાજિક મુદ્દો મૂળમાં ધરાવતા ચિત્રપટમાં સંગીતકાર હતા એસ. ડી. બર્મનના સહાયક તરીકે કામ કરનારા એન. દત્તા.

૧૯૬૩માં આવેલી ‘ગુમરાહ’માં બી. આર. ચોપડાએ પ્રથમ વાર રવિને મોકો આપ્યો. ‘આપ આયે તો ખયાલ - એ - દિલ - એ - નાશાદ આયા’, ‘ચલો એક બાર ફિર સે અજનબી બન જાએ હમ દોનો’, ‘ઈન હવાઓં મેં ઈન ફિઝાઓં મેં તુજકો મેરા પ્યાર પુકારે’... ફિલ્મ સાથે સંગીત પણ સુપરડુપર હિટ. સંગીતકાર રવિને ચોપડા છાવણીમાં સ્થાન મળી ગયું. રવિ પણ ખીલ્યા અને લાગલગાટ ચાર ફિલ્મોમાં અવિસ્મરણીય સંગીત આપ્યું - ‘વક્ત’ (અય મેરી જોહરા જબી, આગે ભી જાને ના તૂ), ‘હમરાઝ’ (નીલે ગગન કે તલે, ના મૂંહ છુપા કે જીઓ) અને ‘આદમી ઔર ઈન્સાન’ (જાગેગા ઈન્સાન ઝમાના દેખેગા, દિલ કરતા ઓ યારા દિલદારા મેરા દિલ કરતા). આ ચારેચાર ફિલ્મોની વાત નીકળે ત્યારે એની સફળતામાં ગીત - સંગીતના નોંધપાત્ર યોગદાનનો અવશ્ય ઉલ્લેખ થાય તેમ છતાં ‘ધૂંદ’ (ઉલઝન સુલઝેના, સંસાર કી હર શય કા) પછી બી. આર. ચોપડાએ રવિના નામ પર ચોકડી મારી દીધી. ‘ધૂંદ’ પછી બી. આર. ફિલ્મ્સના નિર્માણ હેઠળ આઠ ફિલ્મ બની, પણ સમ ખાવા પૂરતી એક સુધ્ધાં ફિલ્મના ગીત - સંગીત યાદગાર સાબિત ન થયા. ‘નિકાહ’થી રવિનું પુનરાગમન થયું અને રવિએ એ સમયે એકદમ અજાણી સલમા આગાને ગાયિકા તરીકે સ્થાપિત કરવામાં મોટું યોગદાન આપ્યું. ‘દિલ કે અરમાં આંસુઓ મેં બહ ગયે’ ગીતથી સલમા આગાને અફાટ લોકપ્રિયતા મળી. સિવાય ‘ફઝા ભી હૈ જવાં જવાં’ અને ‘ચેહરા છુપા લિયા હૈ કીસીને’ ગીત પણ રસિકોને પસંદ પડ્યા હતા. ત્યારબાદ સલમા આગાએ દસેક હિન્દી ફિલ્મ કરી, પણ એમાંના એક સુધ્ધાં ગીતને ‘નિકાહ’ની ૫૦ ટકા લોકપ્રિયતા પણ ન મળી.

એક કુશળ સંગીતકાર હોવા ઉપરાંત રવિનું ગીતકાર તરીકે યોગદાન કાં તો ધ્યાનમાં જ નથી આવ્યું અથવા એની અવગણના થઈ છે અને એ બાબત સદંતર વિસરાઈ ગઈ છે. સ્વતંત્ર સંગીતકાર તરીકે તેમની પ્રથમ ફિલ્મ ‘વચન’માં આઠ ગીત હતાં, જેમાંથી બે ગીત ખુદ રવિએ લખ્યા હતા અને એ બંને ગીત ફિલ્મના સર્વોત્તમ ગીત સાબિત થયા હતાઃ ‘ચંદા મામા દૂર કે પૂએપકાએં બૂર કે’ અને ‘ઓ જાને વાલેબાબુ એક પૈસા દે દે’. અલબત્ત, એક ખેદજનક વાત એ છે કે રવિએ લખેલા કેટલાક પ્રમુખ ગીતને ‘ભિખારીનાં ગીતો’નું લેબલ મારવામાં આવ્યું હતું, કારણ કે એ ગીતનું પડદા પર ફિલ્માંકન ભિખારીઓ પર કરવામાં આવ્યું હતું. તેમણે રોમેન્ટિક ગીતો (ગોરી તુજે આના પડેગા - અલબેલી) અને હાલરડાં (ટીમ ટીમ કરતે તારે - ચિરાગ કહાં, રોશની કહાં) પણ લખ્યા છે.

આમ સંગીતકાર રવિનું યોગદાન એટલું વ્યાપક છે કે એક લેખમાં સમાવી ન શકાય. અન્ય લેખમાં એમના બીજાં યાદગાર ગીતો અને ગાયક સાથેની જોડીની ફરી વાત કરીશું ક્યારેક...■

શો-શરાબા

દિવ્યકાંત પંડ્યા

# ઈન્ડિયન ઓડિયન્સની ગ્લોબલ ડિમાન્ડ

## ભારત સાથે હોલિવૂડનું બોક્સઓફિસ સમીકરણ બદલાયું છે?

એક સમય હતો જ્યારે હોલિવૂડ માટે ભારત ખાસ મહત્ત્વનું માર્કેટ ગણાતું નહોતું. ફિલ્મ અહીં રિલીઝ થતી, બસ એટલું જ. પોસ્ટર આવી જાય, ટ્રેલર આવી જાય અને વાત પૂરી. સ્ટાર્સ અહીં પ્રમોશન માટે ખાસ આવતા નહોતા. ઘણી વાર અમેરિકામાં ફિલ્મ રિલીઝ થાય અને અહીં બે-ત્રણ અઠવાડિયા પછી આવે. ત્યારે લાગતું કે આપણે લિસ્ટમાં છેલ્લે છીએ, પણ હવે હોલિવૂડ ભારતને સિરિયસલી લે છે. અને આ બદલાવ છેલ્લાં થોડાં વર્ષોમાં જ આવ્યો છે.







પરિસ્થિતિ બદલાઈ રહી હતી, પણ ‘અવેન્જર્સઃ એન્ડગેમ’ પછી બધાને ખાસ સમજાયું કે ભારતમાં પાવર છે. એ ફિલ્મ માટે અહીં જે ક્રેઝ હતો એ કોઈ સામાન્ય વાત નહોતી. સવારે ૬ વાગ્યાના શો, લાંબી લાઈનો, ટિકિટના બ્લેક ... આ બધું આપણે જોયું.

સ્ટુડિયોઝને ક્લિયર મેસેજ ગયો કે જો ફિલ્મ ઇવેન્ટ જેવી હોય તો ભારતીય ઓડિયન્સ સંપૂર્ણ સપોર્ટ આપે છે. પછી ‘એવેટાર’ની બે સિક્વલ્સ આવી અને ફરી સાબિત થયું કે સ્કેલવાળી ફિલ્મ માટે લોકો થિયેટરમાં આવે છે. ઘણા અઠવાડિયા સુધી ફિલ્મ ચાલી. હવે ભારત ગ્લોબલ કલેક્શનનો ભાગ છે.

હવે રિલીઝ પેટર્ન જુઓ. પહેલાં અહીં ફિલ્મ મોડી આવતી. હવે મોટાભાગની મોટી હોલિવૂડ ફિલ્મ્સ અમેરિકા સાથે જ એ જ દિવસે અહીં રિલીઝ થાય છે. ‘સ્પાઇડર-મેનઃ નો વે હોમ’, ‘ડોક્ટર સ્ટ્રેન્જ’, ‘બ્લેક પેન્થર’, બધી સાથે જ રિલીઝ. કારણ સરળ છે. જો અહીં મોડું થશે તો પાયરસી થઈ જશે. લોકો ઑનલાઇન જોઈ લેશે. એટલે હવે સ્ટુડિયો પોતે જ ખાતરી કરે છે કે ભારત ફર્સ્ટ ટિયર માર્કેટ જેમ ટ્રીટ થાય.

ડબિંગમાં પણ મોટો ફેરફાર આવ્યો છે. હવે હિન્દી ડબ તો આવે જ છે, પણ સાથે તમિળ અને તેલુગુમાં પણ ફિલ્મ આવે છે. સાઉથ માર્કેટને હવે અવગણવામાં આવતું નથી. ‘ફાસ્ટ એન્ડ ફ્યુરિયસ’ હોય કે ‘જુરાસિક વર્લ્ડ ડોમીનિયન’, ડબ વર્ઝનનો ફાયદો સ્પષ્ટ દેખાય છે. લોકો પોતાની ભાષામાં એક્શન અને વિઝ્યુઅલ્સનો આનંદ લે છે. હોલિવૂડ હવે સમજે છે કે ફક્ત અંગ્રેજી જાણનાર ઓડિયન્સ પર આધાર રાખીને ચાલશે નહીં.




માર્કેટિંગમાં પણ ફેરફાર દેખાય છે. ‘મિશનઃ ઇમ્પોસિબલ ડેડ રેકનિંગ’ વખતે ટોમ ક્રૂઝે ભારતીય મીડિયા સાથે ખાસ વાત કરી. આ પહેલાં આવું ઓછું જોવા મળતું. ‘ફ્રોઝન ૨’ અને ‘ધ સુપર મારિયો બ્રધર્સ મૂવી’ જેવી એનિમેશન ફિલ્મ્સે અહીં પરિવાર ઓડિયન્સને ધ્યાનમાં રાખીને પ્રમોશન કર્યું.

પહેલાં હોલિવૂડ ફિલ્મ આવે એટલે સીધી જગ્યા મળી જતી. હવે એવું નથી. જો મોટી હિન્દી ફિલ્મ કે પેન-ઇન્ડિયા સાઉથ ફિલ્મ આવી રહી હોય તો હોલિવૂડ ડેટ બદલે છે. એ પણ હવે ભારતીય કેલેન્ડર જુએ છે, કારણ કે અહીંની ફિલ્મ્સ પણ હવે સ્કેલમાં મોટી છે. ‘બાહુબલી ૨’ અને ‘આરઆરઆર’ પછી ભારતીય દર્શકને ભવ્યતા અહીં પણ મળી રહે છે.

સ્ટ્રીમિંગે પણ મોટી ભૂમિકા ભજવી છે. નેટફ્લિક્સ, એમેઝોન પ્રાઇમ, ડિઝની+ આ બધાએ હોલિવૂડ કન્ટેન્ટને બધે પહોંચાડ્યું. ‘સ્ટ્રેન્જર થિંગ્સ’, ‘સ્કવીડ ગેમ’ જેવી સિરીઝ ભારતભરમાં લોકપ્રિય થઈ. જ્યારે લોકો ઘરે અમેરિકન શો જુએ છે, ત્યારે થિયેટરમાં આવતી ફિલ્મ માટે પણ એ વધુ તૈયાર હોય છે.

આઈમેક્સ સ્ક્રીન્સનું વધતું નેટવર્ક પણ મહત્ત્વનું છે. ‘ડ્યુનઃ પાર્ટ ટુ’ અને ‘ઓપનહાઇમર’ જેવી ફિલ્મ્સ માટે લોકો ખાસ આઈમેક્સમાં ગયા. પહેલા એવું નહોતું. મોટા સ્ટુડિયો હવે ભારતમાં પોતાની પકડ મજબૂત કરવા માંગે છે. ડિઝનીએ સ્ટાર ઈન્ડિયા ખરીદી પછી પરિસ્થિતિ જ બદલી નાખી. ડિઝની+ હોટસ્ટારના (હવે જિયો હોટસ્ટાર) કારણે માર્વેલ અને બીજા હોલિવૂડ બ્રાન્ડ્સ સીધા ઘર સુધી પહોંચી ગયા.

એ છતાં ભારત એકસરખું માર્કેટ નથી. મુંબઈ, દિલ્હી, બેંગલુરુ જેવાં મોટાં શહેરોમાં હોલિવૂડ ફિલ્મ્સ સરળતાથી ચાલે છે. પણ નાનાં શહેરોમાં હજી પણ ફક્ત મોટી એક્શન કે સુપરહીરો ફિલ્મ જ કામ કરે છે. સામાન્ય ડ્રામા ફિલ્મને ત્યાં એટલો રિસ્પોન્સ મળતો નથી. એટલે સ્ટુડિયો હવે સમજવા લાગ્યા છે કે દરેક શહેર માટે અલગ વિચારવું પડે. ક્યાં વધારે શો મૂકવા, ક્યાં ડબ વર્ઝન પર ભાર આપવો, આ બધું હવે ગણતરીથી થાય છે.

ફેન કલ્ચર પણ હવે વધ્યું છે. કોમિક કોન જેવી ઇવેન્ટ્સમાં યુવાઓ માર્વેલ કે ડીસી પાત્રોના કપડાં પહેરીને આવે છે.

સુપરહીરો ફિલ્મ રિલીઝ થાય ત્યારે મિડનાઈટ શો હાઉસફુલ થાય છે. આ ક્રેઝ પહેલા ઓછો હતો. એક મોટું કારણ ચીન માર્કેટનું અનિશ્ચિત થવું પણ છે. પહેલા ઘણા હોલિવૂડ બ્લોકબસ્ટર માટે ચીન મોટી કમાણી આપતું. હવે ત્યાં રેગ્યુલેશન અને પોલિટિકલ પરિસ્થિતિને કારણે અનિશ્ચિતતા છે. આવી સ્થિતિમાં ભારત સ્થિર અને વધતું માર્કેટ લાગે છે. યુવા વસતિ મોટી છે. મલ્ટિપ્લેક્સ ચેઇન્સ ટિયર-૨ શહેરોમાં ફેલાઈ રહી છે. આ લાંબા ગાળે સ્ટુડિયોઝ માટે આકર્ષક છે.

સાચી વાત એ છે કે હોલિવૂડ હવે ભારતને ગંભીરતાથી ગણે છે. રિલીઝ ડેટ, ડબિંગ, માર્કેટિંગ, પ્રીમિયમ સ્ક્રીન્સ બધું જ પ્લાનિંગ સાથે થાય છે. ભારતીય ઓડિયન્સ પણ ગ્લોબલ ફિલ્મ્સ વિશે અપડેટેડ છે. અમદાવાદ કે મુંબઈનો યુવાન ‘ડ્યુન’ કે ‘ધ બેટમેન’ વિશે એટલી જ ચર્ચા કરે છે જેટલી અમેરિકામાં થાય છે. ■

**લાસ્ટ શૉટ**


*‘ઓપનહાઇમર’ કોઈ માસ એક્શન ફિલ્મ નહોતી. છતાં ભારતમાં તેને જબરદસ્ત રિસ્પોન્સ મળ્યો હતો.*

ક્લેપ એન્ડ કટ..!

સિદ્ધાર્થ છાયા

## ૧૦૦ અઠવાડિયા તરફ આગળ વધતી એક અજાણી ફિલ્મ

છેલ્લાં ત્રીસ વર્ષમાં જે નથી થયું એ હવે થવા જઈ રહ્યું છે. આજે એક ફિલ્મ તેનાં ૯૯ અઠવાડિયા પૂરાં કરવા જઈ રહી છે.




અહીંથી શરત મારવામાં આવે છે કે ‘ક્લેપ એન્ડ કટ’ વાંચનારામાંથી ૯૯ ટકાને આ ફિલ્મનું નામ પણ ખબર નહીં હોય. જો એવું હોય તો પછી એવી તે કેવી આ ફિલ્મ છે જે આવતાં શુક્રવારે ૧૦૦ અઠવાડિયાં પૂરાં કરવાં જઈ રહી છે

વેલ, આ ફિલ્મનું નામ છે ‘અમીના’!

ઓત્તારી! આવી પણ કોઈ ફિલ્મ છે? આવું મોઢામાંથી નીકળી ગયું ને? એ જ તો વાત છે. આ ફિલ્મ ૧૨ એપ્રિલ ૨૦૨૪નાં દિવસે અક્ષય અને ટાઈગરની ‘બડે મિયાં છોટે મિયાં’નાં એક દિવસ પછી અને અજય દેવગણની ‘મૈદાન’નાં બે દિવસ પછી રિલીઝ થઇ હતી. પેલી બે ફિલ્મ ખાસ ઉકાળી શકી ન હતી, પણ ‘અમીના’ આજેય નોટ આઉટ રમી રહી છે!

‘અમીના’ મુંબઈનાં ગોરેગાંવ વિસ્તારમાં આવેલા એક મલ્ટીપ્લેક્સમાં આજે પણ દરરોજ સવારે દેખાડવામાં આવે છે. જો તમે કોઈ બુકિંગ એપ ખોલશો તો એમાં આ ફિલ્મની દર રોજ એક રોની ૨૦ સીટ બુક થયેલી જોશો. જો તમે આ વાંચીને એ મલ્ટીપ્લેક્સમાં ‘અમીના’ જોવા જશો તો તમને ટિકિટ ચોક્કસ મળશે, પણ એ શક્ય છે કે એસી તમારી વિનંતી બાદ જ ચાલુ કરવામાં આવે...!

હજી મોટો આઘાત આપીએ તો આ ફિલ્મ ફક્ત ભારત નહીં, પરંતુ ફોરેન લોકેશન પર પણ શૂટ થઇ છે. કલાકારોમાં ફક્ત અનંત મહાદેવન જાણીતું નામ છે. જે હોય તે પણ કોઇ પણ રીતે પોતાની ફિલ્મ ૧૦૦ અઠવાડિયાં પૂરી કરે એવી જીદ રાખનારા પ્રોડ્યુસરને ધન્ય છે!

## વિપુલ શાહનો આ છે ‘કરારો જવાબ!’



જ્યારે ‘ધ કેરેલા સ્ટોરી ટૂ’નું ટ્રેલર આવ્યું ત્યારે અનુરાગ કશ્યપે તેને ‘વાહિયાત’ કહી હતી. વાહિયાત શબ્દ તો આપણે કીધો બાકી કશ્યપે તો અપશબ્દ જ વાપર્યો હતો. તેણે ફિલ્મનાં અમુક દૃશ્યો પર પણ વાંધો ઉઠાવ્યો હતો. કશ્યપનું કહેવું હતું કે આ રીતે કોઈ ખીચડી પણ ફોર્સથી નથી ખવડાવતું તો આ રીતે ફિલ્મમાં ગૌમાંસ ખવડાવે છે એ કેવી રીતે શક્ય છે?

અનુરાગ કશ્યપ આમ પણ પોતાને ગમે એ એજન્ડા ફેલાવવા માટે જાણીતાં છે. પણ એમ એ પોતાનો એજન્ડા ફેલાવીને જતાં રહે એ થોડું ચાલે? એટલે ‘કેરેલા સ્ટોરી’નાં બંને ભાગનાં પ્રોડ્યુસર વિપુલ અમૃતલાલ શાહે અનુરાગ કશ્યપને ‘કરારો જવાબ’ આપ્યો છે. વિપુલ શાહે અનુરાગ કશ્યપની એક ફિલ્મ જેનું નામ હતું ‘ધેટ ગર્લ ઇન યલો બૂટ્સ’ને યાદ કરી છે. આ ફિલ્મ ૨૦૧૧માં રિલીઝ થઇ હતી. વિપુલ શાહે સ્પષ્ટ શબ્દોમાં અનુરાગ કશ્યપને કહ્યું છે કે જે ડાયરેક્ટર પોતાની (ઉપરોક્ત) ફિલ્મમાં પિતા-પુત્રી વચ્ચેનાં અવૈધ સંબંધોને યોગ્ય દેખાડી શકતો હોય એની ટીકાને અમે શા માટે ગંભીરતાથી લઈએ? વિપુલ શાહે ભલે હેડલાઈન ચમકાવતી વાત કરી હોય, પરંતુ એમની વાત સાવ ખોટી તો નથી જ ને?

## બે ઈન્ટરવલનો જમાનો પાછો આવશે?



ઈદના દિવસે ‘ધૂરંધર- ૨’ અને ‘ટોક્સિક’ બે ફિલ્મો રિલીઝ થવાની છે. આ બંને ફિલ્મો પણ લાંબી હોવાની વાત કન્ફર્મ થઇ છે. ‘ટોક્સિક’ ૨ કલાક ૨૦ મિનિટની હશે તો ધૂરંધર’ પોતે ૩ કલાક ૩૪ મિનિટ લાંબી હતી જે ભારતીય ફિલ્મ ઇતિહાસમાં એક રેકોર્ડ છે, પરંતુ હવે તેનો બીજો ભાગ એનાંથી પણ લાંબો હશે એવાં પાક્કાં સમાચાર આવી રહ્યાં છે.

જો આ સમાચાર સાચાં હશે તો ‘ધુરંધર ૨’ ઓછામાં ઓછી ૩ કલાક ૪૫ મિનિટ અને વધુમાં વધુ ૩ કલાક ૫૫ મિનિટ લાંબી હશે! ‘ધુરંધર’ને એટલી સુંદર રીતે ડાયરેક્ટ અને એડિટ કરવામાં આવી હતી કે એનો ઈન્ટરવલ ૨ કલાકે ક્યારે પડ્યો એની ખબર પણ નહોતી પડી. પણ હવે જો તેનો ઉચ્ચતમ રન ટાઇમને સાચો ગણી લેવામાં આવે તો શું આ ફિલ્મને બે ઈન્ટરવલની જરૂર પડશે એવું નથી લાગતું?

આશા રાખીએ કે ફિલ્મ એટલી સારી હોય કે એને જોવામાં કંટાળો ન આવે. તો પણ શું? લગભગ ૪ કલાકની ફિલ્મ બે ભાગમાં જોવા કરતાં જો બે ઈન્ટરવલ હોય તો એ યોગ્ય નહીં હોય? આપણે આપણાં બાપદાદાઓ પાસેથી સાંભળ્યું છે કે રાજ કપૂરની બે ફિલ્મ અનુક્રમે ‘સંગમ’ અને ‘મેરા નામ જોકર’ આ બંનેમાં બે-ઈન્ટરવલ હતાં. એટલે આ વાત બોલિવૂડ માટે નવી નથી. તો શું આદિત્ય ધર આપણને ફરીથી ઇતિહાસનો અનુભવ કરાવશે કે પછી બબ્બે કલાકનાં બે ભાગમાં ફિલ્મ દેખાડશે? ■

**કટ એન્ડ ઓકે...**



*મહેશ બાબુ અને પ્રિયંકા ચોપરા સ્ટારર રાજમૌલીની ફિલ્મ ‘વારાણસી’નું કેટલુંક શૂટિંગ એન્ટાર્કટિકાનાં રોસ આઈસ શેલ્ફ ખાતે થશે!!*

ફિલ્મનામા
નરેશ શાહ

# ન્યાયનો જંગ ને પ્રેમનો પ્રતાપ

## વેબ સિરીઝ 'જેહાનાબાદ'નો નક્સલવાદ સ્નેહના સિરપમાં ઝબોળેલો છે!

લાગણીનો લગાવ અને ફરજની ફિતરત વચ્ચેનો જંગ કાયમ આકર્ષક રહ્યો છે. ભલે, તેમાં દેખીતી રીતે જીત ફરજ કે ન્યાયની થતી હોય પણ 'બાજીગર'ની જેમ વિજયી ભવઃ તો મહોબ્બત જ બને છે અને આ સૂર 'સોની લીવ' પર સ્ટ્રીમ થયેલી વેબસિરીઝ 'જેહાનાબાદ'નો રહ્યો છે. આ સિરીઝનું સૌથી મોટું જમા પાસું તેના શો-રનરનું નામ છેઃ સુધીર મિશ્રા.

એકદમ અલગ મિજાજ અને માટી સાથે જોડાયેલી વાસ્તવિક્તાનું ચિત્રણ કરવા માટે સુધીર મિશ્રા જાણીતા છે. તેમની ફિલ્મો (ખોયા ખોયા ચાંદ, ચમેલી, હજારો ખ્વાહીશે ઐસી, કલકત્તા મેલ, યે સાલી જિંદગી) એ સાબિત કર્યું છે કે આ એક નોખી માટીનો બંદો છે. 'જેહાનાબાદ ઓફ લવ એન્ડ વોર' જેવું સાંકેતિક ટાઈટલ ધરાવતી સિરિયલમાં પણ નામ પ્રમાણેના ઈન્ગ્રીડિએન્ટ છે.




ભારતમાં અનેક રીતે કુખ્યાતિ ધરાવતા બિહાર રાજ્યના જેહાનાબાદ શહેરમાં એક જ દિવસે બે ઘટના બને છે. અન્યાય માટેની લડાઈ લડતા કોમરેડ દિપકકુમારને જેહાનાબાદની જેલમાં પકડીને લાવવામાં આવે છે અને એ જ અરસામાં શહેરની કોલેજમાં અભિમન્યુ સિંહ નામના અંગ્રેજીના પ્રોફેસરની પણ નિમણૂક થાય છે. યોગાનુયોગ છે કે માથે ચૂંટણી ઝળુંબી રહી છે. બન્ને કહાણી (દીપકકુમાર અને અભિમન્યુ સિંહની) એકબીજામાં ગુંચવાયા વગર સમાંતર વિકસતી રહે છે. દર્શક તરીકે આપણને સિરીઝનું નામ (જેહાનાબાદ ઓફ લવ એન્ડ વોર) જસ્ટીફાય થતું લાગે. આકર્ષક પ્રોફેસર અભિમન્યુ સિંહ (રીત્વિક ભૌમિક) પાબ્લો નેરૂદા અને દુષ્યંતકુમારની કવિતાઓ ટાંકીને સ્ટુડન્ટને ભણાવે છે, પણ શરૂઆતમાં (દેખાવ અને ક્યૂટનેસને કારણે) પ્રોફેસરને જ નવો સ્ટુડન્ટ સમજી લેનારી કસ્તુરી મિશ્રા (હર્ષિતા કૌર) તેના પ્રેમમાં પડી જાય છે.

બીજી તરફ જેહાનાબાદની જેલમાં રહેલો કોમરેડ દીપકકુમાર (પરમબ્રાતા ચટ્ટોપાધ્યાય) ચૂંટણી જીતવાનું પ્યાદું બની ગયો છે અને નક્સલ-ગેંગ તેને જેલમાંથી ભગાડી જવાના પ્રયાસમાં લાગેલી છે.

સ્વાભાવિક છે કે આ કારણે 'જેહાનાબાદ'માં મોટું કમઠાણ સર્જાવાનું છે. પ્રોફેસર અભિમન્યુ સિંહના પટના રહેતા મામા છે તો કસ્તુરીના માતા-પિતા છે. પિતા જેહાનાબાદની જેલની કેન્ટિન અને શોપના ઈન્ચાર્જ છે. એક ચૂંટણી હારી ચૂકેલા નેતા રજત કપૂર છે તો સામે લડી રહેલાં નેતા છે. રજત કપૂરને વફાદાર એવો એસપી અધિકારી છે તો કોમરેડને જેલમાંથી ભગાડી જવા માટે નકસલીઓની ફૌજ છે. આ બધાં પાત્રોના તાણાવાણા ગૂંથવા એ અઘરું કામ છે, પણ લેખક-ડિરેક્ટર રાજીવ બર્નવાલ અને સત્યાંશુ સિંહ તેમાં નિપુણ પુરવાર થયા છે.

સામાન્ય રીતે આપણને વિખવાદ, વિરોધ, લડાઈમાં રસ પડે પણ આ બધાની સાથે એક લવસ્ટોરીને પણ ચોંટાડી રાખે તેવો શેઈપ આપવો, એ અઘરું કામ છે, પરંતુ પ્રોફેસર-સ્ટુડન્ટની લવસ્ટોરી 'જેહાનાબાદ'ની કદાચ, સૌથી મોટી હાઈલાઈટસ છે.

બિહારના રાજકારણ પર, બિહાર કલ્ચરનો એક ભાગ લાગતી ક્રાઈમ સ્ટોરીના બેકડ્રોપ પર અનેક શો ફિલ્મો અને વેબસિરીઝ બની છે. સેન્સર વગરના ઓટીટી પ્લેટફોર્મે તેની બેધડકપણું પણ ખોબલે ખોબલે આપી દીધું છે, છતાં કહેવું પડશે કે 'જેહાનાબાદ'માં એક વેગળાપણું અનુભવી શકાય છે. તેના રનર, લેખક અને ડિરેક્ટરોને ન્યાય કરવા માટે ઉમેરવું જોઈએ કે આ વેબસિરીઝમાં લવસ્ટોરી અને નક્સલોની લડાઈ અલગ ચાલતી રહે છે, પણ અડધેથી એ બન્ને ક્રોસ થાય છે ત્યારે ખરતાં તણખાં તમને દઝાડે છે. દર્શક તરીકે આપણને અડધા રસ્તે પહોંચ્યા પછી ખબર પડે છે કે વેબસિરીઝની અલગ અલગ આગળ વધતી બધી કેડીઓ એક જ ધોરી માર્ગ પર એકઠી થઈ જાય છે અને 'જેહાનાબાદ - ઓફ લવ એન્ડ વોર' આ મુદ્દે જ બીજી વેબસિરીઝથી અલગ પડે છે. સહજ છે કે પોતાના ઉદ્દેશ માટે નીકળેલો માણસ હઠપૂર્વક તેની મંઝિલે તો પહોંચે જ છે પણ માર્ગમાં આવતા પડાવ સાથે થતાં લગાવ પણ તેની કમજોરી બનતાં જાય છે. સામે પક્ષે પ્રેમ કેવી પ્રચંડ ઈચ્છા શક્તિ ધરાવતાં પરિણામો આપણી સમક્ષ ધરી દે છે, એ 'જેહાનાબાદ - ઓફ લવ એન્ડ વોર' વેબસિરીઝની છેલ્લી પાંચ સેકન્ડમાં તમને જોવા મળે છે અને તમે એક વિચિત્ર લાગણી સાથે વિસ્ફારિત નજરે સ્તબ્ધ થઈ જાવ છો! ■

મનોરંજનનું મેઘધનુષ
ઉમેશ ત્રિવેદી

# રાધિકા મદાન

## ટેલિવિઝન સિરિયલથી ફિલ્મો સુધીની સફળ કારકિર્દી

**રાધિકા મદાન** એ નામ ઘણાને નવું લાગશે, પણ એક ઉત્કૃષ્ટ અભિનેત્રી તરીકે નામના મેળવનારી રાધિકાએ ટેલિવિઝનથી માંડીને બોલિવૂડની સફર ખૂબ જ સહેલાઈથી પાર કરી છે. આ અઠવાડિયે તેની ફિલ્મ 'સુબેદાર' સીધી જ ઓટીટી પર રિલીઝ થઈ રહી છે. ફિલ્મમાં મુખ્ય ભૂમિકા અનિલ કપૂર, રાધિકા મદાન અને મોના સિંહની છે.

૧૯૯૫માં દિલ્હીમાં હિન્દુ કુટુંબમાં જન્મેલી રાધિકાએ તેનું શાળા શિક્ષણ દિલ્હીમાં પૂરું કર્યું છે અને સ્નાતક સુધીનો અભ્યાસ પણ દિલ્હીમાં જ પૂરો કર્યો છે. સ્નાતક થયા પછી તેણે અભિનય કારકિર્દી તરફ વળવાનો નિર્ણય કર્યો અને એ માટે તેણે પહેલાં ટેલિવિઝનથી શરૂઆત કરવાનો નિર્ણય કર્યો.



'કલર્સ' પર આવનારી દૈનિક ધારાવાહિક 'મેરી આશિકી તૂમસે હીં'માં શક્તિ અરોરા સામે તેણે ઈશાની વાઘેલા નામની ભૂમિકા કરી. આ દૈનિક ધારાવાહિકમાં તેણે જૂન-૨૦૧૪થી કરીને ફેબ્રુઆરી ૨૦૧૬ સુધીમાં લગભગ ૪૦૦ એપિસોડ કર્યા. તે ધીરે-ધીરે આગળ વધવા માગતી હતી એટલે આ દૈનિક ધારાવાહિક દરમિયાન જ તેણે પોતાની નૃત્યકલાની જાણ કરવા માટે 'કલર્સ'ના જ 'ઝલક દિખલા જા'માં કામ કર્યું. ત્યાં પણ તેને સફળતા મળી. આ પછી તેણે ૨૦૧૭માં એક સિરિયલમાં અભિનય કર્યો અને પછી તેણે ટેલિવિઝન છોડી દીધું.

આ ત્રણ વર્ષની તેની મહેનત રંગ લાવી અને ૨૦૧૮માં તેણે વિશાલ ભારદ્વાજની ફિલ્મ 'પટાખા'માં તક મળી. આ ફિલ્મ બે બહેનોની વાત પર બનેલી હતી. વિશાલ ભારદ્વાજની આ ફિલ્મમાં તેની સાથે સાન્યા મલ્હોત્રાની મુખ્ય ભૂમિકા હતી. ફિલ્મની ભૂમિકા માટે રાધિકાને 'સ્ક્રીન એવોર્ડસ ફોર બેસ્ટ ફીમેલ ડેબ્યુ'નો એવોર્ડ પણ મળ્યો હતો.

વિશાલ ભારદ્વાજની ફિલ્મ પછી રાધિકાને કોમેડી ફિલ્મ 'મર્દ કો દર્દ નહીં હોતા' મળી. જેમાં તેનો હીરો નવોદિત અભિમન્યુ દસાની હતો. સાથે ગુલશન દેવૈયા, મહેશ માંજરેકર અને જિમિત ત્રિવેદી જેવા કલાકારો હતા. આ ફિલ્મ ૨૦૧૮માં રજૂ થઈ હતી. ફિલ્મને બોક્સઓફિસ પર બહુ સફળતા મળી નહોતી.

૨૦૨૦માં આવેલી 'અંગ્રેજી મીડિયમ' ફિલ્મથી રાધિકા મદાનની લોકોએ નોંધ લેવાની શરૂઆત કરી. ઈરફાન ખાન અભિનીત આ ફિલ્મમાં કરીના કપૂર ખાન પણ હતી. ફિલ્મમાં રાધિકાએ ઈરફાન ખાનની પુત્રીની ભૂમિકા કરી હતી. આ ભૂમિકાથી રાધિકાને ઘણી લોકપ્રિયતા મળી અને એક ઉત્કૃષ્ટ અભિનેત્રી તરીકે તેની ઓળખ થવા લાગી હતી. ત્યાર બાદ ૨૦૨૧માં આવેલી 'શિદ્દ:ત'થી તો રાધિકા મદાને એક અભિનેત્રી તરીકે ભરપૂર નામના મેળવી લીધી હતી. ફિલ્મમાં તેની સાથે સન્ની કૌશલ, મોહિત રૈના અને ડાયેના પેન્ટી હતાં. આ ફિલ્મે બોક્સ ઓફિસ પર પણ કમાલ દાખવી હતી.

જોકે, રાધિકાની ફિલ્મોને બોક્સ ઓફિસ પર જોઈએ એવી સફળતા મળતી નહોતી પણ બીજી તરફ તેને ઉત્કૃષ્ટ અભિનેત્રી તરીકે સતત માન્યતા મળતી જતી હતી. તેનાં કુદરતી અભિનયના લાખ્ખો ચાહકો થયા હતા. ૨૦૨૨માં 'મોનિકા ઓ માય ડાર્લિંગ' અને 'સના', ૨૦૨૩માં 'કુત્તે', 'કચ્ચે લિમ્બુ', 'સજની શિંદે કા વાઈરલ વીડિયો', ૨૦૨૪માં 'સરફીરા' અને 'જિગરા'માં તે દેખાઈ અને હવે ૨૦૨૬માં તે 'સુબેદાર'માં દેખાશે.

૨૦૨૧માં તેણે ફરી એક વાર ટેલિવિઝન પર શરૂઆત કરી. 'રે' નામની ફિલ્મ માટે તેને 'ફિલ્મફેર'નો ઓટીટીનો એવોર્ડ મળ્યો. ૨૦૨૧માં જ તેણે 'ફિલ્મ લાઈક ઈશ્ક'માં પણ અભિનય કર્યો અને ૨૦૨૩માં આવેલી ક્રાઈમ સિરીઝ 'સાસ બહુ ઔર ફ્લેમિંગો'માં તો તેનું કામ ખૂબ જ વખણાયું હતું. 'ડિઝની હોટસ્ટાર' પર રજૂ થયેલી આ સિરીઝમાં ડિમ્પલ કાપડિયા, ઈશા તલવાર, અંગીરા ધર, જિમિત ત્રિવેદી, દીપક ડોબરિયાલ અને નસીરુદ્દીન શાહ જેવાં કલાકારોની વચ્ચે તેનું કામ ખૂબ વખણાયું હતું.

૨૦૨૩માં રાધિકા નોન-વેજ ખાવાનું બંધ કરીને 'વેગન' બની ગઈ ત્યારે તેણે 'પેટા ઈન્ડિયા'ની 'ટ્રાય વેગન' ઝુંબેશમાં પણ ભાગ લીધો હતો. ૨૦૧૫માં રાધિકાને 'સેક્સીએસ્ટ એશિયન વિમેન'ની યાદીમાં ૨૪મો ક્રમાંક મળ્યો હતો અને ૨૦૨૪માં 'ફોર્બ્સ ઈન્ડિયા'ની '૩૦ અંડર ૩૦'માં યાદીમાં તેનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

અત્યારે ૩૧ વર્ષની થયેલી રાધિકા મદાન પોતાની રીતે એક પછી એક સફળતા મેળવતી જાય છે અને સતત આગળ વધતી જાય છે. તે પોતાનું કામ એટલે અભિનય સારી રીતે કરી જાણે છે અને સતત કાંઈક સારું કરવાની ધગશ ધરાવે છે. એટલે જ ટીવી સિરિયલથી કારકિર્દી શરૂ કરીને ફિલ્મો સુધી પહોંચેલી આ અભિનેત્રી એક પછી એક નામના મેળવતી જાય છે.

ઈરફાન ખાન, નસીરુદ્દીન શાહ, ડિમ્પલ કાપડિયા જેવાં દિગ્ગજ કલાકારો સાથે કામ કરીને તેમાંથી પ્રેરણા લઈને તે પોતાનો અભિનય સુધારતી જાય છે. 'સુબેદાર' ફિલ્મ સીધી જ ઓટીટી પર રજૂ થવાની છે એટલે તેની સફળ ફિલ્મની યાદીમાં તેનો સમાવેશ નહીં થાય, પણ અનિલ કપૂર સાથેની આ ફિલ્મથી તેની પ્રતિષ્ઠામાં વધારો જરૂર થશે.

OTTનું હોટસ્પોટ

## ૭ થી ૧૩ માર્ચ ૨૦૨૬ સુધી શું જોશો?

## રૂા. ૧૦૦ કરોડથી વધુ કમાણી કરનારી પ્રથમ ગુજરાતી ફિલ્મનું ઓટીટી પર પ્રસારણ

ગુજરાતી ફિલ્મોમાં અનેરો ઈતિહાસ સર્જનારી ફિલ્મ 'લાલો-કૃષ્ણ સદા સહાયતે' હવે ઓટીટી પર રિલીઝ થઈ રહી છે ત્યારે કયા વિક્રમો સર્જે છે એ જોવું રસપ્રદ સાબિત થશે. રીવા રાછ, કરણ જોશી, સૃહાદ ગોસ્વામી અભિનીત આ ફિલ્મના દિગ્દર્શક અંકિત સાબિયા છે. આ પ્રથમ એવી ગુજરાતી ફિલ્મ છે જેણે બોક્સ ઓફિસ પર રૂા. ૧૦૦ કરોડથી વધુની કમાણી કરીને ગુજરાતી ફિલ્મોને નવી દિશા ચીંધી છે. એક વ્યક્તિના લાલો એટલે કૃષ્ણ પરના વિશ્વાસની કથા કહેતી આ ફિલ્મ હવે ઓટીટી પર 'સોની લીવ' પ્લેટફોર્મ દ્વારા રજૂ થઈ રહી છે. આ ફિલ્મ આજે છઠ્ઠી માર્ચે જ રજૂ થઈ રહી છે, જે જોવાનું ચૂકશો નહીં.

એ અગાઉ પાંચમી માર્ચે અનિલ કપૂર અભિનીત 'સુબેદાર' એમેઝોન પ્રાઈમ પર રજૂ થઈ ચુકી છે.

* **ઝી ફાઈવઃ** પંકજ કપૂર, ડિમ્પલ કાપડિયા, અપારશક્તિ ખુરાના અને સમીર સોની અભિનીત હિન્દી ફિલ્મ 'જબ ખુલી કિતાબ' આજે છ માર્ચે આ ઓટીટી ચેનલ પર રજૂ થઈ રહી છે.

* **નેટફ્લિક્સઃ** નેટફ્લિક્સ પર આજે છઠ્ઠી માર્ચે ત્રણ અલગ - અલગ પ્રકારની ફિલ્મ અને સિરીઝ રજૂ થઈ રહી છે. તેમાં પહેલી ફિલ્મ એક રોમાન્ટીક ડ્રામા છે. 'વિથ લવ' એ એક તમિળમાં બનેલી ફિલ્મ છે, પણ આજે (છઠ્ઠી માર્ચે) તે એકસાથે અનેક ભાષામાં રિલીઝ થશે. બીજી ફિલ્મ 'બોયફ્રેન્ડ ઓન ડિમાન્ડ' છે. કોરિયન રોમાન્ટીક કોમેડી ફિલ્મ આજે જ આ ચેનલ પર રજૂ થશે અને ત્રીજી એક ડોક્યુમેન્ટ્રી સિરીઝ છે, જેનાં નિર્માતા સ્ટીવન સ્પીલબર્ગ છે. 'ધ ડાયનોસોર્સ' નામની આ સિરીઝનો આજે પ્રીમિયર છે.

આ ઓટીટી ચેનલ પર સાત માર્ચે 'ન્યુરેમ્બર્ગ' નામની સિરીઝ, ૧૦મી માર્ચે 'વન પીસ'ની સીઝન-ટુ અને ૧૨મી માર્ચે 'મેડ ઈન કોરિયા' નામની સિરીઝનું પ્રસારણ થશે.

* **જિયો હોટસ્ટારઃ** જિયો હોટસ્ટાર પર નવમી માર્ચે 'રુસ્ટર' નામની નવી નક્કોર સિરીઝ રજૂ થવાની છે.

આ સિવાય ૮ માર્ચે આઈસીસી ટી-૨૦ વર્લ્ડ કપની ફાઈનલનો રોમાંચ જરૂરથી માણવા મળશે. છેલ્લાં એક મહિનાથી ચાલી રહેલી આ સ્પર્ધામાં વિજેતાનું નામ આપણને ટૂંક સમયમાં જાણવા મળશે. તે અગાઉ ચાર માર્ચે અને પાંચ માર્ચે બે સેમિ-ફાઈનલ રમાવાની છે, જે આ છપાતાં અગાઉ તેનાં રિઝલ્ટ આવી ગયા હશે.

આ ટી-૨૦ વર્લ્ડ કપ પૂરો થશે ત્યાં જ ભારતમાં ફરી એકવાર આઈપીએલની શરૂઆત થવાની 'કાઉન્ટ ડાઉન' શરૂ થઈ ચૂક્યું છે. ■

# ક્વિક ફિલ્મી ક્વિઝ

નીલા સુનીલ મહેતા

### ક્વિઝ (૧૫૩)

**આ કલાકાર જોડીની એક ફિલ્મનું ગીત જાણો છો જેમાં દોસ્ત /દોસ્તી શબ્દ છે?**

૧) અમિતાભ બચ્ચન - શત્રુઘ્ન સિન્હા
૨) રાજ કપૂર - રાજેન્દ્ર કુમાર
૩) અમિતાભ બચ્ચન - ધર્મેન્દ્ર
૪) જીતેન્દ્ર - શત્રુઘ્ન સિન્હા
૫) સલમાન ખાન - રાહુલ રોય
૬) અક્ષય કુમાર - સૈફ અલી ખાન
૭) ધર્મેન્દ્ર - શત્રુઘ્ન સિન્હા

### ક્વિઝ (૧૫૪)

**આ કલાકારો એ કયા આર્મી ઓફિસરની ભૂમિકા કઈ ફિલ્મમાં ભજવી હતી જાણો છો?**


૧) સિદ્ધાર્થ મલ્હોત્રા
૨) અજય દેવગન
૩) ઈશાન ખટ્ટર
૪) વિકી કૌશલ
૫) જહોન અબ્રાહમ
૬) સન્ની દેઓલ
૭) ફરહાન અખ્તર



જવાબ માટે જુઓ 'ફન વર્લ્ડ'

ટૂંકું ને ટચ
નિધિ ભટ્ટ

# અમિતાભ બચ્ચનની રહસ્યમય ટ્વીટ પર ભડક્યા યુઝર્સ



**બોલિવૂડના** શહેનશાહ અમિતાભ બચ્ચન પોતાની ફિલ્મોની સાથે સાથે સોશ્યલ મીડિયા પરની અજીબોગરીબ પોસ્ટ માટે પણ જાણીતા છે. જોકે, હાલમાં જ તેમણે કરેલી એક ટૂંકી ટ્વિટને કારણે નેટિઝન્સનો પિત્તો ગયો છે.

૮૩ વર્ષીય બિગ બી અવારનવાર 'નંબર ગેમ' અને કોયડા જેવી વાતો લખતા હોય છે, પરંતુ આ વખતે યુઝર્સની ધીરજ ખૂટી હોવાની વાત કહી અભિનેતાને આડે હાથ લીધા હતા. સોશ્યલ મીડિયા પર લોકો આ ટ્વિટને વર્તમાન વૈશ્વિક યુદ્ધની પરિસ્થિતિ સાથે જોડીને અલગ-અલગ અર્થ કાઢી રહ્યા છે.

અમિતાભ બચ્ચને પોતાના X (ટ્વિટર) એકાઉન્ટ પર માત્ર એટલું લખ્યું કે- 'T 5672 - હો ગયા.' આ જોઈને લોકોએ સવાલોનો મારો ચલાવ્યો હતો. કેટલાક લોકોએ આ પોસ્ટને અમેરિકા-ઈઝરાયલ દ્વારા ઈરાન પર કરાયેલા હુમલા સાથે જોડી દીધી હતી, તો કેટલાકે તેમની આ શૈલીનું નાટક ગણાવ્યું હતું.


એક યુઝરે ગુસ્સામાં લખ્યું હતું કે 'હા, યુદ્ધ થઈ ગયું, હવે તમે ચૂપ રહો.' તો અન્ય એકે સલાહ આપી કે 'સર, તમે આટલા મોટા કલાકાર છો, થોડું સેન્સિબલ ટ્વીટ કરો, નંબર ગેમ છોડી તમારા વિચાર સાંભળવા માગીએ છીએ, આવું નાટક નહીં કરો.'

બિગ બીની આ પ્રકારની ટ્વીટ્સથી પરેશાન થયેલા યુઝર્સે તેમને પબ્લિક ફિગર તરીકેની જવાબદારી યાદ અપાવી હતી. લોકોનું કહેવું છે કે દુનિયા તેમને સાંભળવા માગે છે, તેમના વિચારો જાણવા માગે છે, નહીં કે આવા રહસ્યમય નંબરો. હદ તો ત્યારે થઈ જ્યારે એક યુઝરે અભિષેક બચ્ચનને ટેગ કરીને સલાહ આપી દીધી કે તેણે પોતાના પિતાને કોઈ સારા ડૉક્ટરને બતાવવા જોઈએ. યુઝર્સનો ગુસ્સો એ વાત પર વધુ છે કે અમિતાભ ક્યારેય યુવાનોને પ્રેરણા આપે તેવા સ્પષ્ટ વિચારો રજૂ કરતા નથી.

અમિતાભ બચ્ચન હાલમાં પોતાની બ્લોકબસ્ટર ફિલ્મ 'કલ્કી ૨૮૯૮ AD'ના સિક્વલના શૂટિંગમાં વ્યસ્ત છે. આ ફિલ્મમાં તેમની સાથે પ્રભાસ અને કમલ હાસન જેવા દિગ્ગજ કલાકારો છે. રસપ્રદ વાત એ છે કે, આ સિક્વલમાં સાઈ પલ્લવીએ દીપિકા પાદુકોણને રિપ્લેસ કરી હોવાની ચર્ચા છે.

તાજેતરમાં જ તેમણે 'કૌન બનેગા કરોડપતિ ૧૮'નું શૂટિંગ પૂર્ણ કર્યું છે. ૨૦૨૩ પછી ફેન્સ તેમને મોટા પડદે જોવા માટે આતુર છે, પરંતુ હાલમાં તો તેઓ ફિલ્મો કરતા પોતાની ટ્વીટસને કારણે વધુ ચર્ચામાં છે. ■

# અર્જુન-સાનિયાનાં લગ્નમાં સેલિબ્રિટીઝની હાજરી






મુંબઈમાં ગઈ કાલે જાણીતી ફાઈવસ્ટાર હૉટેલમાં અર્જુન તેન્ડુલકર અને સાનિયા ચંડોક (ઉપર, ડાબે)ના લગ્નપ્રસંગે ઉપસ્થિત મુકેશ અંબાણી, નીતા અંબાણી તથા પરિવારજનો. આ શુભ પ્રસંગે ઉપસ્થિત મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે ક્રિકેટ-લેજન્ડ સચિન તેન્ડુલકરને મળ્યા હતા. ઍક્ટર શાહરુખ ખાન પત્ની ગૌરી ખાન અને પુત્રી સુહાના ખાન સાથે આ લગ્નમાં આવ્યો હતો. (પીટીઆઇ)

# વાનખેડેમાં ભારતનો જ વટ, બ્રિટિશરોનું બૅન્ડ બજાવી દીધું





ભારતે ગઈ કાલે ઇંગ્લૅન્ડ સામેના થ્રિલરમાં વિજય મેળવ્યો એ પહેલાં જૅકબ બેથેલ વિકેટ પડતાં નિરાશ થઈને જમીન પર પડ્યો રહ્યો હતો. ભારતીયોએ સેલિબ્રેશન કર્યું હતું. આક્રમક ૨૭ રન બનાવનાર હાર્દિકના હાથમાંથી એક તબક્કે બૅટ છૂટી ગયું હતું. રણબીર કપૂર તથા આલિયા ભટ્ટ મૅચ જોવા આવ્યા હતા. (પીટીઆઇ)

# શું ડેરિલ મિચલે માર્કરમનો કૅચ ઝીલ્યો હતો?



કોલકાતાઃ ઈડન ગાર્ડન્સમાં બુધવારે ન્યૂ ઝીલૅન્ડે ઓપનર ફિન ઍલન (૧૦૦ અણનમ, ૩૩ બૉલ, આઠ સિક્સર, દસ ફોર)ની ટી-૨૦ વર્લ્ડ કપની વિક્રમજનક ફાસ્ટેસ્ટ સેન્ચુરીની મદદથી સાઉથ આફ્રિકાની બળુકી ટીમને નવ વિકેટથી આસાનીથી હરાવી તો દીધી, પણ પ્રથમ બૅટિંગમાં સાઉથ આફ્રિકાના સુકાની એઇડન માર્કરમે ૧૮ રનના પોતાના સ્કોર પર કૅચઆઉટમાં વિકેટ ગુમાવી હતી એનો વિવાદ થયો છે.

આઠમી ઓવરમાં કુલ સ્કોર ૨/૫૫ હતો ત્યારે સ્પિનર રચિન રવીન્દ્રના બૉલમાં માર્કરમનો ડેરિલ મિચલે જે કૅચ ઝીલ્યો હતો. જોકે એ કૅચ નહોતો. થર્ડ અમ્પાયર નીતિન મેનને પુરાવાના અભાવે એ કૅચ ઝીલી લેવામાં આવ્યો હોવાનો નિર્ણય લઈને માર્કરમને આઉટ જાહેર કર્યો હતો. જોકે ખુદ મિચલને પોતે કૅચ ઝીલ્યો હતો કે કેમ એ વિશે પૂરી ખાતરી નહોતી.

ઍક્શન રિપ્લેમાં મિચલથી એ કૅચ બરાબર નહોતો ઝીલી શકાયો એ સ્પષ્ટ દેખાતું હતું. બૉલ તેણે હાથમાં ઝીલ્યો એ પહેલાં જમીનને અડી ગયો હતો.

સાઉથ આફ્રિકા કે જે ફાઇનલમાં પહોંચવા માટે ફેવરિટ ગણાતું હતું એ વન-સાઇડેડ બનેલી મૅચમાં પરાજિત થયું હતું. માર્કરમના કૅચનો વિવાદ સોશ્યલ મીડિયામાં બુધવાર રાતથી જ શરૂ થઈ ગયો હતો.

ન્યૂ ઝીલૅન્ડ સામેની નવ વિકેટની હાર બાદ માર્કરમે 'ચહેરા પર જાણે તમાચો પડ્યો હોય એવું લાગી રહ્યું છે' એવું કહ્યું હતું. તેની વિકેટવાળા કૅચ વિશે સોશ્યલ મીડિયા પર એવી કમેન્ટ કરાઈ હતી કે જો એ કૅચને લગતો નિર્ણય જુદો હોત તો મૅચનું રિઝલ્ટ પણ અલગ આવ્યું હોત. ■

# પાકિસ્તાની ક્રિકેટરનું શ્રીલંકામાં મહિલા સાથે ગેરવર્તન

કોલંબોઃ ટી-૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં પાકિસ્તાન ક્રિકેટ ટીમનું પ્રદર્શન તો નિરાશાજનક રહ્યું જ હતું, પરંતુ હવે મેદાનની બહાર પણ ટીમની શિસ્ત સામે ગંભીર સવાલો ઊભા થયા છે. પાકિસ્તાની ટીમના સલમાન મિર્ઝા નામના ખેલાડીએ હોટેલની મહિલા કર્મચારી સાથે અભદ્ર વ્યવહાર કર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. જોકે, હવે આ મુદ્દે પાકિસ્તાન ક્રિકેટ કંટ્રોલ બોર્ડે સ્પષ્ટતા કરીને એને ફેક ગણાવ્યા છે. મીડિયાના અહેવાલો મુજબ આ ઘટના શ્રીલંકાના કેન્ડી શહેરમાં બની હોવાનો દાવો કરાયો હતો, જ્યાં પાકિસ્તાની ટીમ રોકાઈ હતી. સુપર-૮ રાઉન્ડની અંતિમ મેચ પહેલા ટીમના એક સભ્યએ હાઉસકીપિંગ સ્ટાફની મહિલા સાથે અયોગ્ય વ્યવહાર કર્યો હતો. મહિલાએ તાત્કાલિક હંગામો મચાવતા હોટેલના અન્ય કર્મચારીઓ ત્યાં દોડી આવ્યા હતા. ■

# નવજાત પુત્રને મળી આવ્યા બાદ સેમિ ફાઇનલ રમવાનું મને ખૂબ ગમ્યુંઃ કિવી બોલર મૅટ હેન્રી



કોલકાતાઃ બુધવારે ન્યૂ ઝીલૅન્ડ ટી-૨૦ વર્લ્ડ કપની સેમિ ફાઇનલને વન-સાઇડેડ બનાવીને જીતી જશે અને સાઉથ આફ્રિકા સાવ પાણીમાં બેસી જશે એવું કોઈએ ધાર્યું નહોતું અને એ અનોખા મુકાબલામાં કિવી ઓપનર ફિન ઍલનનો તો રેકૉર્ડ-બ્રેક પર્ફોર્મન્સ હતો જ, ફાસ્ટ બોલર મૅટ હેન્રીનો પણ ફાળો હતો અને એ યોગદાન તે નવજાત પુત્રને મળી આવ્યા બાદ આવેલા આત્મવિશ્વાસને કારણે આપી શક્યો હતો. રવિવારે અમદાવાદની ફાઇનલમાં પણ ૩૪ વર્ષીય મૅટ હેન્રીની બોલિંગ પાવર પર સૌની નજર રહેશે.

મૅટ હેન્રીએ ૩૪ રનમાં બે વિકેટ લીધી હતી અને સાઉથ આફ્રિકાને ૮/૧૬૯ સુધી સીમિત રખાવવામાં ભૂમિકા ભજવી હતી. તેણે બે બૉલમાં બે વિકેટ લીધી હતી. ટી-૨૦ મૅચમાં પાવરપ્લેની શરૂઆતની ઓવર્સ તેમ જ ૨૦મી ઓવર ખૂબ મહત્ત્વની હોય છે અને સાઉથ આફ્રિકાની ઇનિંગ્સમાં પહેલી ત્રણમાંથી બે ઓવર મૅટ હેન્રીએ કરી હતી જેમાં ફક્ત ૧૩ રન બન્યા હતા. એ રીતે, માર્કરમની ટીમને તેણે શરૂઆતથી કાબૂમાં રહેવાની ફરજ પાડી હતી. ૨૦મી ઓવર હેન્રીએ કરી હતી જેમાં તેણે ઉપરાઉપરી બે વિકેટ લીધી હતી અને એ ઓવરમાં માત્ર છ રન થઈ શક્યા હતા.

નવાઈની વાત એ છે કે મૂળ ક્રાઇસ્ટચર્ચનો હેન્રી ૨૭મી ફેબ્રુઆરીએ કોલંબોમાં ઇંગ્લૅન્ડ સામેની સુપર-એઇટ મૅચ રમ્યો હતો જેમાં તેણે ઓપનર ફિલ સૉલ્ટ (બે રન)ની મહત્ત્વપૂર્ણ વિકેટ લીધી હતી. એ મૅચ બાદ તે સ્વદેશ પાછો ગયો હતો. તેની પત્ની હૉલી બીજા સંતાનને જન્મ આપવાની હોવાથી હેન્રી તેની પડખે રહેવા માગતો હતો. હૉલીએ પુત્રને જન્મ આપ્યો જેનું નામ જૅક રાખવામાં આવ્યું અને હેન્રી પુત્ર જૅક સાથે થોડા કલાકો વીતાવ્યા બાદ (ભારતમાં હોળી-ધુળેટીના તહેવાર પહેલાં) પાછો આવી ગયો હતો અને કોલકાતામાં સાઉથ આફ્રિકા સામેની સેમિ ફાઇનલના કલાકો પહેલાં જ કિવી ટીમ સાથે જોડાઈ ગયા બાદ મૅચમાં રમ્યો હતો.

મૅટ હેન્રીએ ગુરુવારના યાદગાર વિજય બાદ પત્રકારોને કહ્યું, 'હું થોડા દિવસ માટે સ્વદેશ પાછો ગયો એ મને ખૂબ ગમ્યું. નવજાત પુત્ર જૅકને મળીને અને તેને રમાડીને મને ખૂબ આનંદ થયો. મારી પત્ની હૉલીની તબિયત સારી છે. અમારી પુત્રી ઍનાબેલ તો નાના ભાઈ જૅકના આવવાથી બેહદ ખુશ છે. હું ઘરે જઈને પરિવારને મળી આવ્યો એ બહુ સારું થયું. મને ખૂબ ગમ્યું. ખરું કહું તો જૅકને મળી આવ્યા બાદ સેમિ ફાઇનલમાં પર્ફોર્મ કરવાની મને મજા પડી ગઈ. હવે અમે ફાઇનલ રમવાના છીએ એટલે અમે બધા (હું અને સાથી ખેલાડીઓ) ખૂબ રોમાંચિત છીએ.' ■

---

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| मजहब | સામર્થ્ય |
| मजाल | ધર્મ |
| मट्ठा | હાથી |
| मढी | છાસ |
| मलंग | ઝૂંપડી |

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | | | ૩ | | | ૪ |
| | | | | ૫ | | | | ૬ | |
| ૭ | ૮ | | | | | ૯ | ૧૦ | | |
| | | ૧૧ | ૧૨ | | | | | | ૧૩ |
| ૧૪ | | | | | ૧૫ | ૧૬ | | | |
| | | ૧૭ | | | | | | ૧૮ | |
| | | | | | ૧૯ | | | | |
| | ૨૦ | | ૨૧ | | | | | ૨૨ | ૨૩ |
| ૨૪ | | | ૨૫ | | | | ૨૬ | | |
| | | ૨૭ | | | | ૨૮ | | | |

**આડી ચાવી**

૧. --- કરવું=મુલવણી કરવી, કીંમત આંકવી (૪)
૩. શ્રેય, કલ્યાણ (૨)
૫. વિશ્રાન્તિ (૩)
૬. યજ્ઞ (૨)
૭. ગ્રહ (૨)
૯. એક તેજાનો (૩)
૧૧. હઠ, દુરાગ્રહ (૩)
૧૪. મેંદી (૨)
૧૫. ઉજ્જડ (૩)
૧૭. માતા (૩)
૧૮. વિદ્યુત (૨)
૧૯. સફેદ, ધોળું (૩)
૨૦. દૃષ્ટિ (૩)
૨૨. રણમાં જે જીતે તે--- (૨)
૨૪. ઘણાં લોકો કહે છે, ''--- એ બરબાદી છે.'' (૨)
૨૫. ઉમાપતિ (૩)
૨૭. પતિ (૨)
૨૮. ચરણની ધૂળ (૪)

**ઊભી ચાવી**

૧. એક --- ને એવી ટેવ પથ્થર એટલા પૂજે દેવ (૩)
૨. કુંવારી છોકરી, પુત્રી (૨)
૩. ગંગા નદી (૩)
૪. ઘૃણા, ચીતરી (૨)
૫. --- તો અણધારી જ આવે (૩)
૬. જાત્રાળુ (૨)
૧૦. પ્રણામ, નમસ્કાર (૩)
૧૨. ચિંતન (૩)
૧૩. ધૈર્ય (૩)
૧૪. --- કોડીનો ને બક્ષિસ લાખની (૩)
૧૬. કમળ (૩)
૧૭. મોટું વહાણ (૩)
૧૯. ઉત્કટતા, ઉત્સાહ (૩)
૨૦. સરિતા (૨)
૨૧. ખેલ, ક્રીડા (૩)
૨૩. મશ્કરી, વિનોદ (૩)
૨૪. છિદ્ર, કાણું (૨)
૨૬. ઘોષ, ધ્વનિ (૨)


**ગયા વખતનો ઉકેલ**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ચાં | ૨ પા | ૩ ને | ૨ | | | ૪ પં | ચ | ૫ ના | ૬ મું |
| ૭ દ્રા | વ | ણ | | ૮ બ | ૨ | ડો | | ૯ પા | ડી |
| ૧૦ ય | તી | | ૧૧ સ | હુ | | ૧૨ પં | ૧૩ થ | ક | |
| ણ | | ૧૪ રા | હે | | ૧૫ ગા | ડ | ૨ | | ૧૬ લં |
| | ૧૭ સ | મ | જ | | લ | | થ | | કા |
| ૧૮ સૈ | | ભ | | ૧૯ ખો | | ૨૦ ક | રા | ૨ | |
| કા | | ૨૧ રો | ૨૨ ક | ડું | | ૨૩ પા | ટી | | ૨૪ અ |
| | ૨૫ ક | સો | ટી | | ૨૬ ગ | લ | | ૨૭ કા | ક |
| ૨૮ આ | મ | | ૨૯ બં | દ | ૨ | | ૩૦ મ | મ | રા |
| ૩૧ બા | ળ | બો | ધ | | | ૩૨ ખ્યા | ત | ના | મ |

### જાણવા જેવું

ફિલ્મમેકર પ્રકાશ મહેરાની યાદગાર ફિલ્મ 'ઝંઝીર'માં પ્રાણએ શેર ખાનનો રોલ કર્યો છે. ફિલ્મના શૂટિંગ દરમિયાન કેટલાક શોટમાં અમિતાભ બચ્ચનની પ્રભાવી અદાકારી જોઈ તેમણે મહેરા સાહેબને કહ્યું હતું કે 'યાદ રાખજો, તમારો આ હીરો નામના મેળવશે. એ લાંબી રેસનો ઘોડો છે.'

### ઓળખાણ પડી?



'ગેંગ્સ ઑફ વાસેપુર'થી જાણીતા બની વેબ સિરીઝ અને હિન્દી ફિલ્મોના અત્યંત તેજસ્વી અને સફળ એક્ટરની ઓળખાણ પડી?

અ) વિનીત કુમાર
બ) પંકજ ત્રિપાઠી
ક) સૌરભ શુક્લા
ડ) મનોજ પાહવા

### સુડોકુ-૯૨૩૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૫ | | ૮ | | ૧ | ૨ | | |
| ૧ | | | | | | ૪ | ૫ | |
| ૯ | ૮ | ૨ | | | ૪ | | | |
| ૮ | | ૫ | ૯ | | | | ૧ | |
| | ૨ | ૯ | | | | ૮ | ૩ | |
| | ૬ | | | | ૩ | ૯ | | ૨ |
| | | | ૬ | | | ૭ | ૪ | ૯ |
| | ૪ | ૭ | | | | | | ૬ |
| | | ૬ | ૧ | | ૭ | | ૮ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૨૩૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૮ | ૨ | ૩ | ૪ | ૬ | ૧ | ૭ | ૫ |
| ૪ | ૬ | ૭ | ૫ | ૨ | ૧ | ૩ | ૮ | ૯ |
| ૫ | ૩ | ૧ | ૮ | ૯ | ૭ | ૪ | ૬ | ૨ |
| ૩ | ૫ | ૮ | ૯ | ૬ | ૨ | ૭ | ૪ | ૧ |
| ૧ | ૨ | ૯ | ૪ | ૭ | ૮ | ૫ | ૩ | ૬ |
| ૭ | ૪ | ૬ | ૧ | ૩ | ૫ | ૨ | ૯ | ૮ |
| ૨ | ૧ | ૩ | ૭ | ૮ | ૯ | ૬ | ૫ | ૪ |
| ૮ | ૭ | ૫ | ૬ | ૧ | ૪ | ૯ | ૨ | ૩ |
| ૬ | ૯ | ૪ | ૨ | ૫ | ૩ | ૮ | ૧ | ૭ |

### ગયા શુક્રવારના જવાબ

| A | B |
|---|---|
| मकसद | આશય |
| मक्कार | ફરેબી |
| मगर | પણ |
| मजबूर | લાચાર |
| मजरूह | વ્યાકુળ |

**ગુજરાત મોરી મોરી રેઃ**
પંખીડા ઓ પંખીડા

**ઓળખાણ પડી?**
અજિત વાચ્છાની

**માઈન્ડ ગેમ :**
અ વેનસડે

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :**
લહુ કે દો રંગ

### ગુજરાત મોરી મોરી રે

અર્બન બની ગયેલી ગુજરાતી ચિત્રપટ સૃષ્ટિની યશ સોનીની કઈ ફિલ્મમાં કેટરીના કૈફની યાદ અપાવતું આઈટમ સોન્ગ 'પોપટ' હતું?

અ) શું થયું
બ) ચણિયા ટોળી
ક) ફક્ત પુરુષો માટે
ડ) મીઠડા મહેમાન

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

'અરે કલમુખી' સંવાદ જેમની ઓળખ હતી એ અભિનેત્રી લલિતા પવારે કઈ ફિલ્મમાં સૌમ્ય - પ્રેમાળ મહિલાનો રોલ કર્યો હતો?

અ) અનાડી   બ) દહેજ   ક) પ્રોફેસર   ડ) આંખેં

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપુર (૩) સુભાષ મોમાયા (૪) વિપીન શાહ (૫) નૂતન વિપીન શાહ (૬) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૭) નીતા દેસાઈ (૮) તાહેર ઔરંગાબાદવાલા (૯) શીરીન ઔરંગાબાદવાલા (૧૦) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૧) ભારતી બુચ (૧૨) શ્રદ્ધા આશર (૧૩) ખુશરૂ કાપડિયા (૧૪) પુષ્પા પટેલ (૧૫) લજિતા ખોના (૧૬) જ્યોતિ ખાંડવાલા (૧૭) નિખિલ બંગાળી (૧૮) અમીશી બંગાળી (૧૯) મીનળ કાપડિયા (૨૦) કિરીટ છેડા (૨૧) ચેતના છેડા (૨૨) મહેશ સંઘવી (૨૩) ભરત કજરિયા (૨૪) મનીષા શેઠ (૨૫) ફાલ્ગુની શેઠ (૨૬) પ્રવીણ વોરા (૨૭) કમલ માતલિયા (૨૮) મહેન્દ્ર લોઢાવિયા (૨૯) ભાવના કર્વે (૩૦) જયવંત પદમશી ચિખલ (૩૧) વિણા સંપટ (૩૨) દેવેન્દ્ર સંપટ (૩૩) પુષ્પા ખોના (૩૪) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૫) ડાયના સંતોકે (૩૬) નિતીન જયંતિલાલ બજરિયા (૩૭) વિજય આસર (૩૮) રશીક જુથાણી - ટોરંટો - જ કેનેડા (૩૯) અલકા વાણી (૪૦) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૧) નયના ગિરીશ મિસ્ત્રી (૪૨) રમેશભાઈ દલાલ (૪૩) ઈનાક્ષીબેન દલાલ (૪૪) હિનાબેન દલાલ (૪૫) જ્યોત્સના ગાંધી (૪૬) ડો. પ્રકાશ કટકિયા (૪૭) મહેશ દોશી (૪૮) પ્રતિમા પમાણી (૪૯) ધીરેન્દ્ર મુલરાજ

### નોંધી રાખો

વિવિધ ખલનાયકના પાત્ર ભજવવા માટે જાણીતા અભિનેતા પ્રાણએ રાજ કપૂરની 'આહ' ફિલ્મમાં ડોક્ટરનું પાત્ર ભજવ્યું હતું.

### માઈન્ડ ગેમ

હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના સિદ્ધહસ્ત અભિનેતા ગણાયેલા અશોક કુમારે તેમની કારકિર્દીની કઈ ફિલ્મમાં નેગેટિવ રોલ કર્યો હતો એ કહી શકશો?

અ) સફર   બ) છોટી સી બાત   ક) ગૃહસ્થી   ડ) જ્વેલ થીફ

### આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

**ક્વિઝ ૧૫૩ જવાબ** ૧) દોસ્તાનાં - મેરે દોસ્ત કિસ્સા યે ક્યાં હો ગયા, ૨) સંગમ - દોસ્ત દોસ્ત ના રહા પ્યાર પ્યાર ના, ૩) શોલે - યે દોસ્તી હમ નહીં તોંડેગે છોંડેગે દમ, ૪) ખુદગર્ઝ - ઝીંદગી કા નામ દોસ્તી, દોસ્તી કા, ૫) મજધાર - એય મેરી દોસ્ત દોસ્તી કી કસમ, ૬) આરઝૂ - દોસ્તી કરતે નહીં દોસ્તી હો જાતી હૈં, ૭) દોસ્ત - એય દોસ્ત મેરે મૈને દુનિયા દેખી હૈં એય

**ક્વિઝ ૧૫૪ જવાબઃ** ૧) કેપ્ટન વિક્રમ બત્રા - શેરશાહ, ૨) સ્કવાર્ડન લીડર - ભુજ ધ પ્રાઈડ ઓફ ઇન્ડિયા, ૩) કેપ્ટન બલરામ સિંહ મેહતા - પીપા, ૪) મેજર વિહાન સિંહ શેરગિલ - ઉરી ધ સર્જિકલ સ્ટ્રાઇક, ૫) રો ઓફિસર - મદ્રાસ કાફે, પરમાણુ, ૬) મેજર કુલદીપ સિંહ - બોર્ડર, ૭) મેજર શૈતાન સિંહ પી વી સી - ૧૨૦ બહાદુર

# મહારાષ્ટ્રનું અર્થતંત્ર ૨૦૨૫-૨૬ માં ૭.૯ ટકાના દરે વૃદ્ધિ પામશેઃ આર્થિક સર્વે

મુંબઈઃ ગુરુવારે રાજ્ય વિધાનસભામાં રજૂ કરાયેલા સરકારના પ્રી-બજેટ આર્થિક સર્વે મુજબ, મહારાષ્ટ્રનું અર્થતંત્ર ૨૦૨૫-૨૬ માં ૭.૯ ટકાના દરે વૃદ્ધિ પામશે, જે રાષ્ટ્રીય અર્થતંત્રના ૭.૪ ટકાના વિકાસદર કરતાં થોડું વધારે છે. રાજ્યનો નોમિનલ ગ્રોસ સ્ટેટ ડોમેસ્ટિક પ્રોડક્ટ (જીએસડીપી) ૫૧ લાખ કરોડ રૂપિયા હોવાનો અંદાજ છે, જ્યારે ૨૦૨૫-૨૬ માં સ્થિર ભાવે વાસ્તવિક જીએસડીપી ૨૮.૮૨ લાખ કરોડ રૂપિયા હોવાનો અંદાજ છે.

સેવા ક્ષેત્ર રાજ્યના અર્થતંત્રનું સૌથી મોટું ચાલકબળ રહ્યું છે, જે કુલ ગ્રોસ સ્ટેટ વેલ્યુ એડેડ (જીએસવીએ) ના લગભગ ૬૦ ટકા હિસ્સો ધરાવે છે. ફાયનાન્સ, રિયલ એસ્ટેટ અને વ્યાવસાયિક સેવાઓમાં આ ક્ષેત્ર ૨૦૨૫-૨૬ માં લગભગ ૯ ટકાના દરે વૃદ્ધિ પામશે તેવી અપેક્ષા છે, એમ તેમાં જણાવાયું છે.

સર્વેમાં વર્ષ દરમિયાન ઉદ્યોગ ક્ષેત્રનો વિકાસ દર ૫.૭ ટકા અને કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓનો વિકાસ દર ૩.૪ ટકા રહેવાનો અંદાજ છે.

૨૦૨૫ માં રાજ્યમાં ચોમાસાના સમયગાળા દરમિયાન ૧૦૯.૧ ટકા વરસાદ પડ્યો હતો, જેનાથી અનેક પ્રદેશોમાં પાક

(જુઓ પાનું ૪) ▶▶

## ભારતનાં ચાર મોટા રાજ્યનાં અર્થતંત્રોમાં મહારાષ્ટ્રનો વૃદ્ધિદર સૌથી ધીમો છે

મુંબઈઃ મહારાષ્ટ્રમાં છેલ્લાં ચાર વર્ષમાં ભારતનાં ચાર મોટાં રાજ્યો કરતાં આર્થિક વૃદ્ધિની ગતિ સૌથી ધીમી રહી છે, તેમ છતાં તે ૨૦૨૪-૨૫માં ૪૨,૬૭,૭૭૧ કરોડ રૂપિયાના અંદાજિત જીએસડીપી સાથે દેશનું સૌથી મોટું રાજ્ય અર્થતંત્ર રહ્યું છે. કોવિડ પછીના સમયગાળામાં, રાજ્યનો જીએસડીપી (ગ્રોસ સ્ટેટ ડોમેસ્ટિક પ્રોડક્ટ) ૨૦૨૧-૨૨ અને ૨૦૨૪-૨૫ વચ્ચે લગભગ ૪૩ ટકા વધ્યો હતો, જે વૃદ્ધિ દરમાં કર્ણાટક, ગુજરાત અને તમિળનાડુથી પાછળ રહ્યો હતો, એમ સત્તાવાર આંકડાઓ દર્શાવે છે. ચાર રાજ્યોમાં

(જુઓ પાનું ૪) ▶▶

## મહારાષ્ટ્રનું અર્થતંત્ર દેશનું સૌથી મોટું અર્થતંત્ર

મુંબઈઃ મહારાષ્ટ્રનું અર્થતંત્ર ૨૦૨૪ - ૨૫માં ૪૬.૨૨ લાખ કરોડ રૂપિયાના નોમિનલ ગ્રોસ સ્ટેટ ડોમેસ્ટિક પ્રોડક્ટ (જીએસડીપી) સાથે દેશનું સૌથી મોટું અર્થતંત્ર સિદ્ધ થયું છે. ગુરુવારે વિધાનસભામાં રજૂ કરાયેલા આર્થિક સર્વે ૨૦૨૫- ૨૬ અનુસાર એ વધીને ૫૧ લાખ કરોડ રૂપિયા થવાની ધારણા છે.

નાણાં ખાતાના રાજ્ય પ્રધાન આશિષ જયસ્વાલ દ્વારા વિધાનસભામાં અને રાજ્ય કક્ષાના પ્રધાન પંકજ ભોયર દ્વારા વિધાન પરિષદમાં રજૂ કરાયેલા સર્વે અનુસાર મહારાષ્ટ્રની વર્તમાન કિંમતના ધોરણે માથાદીઠ આવક ૨૦૨૪-૨૫માં રૂ. ૩,૧૭,૮૦૧ હોવાનો અંદાજ છે, જે ૨૦૨૫-૨૬માં રૂ. ૩,૪૭,૯૦૩ સુધી પહોંચવાની ધારણા છે. આ બાબત સ્થિર આર્થિક વૃદ્ધિ દર્શાવે છે. ભારતના

(જુઓ પાનું ૪) ▶▶

# મહારાષ્ટ્રમાં ટ્રાન્સપોર્ટરોની હડતાળ પાછી ખેંચાઈઃ સરકારે આપ્યું આશ્વાસન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાજ્યમાં હાલ સ્કૂલ, કોલેજમાં પરીક્ષા ચાલી રહી છે અને આંતરરાષ્ટ્રીય સ્તરે ચાલી રહેલા યુદ્ધને કારણે આયાત-નિકાસને અસર થઈ છે એવા સમયે રાજ્યસ્તરે ટ્રાન્સપોર્ટરો ગુરુવાર મધરાતથી બેમુદત હડતાલ પર ઉતરી જવાના હતા. જોકે સરકારના આશ્વાસન બાદ તાત્પૂરતી હડતાલ ટળી ગઈ છે. અન્યાયકારક ઈ-ચલણ રદ કરવા બાબતે રાજ્ય સરકારે સકારાત્મક ભૂમિકા લેવાનું તેમ જ ટ્રાન્સપોર્ટરોની વિવિધ સમસ્યાનો ઉકેલ લાવવા માટે બહુ જલદી પોલીસ અને ટ્રાન્સપોર્ટ વિભાગની સંયુક્ત બેઠક લેવાનું લેખિત આશ્વાસન આપતા મહારાષ્ટ્ર ટ્રાન્સપોર્ટ એક્શન કમિટીએ ગુરુવાર મધરાતથી બેમુદત હડતાળ પર જવાનો નિર્ણય તાત્પૂરતો પાછો ખેંચ્યો હતો.

મહારાષ્ટ્ર ટ્રાન્સપોર્ટ એક્શન કમિટી સાથે સંકળાયેલા સ્કૂલ બસ ઓનર અસોસિયેશનના નેતા અનિલ ગર્ગએ કહ્યું હતું કે રાજ્યના પરિવહન પ્રધાનની વિનંતીને માન આપીને અઠવાડિયા માટે તેમની હડતાલને મોકુફ રાખી છે. એટલે ગુરુવાર રાતથી હડતાલ પર જવાનો નિર્ણય હાલ પૂરતો માંડી વાળ્યો છે.

ખાનગી બસના અસોસિયેશનના નેતા હર્ષ કોટકે કહ્યું હતું કે પરિવહન

(જુઓ પાનું ૪) ▶▶

# ન રાજ્યપાલ કે ન તો રાજ્યસભા! ભાજપે પોતાનું વચન પાળ્યું નથી

## શિંદેની નજીકના એક નેતાનો બળાપો

મુંબઈઃ શિવસેના શિંદે જૂથે જ્યોતિ વાઘમારેને રાજ્યસભા માટે ઉમેદવાર બનાવ્યા છે. તેમની ઉમેદવારીની જાહેરાત થતાં જ પાર્ટીમાં ભારે નારાજગી જોવા મળી છે. કેટલાક ઇચ્છુક નેતાઓએ પોતાની નારાજગી વ્યક્ત કરી છે. સાથે ભાજપની પણ ટીકા કરતા કહ્યું કે, ભાજપે એકનાથ શિંદેને આપેલું વચન પાળ્યું નથી. શિંદેના ખૂબ નજીકના એક નેતાએ એક રીતે સીધો છેતરપિંડીનો આરોપ લગાવ્યો છે. તેમણે પાર્ટીમાં ઘણા લોકો નાખુશ હોવાનો પણ ઉલ્લેખ કરી,

(જુઓ પાનું ૪) ▶▶

## સંખ્યાબળનો અભાવ અને પવારની ઉમેદવારીને કારણે ચતુર્વેદીને ઉમેદવારી નહીંઃ રાઉત

મુંબઈઃ પ્રતિકૂળ રાજકીય ગણિત અને એનસીપી (એસપી)ના અધ્યક્ષ શરદ પવારની ઉમેદવારીને કારણે પક્ષ પ્રિયંકા ચતુર્વેદીને રાજ્યસભાની ચૂંટણી માટે ફરી ઉમેદવારી નથી આપી શક્યો એવી સ્પષ્ટતા કરી શિવસેના (યુબીટી)નેતા સંજય રાઉતે ગુરુવારે કહ્યું હતું કે પક્ષ ચતુર્વેદીને સંસદના ઉપલા ગૃહમાં ફરી મોકલવા ઉત્સુક હતો, પણ પક્ષ પાસે જરૂરી સંખ્યાબળનો અભાવ

(જુઓ પાનું ૪) ▶▶

## પહેલીવાર રાજ્યસભામાં જતાં પાર્થ પવારને સુપ્રિયા સુળેએ આપી કિંમતી સલાહ

મુંબઈઃ મહાવિકાસ આઘાડી દ્વારા રાષ્ટ્રવાદી શરદ પવાર જૂથના પ્રમુખ શરદ પવારનું નામ રાજ્યસભા માટે કન્ફર્મ કરવામાં આવ્યું છે. મહાવિકાસ આઘાડીએ શરદ પવારને ટેકો આપ્યો છે, આ પૃષ્ઠભૂમિમાં, ગુરુવારે સાંસદ સુપ્રિયા સુળેએ શરદ પવારને ટેકો આપવા બદલ મહાવિકાસ આઘાડીના ઘટક

(જુઓ પાનું ૪) ▶▶

# નાશિકમાં આઈવીએફ સેન્ટર સીલ

નાશિકઃ મહારાષ્ટ્રના નાશિકમાં સત્તાવાળાઓએ ગેરકાયદેસર રીતે માનવ અંડકોષ કાઢવા અને સરોગસી રેકેટના સંબંધમાં એક ઇન-વિટ્રો ફર્ટિલાઇઝેશન (આઇવીએફ) સેન્ટરને સીલ કરી દીધું હતું અને આ મામલે તપાસ સમિતિની પણ રચના કરી હતી, તેમ અધિકારીઓએ જણાવ્યું હતું.

થાણેના બદલાપુરમાં તાજેતરમાં ગેરકાયદેસર રીતે માનવ અંડકોષ કાઢવા અને તેના વેચાણમાં સંડોવાયેલું એક રેકેટ પ્રકાશમાં આવ્યું હતું. બદલાપુરમાં મળેલા કેટલાક દસ્તાવેજોમાં, નાશિકમાં માલતી આઇવીએફ સેન્ટરનો ઉલ્લેખ જોવા મળ્યો હતો.

પરિણામે, નાસિક મ્યુનિસિપલ કોર્પોરેશને તે સેન્ટરને સીલ કરી દીધું હતું.

બુધવારે નાગરિક આરોગ્ય વિભાગની એક ટુકડીએ નાશિકના મુંબઈ નાકા વિસ્તારમાં સ્થિત આઇવીએફ સેન્ટર પર દરોડો પાડ્યો હતો અને ત્યાંથી દસ્તાવેજો જપ્ત કર્યા હતા.

અધિકારીઓએ આઇવીએફ સેન્ટરનું રજિસ્ટ્રેશન પણ રદ કર્યું હતું અને તેને સીલ કરી દીધું હતું. કેન્દ્રમાંથી કબજે કરાયેલા દસ્તાવેજોની વિગતવાર તપાસ માટે એક સમિતિની રચના કરવામાં આવી છે અને તપાસ અહેવાલમાં સ્પષ્ટ થશે કે નાસિક કેન્દ્રમાં નિયમોનું ઉલ્લંઘન થયું હતું કે નહીં.

બદલાપુરની આ ઘટના ત્યારે પ્રકાશમાં આવી જ્યારે એક મહિલાએ ફરિયાદ કરી કે તેને અંડકોષ દાન કરવા બદલ પૈસા ચૂકવવામાં આવ્યા નથી.

આ ફરિયાદના આધારે આ રેકેટની મુખ્ય સૂત્રધાર ગણાતી ૪૪ વર્ષીય સુલક્ષણા ગડેકરના નિવાસસ્થાને દરોડો પાડવામાં આવ્યો હતો, જ્યાંથી હોર્મોનલ ઈન્જેક્શન મળી આવ્યા હતા.

પોલીસના જણાવ્યા અનુસાર, મોબાઇલ ફોનમાંથી જપ્ત કરાયેલા ડેટા સૂચવે છે કે દાતા મહિલાઓને ૨૫,૦૦૦ થી ૩૦,૦૦૦ રૂપિયાની ઓફર સાથે લલચાવવામાં આવી હતી.

ગડેકરના નિવાસસ્થાને હોર્મોનલ ઇન્જેક્શન આપ્યા પછી તેમને નિષ્કર્ષણ માટે બેંગલુરુ, તેલંગાણા, નાગપુર, પુણે અને નાશિક લઈ જવામાં આવ્યા હતા.

# ડ્રાઈવર - કંડકટર ડ્યૂટી પર દારૂના નશામાં હોય એ સાંખી નહીં લેવાય

## રાજ્ય પરિવહન પ્રધાનની ફરજિયાત પરીક્ષણોની જાહેરાત

થાણેઃ મહારાષ્ટ્રના પરિવહન ખાતાના પ્રધાન પ્રતાપ સરનાઈકે ગુરુવારે એમએસઆરટીસીના ડ્રાઈવર અને કંડકટરો માટે ફરજિયાત આલ્કોહોલ ટેસ્ટની જાહેરાત કરી. સત્તાવાર જાહેરાતમાં તેમણે જણાવ્યું હતું કે મહારાષ્ટ્ર રાજ્ય માર્ગ પરિવહન નિગમ (એમએસઆરટીસી)ના કર્મચારીઓમાં દારૂના સેવન પ્રત્યે ઝીરો ટોલરન્સ નીતિ (જરાય સાંખી નહીં લેવાય)નો એક ભાગ છે.

જાહેર કરેલા પરિપત્રમાં તેમણે વધુમાં જણાવ્યું છે કે 'ડ્યૂટી દરમિયાન દારૂના સેવનને રોકવા અને મુસાફરોની સલામતી જળવાય એ માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. ડેપોમાં કામ માટે હાજર રહેલા બધા ડ્રાઇવરોની ડ્યૂટી

(જુઓ પાનું ૪) ▶▶

## બારામતી વિમાન દુર્ઘટના

# સીઆઇડીએ વીએસઆર વેન્ચર્સના માલિકની પૂછપરછ કરી

પુણેઃ મહારાષ્ટ્ર ક્રાઈમ ઇન્વેસ્ટિગેશન ડિપાર્ટમેન્ટે ગુરુવારે અહીં બારામતી દુર્ઘટનામાં સંડોવાયેલા વિમાનનું સંચાલન કરતા વીએસઆર વેન્ચર્સના ટોચના અધિકારીઓની પૂછપરછ કરી હતી, એમ સીઆઇડી અધિકારીએ જણાવ્યું હતું. તેમણે પૂછપરછ અંગે વધુ વિગતો જાહેર કરી નથી. વીએસઆર વેન્ચર્સ દ્વારા સંચાલિત એક લિયરજેટ ૪૫ વિમાન ૨૮ જાન્યુઆરીના રોજ પુણે જિલ્લાના બારામતી હવાઈ પટ્ટી નજીક ક્રેશ થયું હતું, જેમાં નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર અને અન્ય ચાર લોકોનાં મોત થયા હતા. વિમાન દુર્ઘટના પછી,

(જુઓ પાનું ૪) ▶▶

# ટૂંક સમયમાં ખેડૂતોનું દેવું માફ થશેઃ કૃષિ પ્રધાન

મુંબઈઃ રાજ્યના દેવાદાર ખેડૂતોના માથેથી દેવાનો બોજ હવે ટૂંક સમયમાં ઓછો થવા જઈ રહ્યો છે. કારણ કે રાજ્ય સરકાર ટૂંક સમયમાં દેવામાફીની ઐતિહાસિક જાહેરાત કરવા જઈ રહી છે.

આગામી ૩૦ જૂન પહેલા રાજ્ય સરકાર ખેડૂતોની દેવામાફી અંગેનો ઐતિહાસિક અને મોટો નિર્ણય જાહેર કરશે, એવી માહિતી કૃષિપ્રધાન દત્તાત્રય ભરણેએ આપી હતી. રાજ્યના બજેટ સત્ર દરમિયાન તેમણે આ મહત્ત્વપૂર્ણ માહિતી આપી હતી.

આ નિર્ણયથી રાજ્યના ખેડૂતોને મોટી રાહત મળશે. રાજ્યનું બજેટ સત્ર હાલમાં ચાલી રહ્યું છે. તે પૃષ્ઠભૂમિમાં, સરકારે લોન માફી અંગે નિર્ણય લેવા માટે પ્રવીણ

(જુઓ પાનું ૪) ▶▶

# મુંબઈ તપ્યું તાપમાનનો પારો ૩૮.૯ ડિગ્રી

▶ મુંબઈ, થાણે અને પાલઘરમાં હીટવેવની ચેતવણી

▶ રાજ્યમાં અમરાવતી ૩૯.૮ ડિગ્રી તાપમાન સાથે સૌથી વધુ ગરમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ, થાણે અને પાલઘરમાં સતત બીજા દિવસે દિવસનું તાપમાન ૩૭ ડિગ્રી સેલ્સિયસને વટાવી જતા આખરે હવામાન વિભાગે ગુરુવારે મોસમની પહેલી હીટવેવની ચેતવણી જાહેર કરી હતી. ગુરુવારે સાંતાક્રુઝમાં મહત્તમ તાપમાન૩૮.૯ ડિગ્રી નોંધાયું હતું, જે એક દિવસ પહેલા ૩૮.૭ ડિગ્રી હતું. એ સાથે જ ગુરુવારનો દિવસ ચાલુ મોસમમાં અત્યાર સુધીનો સૌથી ગરમ દિવસ રહ્યો હતો. રાજ્યમાં વિદર્ભમાં પણ ગરમી કાળો કેર વતાર્વી રહી છે. વિદર્ભના અમરાવતીમાં ૩૯.૮ ડિગ્રી સાથે રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યું હતું.

મુંબઈમાં સતત બીજા દિવસે ગરમી અને ઉકળાટ જણાયો હતો. ચામડી દઝાડે એવો આકરો તડકો રહ્યો હતો. હીટવેવની ચેતવણી જાહેર કરવા માટે સતત બે દિવસ ૩૭ ડિગ્રીની ઉપર તાપમાન નોંધાવું જોઈએ. આ માપદંડો ગુરુવારના તાપમાન બાદ પૂર્ણ તથા હવામાન ખાતાએ ગુરુવારે હીટવેવની ચેતવણી જારી કરી હતી. નિષ્ણાતના જણાવ્યા મુજબ બુધવારે મુંબઈમાં ભારે ગરમી અને વાતાવરણમાં ભેજ હતો અને મુંબઈ પર હીટવેવની ચપેટમાં હતું, છતાં હવામાન વિભાગના નિર્ધારિત માપદંડોને કારણે હીટવેવની ચેતવણી જાહેર કરવામાં આવી નહોતી.

ગુરુવારે સાંતાક્રુઝમાં મહત્તમ તાપમાન ૩૮.૯ ડિગ્રી હતું, જે સામાન્ય કરતા ૫.૯ ડિગ્રી વધુ હતું. આ દરમ્યાન કોલાબામાં મહત્તમ તાપમાન ૩૬.૨ ડિગ્રી નોંધાયું હતું જે સામાન્ય કરતા ૩.૪ ડિગ્રી વધુ હતું. મહત્તમની સાથે જ લઘુતમ તાપમાન પણ ઊંચુ રહ્યું હતું. ગુરુવારે કોલાબા અને સાંતાક્રુઝમાં અનુક્રમે ૨૪ અને ૨૨ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હતું. તો કોલાબા અને સાંતાક્રુઝમાં ભેજનું પ્રમાણ અનુક્રમે પંચાવન ટકા અને ૫૯ ટકા રહ્યો હતો.

### ■ કામચલાઉ રાહત રહેશે

હવામાન વિભાગે મુંબઈ, થાણે અને પાલઘરમાં શુક્રવારે પણ ભારે ગરમી અને ભેજભર્યું વાતાવરણ રહેવાની ચેતવણી આપી છે. જોકે સપ્તાહને અંતે તાપમાનમાં થોડો ઘટાડો થવાની શક્યતા છે, જોકે તે કામચલાઉ રાહત હોઈ શકે છે. ફોરકાસ્ટ મોડેલ મુજબ આવતા અઠવાડિયે ૧૧ માર્ચની આસપાસ દિવસના તાપમાનમાં ફરી તીવ્ર વધારાની શક્યતા છે.

### ■ એન્ટિસાયક્લોનથી ગરમી વધી

ભારતીય હવામાન વિભાગના સાયન્ટિસ્ટ સુષમા નાયરે જણાવ્યું હતું કે મુંબઈ સહિત રાજ્યમાં તાપમાનનો અચાનક વધારો થવામાટે દક્ષિણ ગુજરાત સહિત પડોશી વિસ્તારમાં નિર્માણ થયલો એન્ટિસાયક્લોન જવાબદાર છે. શિયાળાથી ઉનાળામાં મોસમી સંક્રમણ દરમ્યાન તાપમાનમાં આવો વધારો અસામાન્ય નથી. હવામાં ભેજનું પ્રમાણ હજી પણ ઓછું છે અને ઉત્તર તરફથી સૂકા પવનો મુંબઈ મેટ્રોપોલિટન વિસ્તારમાં ફૂંકાઈ રહ્યા છે. તેથી આ સમયગાળા દરમ્યાન તાપમાનમાં થોડો વધારો સામાન્ય છે.

### ■ માર્ચ મહિનાનો ઓલટાઈમ હાઈએસ્ટ

ગુરુવારના ૩૮.૯ ડિગ્રી તાપમાન સાથે જ મોસમનો અત્યાર સુધીનો સૌથી ગરમ દિવસ રહ્યો હતો. મુંબઈમાં માર્ચ મહિનામાં જોકે ઓલટાઈમ ગરમીનો રેકોર્ડ ૨૮ માર્ચ, ૧૯૫૬ના નોંધાયો હતો. એ દિવસે મુંબઈમાં ૪૧.૭ ડિગ્રી જેટલો ઊંચો પારો નોંધાયો હતો. તો ૨૦૨૫માં ૧૨ માર્ચના ૩૯.૨ ડિગ્રી, ૨૦૨૪ના ૨૨ માર્ચના ૩૮.૮ ડિગ્રી, ૨૦૨૩ના ૧૩ માર્ચના ૩૯.૪ ડિગ્રી, ૨૦૨૦ના ૧૫ માર્ચના ૩૯.૬ ડિગ્રી અને ૨૦૨૧ના ૨૮ માર્ચના ૪૦.૯ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. ■

# મુંબઈ મહાનગરપાલિકાની પ્રભાગ સમિતિમાં રાજકારણ

## કૉંગ્રેસની દગાબાજીને કારણે ઠાકરેના ગઢમાં ભૂતપૂર્વ મેયરની હાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાની ૧૭ પ્રભાગ સમિતિમાંથી છ પ્રભાગ સમિતિના અધ્યક્ષપદની ચૂંટણી ગુરુવારે પાર પડી હતી, જેમાં ત્રણ સમિતિમાં અધ્યક્ષ બિનહરીફ ચૂંટાયા હતા તો ત્રણ સમિતિ માટે ચૂંટણી થઈ હતી. પ્રભાગ સમિતિના અધ્યક્ષ પદ માટેની ચૂંટણી માટે કૉંગ્રેસે શિવસેના (ઉદ્ધવ)ને સમર્થન આપવાની જાહેરાત કરી હતી, છતાં લાલબાગ-શિવડીનો ભાગ રહેલી પ્રભાગ સમિતિમાં ભૂતપૂર્વ મેયર અને અનુભવી નગરસેવિકા શ્રદ્ધા જાધવને કૉંગ્રેસની દગાબાજીને કારણે હારનો સામનો કરવો પડ્યો હતો અને અહીં શિંદેસેનાની માનસી સાતમકર અહી જીતી ગઈ હતી.

લાલબાગ, શિવડી અને વડાલાનો સમાવેશ રહેલા એફ-ઉત્તર અને એફ-દક્ષિણ પ્રભાગમાં ઠાકરે ગ્રૂપને અહીં મોટો ફટકો પડ્યો હતો. ઠાકરેની શિવસેના અને કૉંગ્રેસની મહાવિકાસ આઘાડી પાસે બહુમતી હોવાથી પ્રભાગ સમિતિના અધ્યક્ષ પદ પર શ્રદ્ધા જાધવનો વિજય નિશ્ચિત મનાતો હતો પણ કૉંગ્રેસના નગરસેવિકા આયેશા સોફિયાન વણૂ અને સમાજવાદી પાર્ટીના નગરસેવિકા ઈરમ સિદ્દિકી ગેરહાજર રહેતા તેમને હારનો સામનો કરવો પડયો હતો. એફ-ઉત્તર અને એફ-દક્ષિણ પ્રભાગ સમિતિમાં ભાજપના પાંચ, ઠાકરે ગ્રૂપના છ, શિંદેની શિવસેનાના ત્રણ, કૉંગ્રેસના એક, સમાજવાદી પાર્ટીના એક અને મનસેના એક એમ કુલ ૧૭ નગરસેવક છે. મહાયુતિ પાસે ભાજપના પાંચ અને શિંદેસેનાના ત્રણ એમ કુલ આઠ નગરસેવક છે. તો ઠાકરે ગ્રૂપના છ, કૉંગ્રેસના એક અને મનસેનાએક એમ કુલ આઠમત હતા. તેથી સમાજવાદી પાર્ટીના નગરસેવિકાનો મત નિર્ણાયક રહેવાનો હતો પણ તે તટસ્થ રહેતા ચિઠ્ઠી પર અધ્યક્ષ નક્કી થવાનો હતો પણ ચૂંટણી સમયે જ કૉંગ્રેસ અને સપાના નગરસેવિકા ગેરહાજર રહેતા શિંદેસેનાના ઉમેદવારને આઠ અને ઠાકરેની સેનાના ઉમેદવારને સાત મત મળ્યા હતા. કૉંગ્રેસના ધોકાને કારણે શિંદેસેના આ પ્રભાગ સમિતિ પર કબજો કરવામાં સફળ રહી હતી.

આ દરમ્યાન પ્રભાગ સમિતિની ચૂંટણીમાં શિવસેના (ઉદ્ધવ) ને સમર્થન આપવાની કૉંગ્રેસે જાહેરાત કરી હતી અને પક્ષે આદેશ પણ બહાર પાડ્યો હતો. છતાં આયેશા વણુ ગેરહાજર રહેતા તેની પાસે સ્પષ્ટીકરણ માગવામાં આવશે એવું પાલિકાના કૉંગ્રેસના ગ્રૂપ લીડર અશ્રફ આઝમીએ કહ્યું હતું.

દહિસર અને બોરીવલીનો સમાવેશ રહેલા આર-ઉત્તર અને આર-મધ્ય પ્રભાગ સમિતિના અધ્યક્ષપદે ભાજપના પ્રકાશ દરેકર, કાંદીવલીના આર-દક્ષિણ પ્રભાગ સમિતિના અધ્યક્ષ પદે લીના પટેલ-દેહેરકર અને ગિરગાવ-ગાન્ટ રોડનો સમાવેશ રહેલી સી અને ડી પ્રભાગ સમિતિના અધ્યક્ષ પદે ભાજપના આકાશ પુરોહિત બિનવિરોધ ચૂંટાઈ આવ્યા હતા. તો ચર્ચગેટ-કોલાબા, ભાયખલાનો સમાવેશ રહેલા એ-બી-ઈ પ્રભાગ સમિતિના અધ્યક્ષ પદે કૉંગ્રેસના જ્ઞાનરાજ નિકુમ જીતી ગયા હતા,

તેમણે ભાજપના નગરસેવક રોહિદાસ લોખંડનેને બે મતથી હરાવ્યા હતા. મલાડ પી-પૂર્વ અને પી-પશ્ચિમ વોર્ડના અધ્યક્ષ પદે કૉંગ્રેસના હૈદરઅલી અસ્લમ શેખ જીતી ગયા હતા, તેમણે અજિત રાવરાણેને બે મતે હરાવ્યા હતા. એફ-ઉત્તર અને એફ-દક્ષિણ પ્રભાગ સમિતિમાં કૉંગ્રેસના ધોકા બાદ પણ ઠાકરેની શિવસેનાએ પી-પૂર્વ અને પી-પશ્ચિમ વોર્ડમાં કૉંગ્રેસને સમર્થન આપતા કૉંગ્રેસના નગરસેવકનો વિજય થયો હતો અને શિંદેસેના સાથે ગયેલા શરદ પવારની રાષ્ટ્રવાદી કૉંગ્રેસના અજિત રાવરાણેને હારનો સામનો કરવો પડ્યો હતો. ■



સંસદમાં જવા સજ્જઃ રાજયસભાના ઉમેદવાર રામદાસ આઠવલેએ ગુરુવારે સમર્થકોની હાજરીમાં ઉમેદવારીપત્રક ભર્યું હતું. આઠવલેને ભાજપે પોતાના ક્વોટામાંથી ઉમેદવારી આપી છે. (અમય ખરાડે)

# વિદ્યાવિહારમાં ગુજરાતી દંપતીને કારની અડફેટે લેનારા સગીરના બિઝનેસમૅન પિતાને જામીન

## 'દીકરો કાર ચલાવવા ગયો હોવાની પિતાને જાણ નહોતી' એવી નોંધ કરી કોર્ટે જામીન મંજૂર કર્યા

મુંબઈઃ વિદ્યાવિહારમાં બેફામ રીતે કાર ચલાવીને ગુજરાતી વેપારીના મોત અને તેની પત્નીને ગંભીર ઇજા પહોંચાડવા માટે કથિત રીતે જવાબદાર સગીરના બિઝનેસમૅન પિતાને સેશન્સ કોર્ટે જામીન આપ્યા હતા. દીકરો કાર ચલાવવા લઈ ગયો હોવાની પિતાને જાણ નહોતી, એવી નોંધ કોર્ટે કરી હતી.

એડિશનલ સેશન્સ જજ આર. એમ. જાધવે બુધવારે બિઝનેસમૅનને ૫૦ હજાર રૂપિયાના બૉન્ડ પર જામીન આપતાં બિલ્ડિંગના વૉચમૅનની જુબાની પર આધાર રાખ્યો હતો.

પોલીસ અનુસાર અકસ્માતની ઘટના પાંચમી ફેબ્રુઆરીની રાતે વિદ્યાવિહારની સોમૈયા કૉલેજ નજીક તાનસા પાઈપલાઈન રોડ પર બની હતી. ઘાટકોપરમાં રહેતો પ્લાયવૂડનો વેપારી ધ્રમિલ પટેલ પત્ની મીનલ સાથે સ્કૂટર પર ઘરે પાછો ફરી રહ્યો હતો ત્યારે પુરપાટ વેગે આવેલી કારે સ્કૂટરને ટક્કર મારી હતી. અકસ્માત સમયે કાર બિઝનેસમૅન વાલજી રાજા ભૂષણનો સગીર પુત્ર ચલાવી રહ્યો હતો. આ ઘટનામાં પટેલ દંપતી ગંભીર રીતે ઘવાયું હતું. સારવાર માટે તેમને ઘાટકોપરની હૉસ્પિટલમાં દાખલ કરાયાં હતાં. અકસ્માતના દસેક દિવસ પછી ધ્રુમિલનું હૉસ્પિટલમાં મૃત્યુ થયું હતું, જ્યારે પત્ની મીનલ પથારીવશ હોવાનું કહેવાય છે.

આ કેસમાં તિલક નગર પોલીસે ૧૦ ફેબ્રુઆરીએ વાલજી ભૂષણની ધરપકડ કરી હતી. પોલીસે તેની વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની સુસંગત કલમો અને મોટર વેહિકલ્સ ઍક્ટ હેઠળ ગુનો નોંધ્યો હતો.

આરોપીએ તેના વકીલ મનીષ સિંહ મારફત કોર્ટમાં દલીલ કરી હતી કે તે અકસ્માતના સ્થળે હાજર નહોતો અને તે સમયે કાર પણ ચલાવતો નહોતો.

આરોપીએ દાવો કર્યો હતો કે અકસ્માત થયો તે દિવસે પુત્ર કાર લઈને ગયો હોવાની જાણ તેને નહોતી અને આ જીવલેણ અકસ્માત માટે તે જવાબદાર નથી.સરકારી વકીલ પી. બી. બનકરે જામીન અરજીનો વિરોધ કરતાં દલીલ કરી હતી કે સગીર પુત્ર પાસે પ્રમાણિત લાઈસન્સ ન હોવાની જાણકારી છતાં પિતાએ તેને કાર ડ્રાઈવ કરવા દીધી હતી.

પીડિતના પરિવાર વતી મધ્યસ્થી કરનારા વકીલ રુબેન મસ્કરેન્હાસે ધ્યાન દોર્યું હતું કે સગીરના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર બેદરકારીથી ડ્રાઈવ કરવાના સ્ટન્ટ્સની પોસ્ટ હતી. પિતાને આ વાસ્તવિકતાની જાણ હોવા છતાં દીકરાને કાર ચલાવવા દીધી. તેથી પ્રથમદર્શી તેની વિરુદ્ધ ગુનો બને છે.

# વૈશ્વિક શૅરબજારોમાં તેજીને પગલે સેન્સેક્સ ૮૯૯ પોઇન્ટના ઉછાળા સાથે ૮૦,૦૦૦ની ઉપર પહોંચ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ પશ્ચિમ એશિયામાં સંઘર્ષને કારણે તાજેતરમાં થયેલા તીવ્ર ઘટાડા બાદ હવે યુદ્ધ ઠંડુ પડવાની શક્યતા દર્શાવતા અહેવાલોને પગલે શેરબજારોમાં જોવા મળેલા સુધારાની સાથે ગુરુવારે બેન્ચમાર્ક ઇન્ડેક્સ સેન્સેક્સ અને નિફ્ટી એકાદ ટકાથી વધુ ઉછળીને બંધ થયા હતા. ચાર દિવસના ઘટાડા બાદ સેન્સેક્સ ૮૯૯.૭૧ પોઇન્ટ અથવા ૧.૧૪ ટકા વધીને ૮૦,૦૧૫.૯૦ પર સ્થિર થયો હતો. દિવસ દરમિયાન, તે ૧,૧૮૭.૬૪ પોઇન્ટ અથવા ૧.૫૦ ટકા વધીને ૮૦,૩૦૩.૮૩ની ઊંચી સપાટીને અથડાયો હતો. જ્યારે નિફ્ટી ૨૮૫.૪૦ પોઇન્ટ અથવા ૧.૧૭ ટકા વધીને ૨૪,૭૬૫.૯૦ પર બંધ થયો હતો.

બજારના સાધનો અનુસાર અખાતી યુદ્ધમાં ઘમાસાણ તો હજુ ચાલુ છે પરંતુ ન્યુયોર્ક ટાઇમ્સમાં યુદ્ધ ઠંડુ પડવાની શક્યતા દર્શાવતા અહેવાલ પ્રકાશિત થતાં ઇક્વિટી બજારના સેન્ટિમેન્ટને થોડો સપોર્ટ મળ્યો હતો. ઉપરાંત અમેરિકાની સુપ્રીમ કોર્ટે ટ્રમ્પને ૧૩૦ અબજ ડોલરની ટેરીફ પરત કરવા આપેલા આદેશના અહેવાલોએ પમ સેન્ટિમેન્ટને ટેકો આપ્યો હતો.

એ જ સાથે રૂપિયામાં જોવા મળેલી મજબૂતી અને ઇન્ડેક્સ હેવીવેઇટ રિલાયન્સમાં આવેલા ઉછાળાથી બેન્ચમાર્કને આગળ વધવામાં ટેકો મળ્યો હતો. સેન્સેક્સના શેરોમાં અદાણી પોર્ટ, લાર્સન એન્ડ ટૂબ્રો, એનટીપીસી, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, ભારત ઇલેક્ટ્રોનિક અને ઇન્ટરગ્લોબ એવિયેશન ટોપ ગેઇનર હતા, જ્યારે ટેક મહિન્દ્રા, એચસીએલ ટેક, હિંદુસ્તાન યુનિલીવર અને આઇસીઆઇસીઆઇ બેન્ક ટોપ લુઘર રહ્યા હતા.

શેરબજારમાં સુધારો હોવા છતાં પ્રાઇમરી માર્કેટમાં ગુરુવારના સત્રમાં નરમાઇનો માહોલ રહ્યો હતો. ઓમ્નિટેક એન્જિનિયરિંગનો શેર તેનો રૂ. ૨૨૭ના ઇશ્યૂ ભાવ સામે એનએસઇમાં ૧૧ ટકાના અને બીએસઇ પર ૯.૬૯ ટકાના ડિસ્કાઉન્ટ સાથે લિસ્ટેડ થયો હતો. જ્યારે એસએમઇ સેગમેન્ટમાં યાપ ડિજીટલનો શેર એમએસઇ ઇમર્જ પ્લેટફોર્મ પર ૧૨ ટકાના ડિસ્કાઉન્ટ સાથે લિસ્ટેડ થયો હતો.

સરકારી માલિકીની એનએચએઆઇનો ટેકો ધરાવતી રાજમાર્ગ ઇન્ફ્રા ઇન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટનો રૂ. ૬,૦૦૦ કરોડનો બુક બિલ્ડ આઇપીઓ ૧૧ માર્ચ, ૨૦૨૬ના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૧૩ માર્ચના રોજ બંધ થશે. શેરની ફાળવણી માટે ૧૮ માર્ચ અને એનએસઇ તથા બીએસઇ પર લિસ્ટિંગ તારીખ ૨૪ માર્ચ નક્કી કરવામાં આવી છે. પ્રાઇસ બેન્ડ પ્રાઇસ બેન્ડ રૂ. ૯૯થી રૂ. ૧૦૦ પ્રતિ શેર નક્કી કરવામાં આવી છે.

સ્ટીલ એક્સચેન્જ ઇન્ડિયા લિમિટેડ પ્રેફેન્શિયલ દ્વારા રૂ. ૩૫૦ કરોડ એકત્ર કરશે. આઇએમઆર ગ્રુપ કંપનીમાં રૂ. ૩૦૦ કરોડનું રોકાણ કરશે. આઇએમઆર સ્વિટ્ઝર્લેન્ડમાં મુખ્ય મથક ધરાવતું અગ્રણી મેટલ અને માઇનીંગ જૂથ છે અને વૈશ્વિક સ્તરે સ્ટીલ ઉદ્યોગ માટે વ્યૂહાત્મક સંસાધન ભાગીદાર છે. કુલ ૧૭ દેશમાં હાજરી ધરાવતું આઇએમઆર જૂથ મિનિરલ રિસોર્સિસ ટ્રેડિંગ, માઇનીંગ અને ડાઉનસસ્ટ્રીમ સ્ટીલ પ્રોડકશન સાથે સંકળાયેલું છે.

આ વખતે સેકન્ડરી માર્કેટની નકારાત્મક અસર પ્રાઇમરી માર્કેટ પર પણ જોવા મળી છે. બુધવારે પીએનજીએસ રેવા ડાયમન્ડ જ્વેલરીના શેરતેના રૂ. ૩૮૬ના ઇશ્યૂ ભાવ સામે ૩.૬૨ ટકાના ડિસ્કાઉન્ટ સાથે રૂ. ૩૭૨ના ભાવે લિસ્ટેડ થયા હતા. એનએસઇ પર આ શેર રૂ. ૩૭૫ના ભાવે લિસ્ટેડ થયા હતા. અત્યાર સુધીમાં ૨૦૨૬માં મેઇન બોર્ડના આઠ શેર લિસ્ટેડ થયા તેમાંથી માત્ર ત્રણ શેર જ પ્રીમિયમ પર લિસ્ટેડ થયા હતા. ઉપરાંત મોટાભાગના શેર તેના ઇશ્યૂભાવથી નીચા ભાવે ટ્રેડ થઇ રહ્યાં છે.

લાર્સનમાં ચાર દિવસના ઘટાડા બાદ સવારના સત્રમાં બે ટકા સુધીનો સુધારો જોવા મળ્યો હતો. જેપી મોર્ગને અદાણી પોર્ટ અને જેએસડબલ્યુ ઇન્ફ્રાને ઓવરવેઇટ રેટીંગ આપ્યું છે. એમઆરએફ તમિલનાડુમાં ગ્રીનફિલ્ડ પ્રોજેક્ટ માટે રૂ. ૩૦૦૦ કરોડનું રોકાણ કરશે. માર્કેટ રેગ્યુલેટર સેબીએ કોફી ડે એન્ટરપ્રાઇઝ લિમિટેડ અને તેના ઘણા અધિકારીઓ પર નાણાકીય નિવેદનો તૈયાર કરતી વખતે યોગ્ય એકાઉન્ટિંગ ધોરણો અને ડિસ્કલોઝર નિયમોનું પાલન કરવામાં નિષ્ફળતા બદલ કુલ રૂ. ૩૮ લાખનો દંડ ફટકાર્યો છે.



ગુરુવારના અહેવાલ અનુસાર બ્રેન્ટ ક્રૂડનો ભાવ વધુ ૧.૮૪ ટકાના ઉછાળા સાથે બેરલદીઠ ૮૨.૯૦ ડોલર બોલાયું છે, જ્યારે રૂપિયામાં મજબૂતી જોવા મળી છે.

સેન્સેક્સ સમાવિષ્ટ સ્ક્રિપ્સમાં અદાણી પોર્ટ્સ ૪.૫૧ ટકા, લાર્સન ૩.૮૮ ટકા, એનટીપીસી ૩.૩૬ ટકા, રિલાયન્સ ૩.૨૯ ટકા, બીઈએલ ૨.૯૮ ટકા, ઈન્ડિગો ૨.૯૦ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૨.૫૬ ટકા, પાવર ગ્રીડ ૨.૩૩ ટકા, મારુતિ ૨.૧૦ ટકા, ટાટા સ્ટીલ ૨.૦૧ ટકા, બજાજ ફાઈનાન્સ ૧.૮૩ ટકા અને સન ફાર્મા ૧.૭૫ ટકા વધ્યા હતા, જ્યારે ટેક મહિન્દ્ર ૧.૩૦ ટકા, એચસીએલ ટેકનોલોજી ૦.૭૩ ટકા, હિંદુસ્તાન યુનિલિવર ૦.૩૯ ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક ૦.૩૭ ટકા, સ્ટેટ બેન્ક ૦.૨૭ ટકા અને ઈન્ફોસિસ ૦.૨૦ ટકા ઘટ્યા હતા.

નોંધવું રહ્યું કે બુધવારે હોર્મુઝ સ્ટ્રેઇટમાં પુરવઠો અવરોધાવાને કારણે ક્રૂડ ઓઇલના ભાવમાં ત્રણેક ટકાથી મોટો ઉછાળો આવ્યો હતો અને તેને કારણે અમેરિકન ચલણ સામે રૂપિયો મોટા કડાકા સાથે વિક્રમી નીચી સપાટીએ પહોંચ્યો હતો. બુધવારે ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક, બ્રેન્ટ ક્રૂડ ૩.૦૮ ટકા વધીને ૮૩.૯૧ પ્રતિ બેરલ બોલાયું છે. સરકાર દાવો કરે છે કે ભારત પાસે પર્યાપ્ત જથ્થો છે, પરંતુ તે કેટલા દિવસ ચાલે છે એ મહત્ત્વનો સવાલ છે.

એશિયન બજારોમાં, પાછલા સત્રમાં ૧૨ ટકાનો કડાકો નોંધાવનાર દક્ષિણ કોરિયાના કોસ્પીમાં ૯.૬૩ ટકાનો ઝડપી ઉછાળો જોવા મળ્યો હતો, જ્યારે જાપાનનો નિક્કી ૨૨૫, શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઈન્ડેક્સ અને હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ પણ ઊંચો બંધ રહ્યો હતો. યુરોપના બજારો ઊંચા ક્વોટ થયા હતા. યુએસ માર્કેટ બુધવારે સકારાત્મક ક્ષેત્રમાં બંધ થયું હતું.

વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ બુધવારે રૂ. ૮,૭૫૨.૬૫ કરોડના મૂલ્યની ઇક્વિટીઓ ઓફલોડ કરી હતી, જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઇઆઇ)એ એક્સચેન્જ ડેટા અનુસાર રૂ. ૧૨,૦૬૮.૧૭ કરોડના શેરો ખરીદ્યા હતા.

બુધવારે, સેન્સેક્સ સતત ચોથા સત્રમાં ઘટીને ૧,૧૨૨.૬૬ પોઈન્ટ અથવા ૧.૪૦ ટકા ઘટીને ૭૯,૧૧૬.૧૯ પર સ્થિર થયો હતો. નિફ્ટી તેના ત્રીજા દિવસે ઘટાડા સાથે ૩૮૫.૨૦ પોઈન્ટ અથવા ૧.૫૫ ટકા ઘટીને ૨૪,૪૮૦.૫૦ પર બંધ થયો હતો.

શેરબજારમાં જોવા મળેલા સુધારામાં એનર્જી અને મેટલ શેર્સ સર્વાધિક વધ્યા હતા, જોકે ફરી એક વખત આઈટી શેરોમાં વેચવાલીનું દબાણ વધેલું જોવા મળ્યું હતું. એકંદરે એક્સ્ચેન્જના માર્કેટ કેપમાં રૂ.૫.૭૨ લાખ કરોડનો વધારો નોંધાયો હતો.

સેન્સેક્સની ૩૦ સ્ક્રિપમાંથી ૧૯ સ્ક્રિપ્સ વધી અને ૧૧ સ્ક્રિપ ઘટી હતી. ગુરુવારે બીએસઈ સેન્સેક્સ બુધવારના ૭૯,૧૧૬.૧૯ના બંધ સામે ૮૯૯.૭૧ પોઈન્ટ્સ અથવા ૧.૧૪ ટકા વધ્યો હતો. સેન્સેક્સ ૭૯,૫૩૦.૪૮ ખૂલી નીચામાં ૭૯,૨૦૧.૬૯ સુધી અને ઉપરમાં ૮૦,૩૦૩.૮૩ સુધી જઈ ૮૦,૦૧૫.૯૦ બંધ રહ્યો હતો.

બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ ૧૫૦ મિડકેપ ૧.૪૪ ટકા અને બીએસઈ ૨૫૦ સ્મોલકેપ ૧.૩૮ ટકા વધ્યા હતા. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૦૪ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૦૮ ટકા વધ્યા હતા. માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૪૪૭.૧૮ લાખ કરોડથી રૂ.૫.૭૨ લાખ કરોડ વધીને રૂ.૪૫૨.૯૦ લાખ કરોડ રહ્યું હતું.

સેક્ટરલ ઈન્ડેક્સમાં મુખ્યત્વે એનર્જી ૨.૦૨ ટકા, મેટલ ૧.૭૫ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૧.૬૯ ટકા, યુટિલિટીઝ ૧.૬૨ ટકા, પાવર ૧.૪૨ ટકા, કેપિટલ ગુડ્સ ૧.૧૪ ટકા, રિયલ્ટી ૧.૦૯ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ ૧.૦૮ ટકા, કોમોડિટીઝ ૦.૬૯ ટકા, હેલ્થકેર ૦.૫ ટકા અને ટેલિકોમ્યુનિકેશન ૦.૪૯ ટકા વધ્યા હતા, જ્યારે આઈટી ૧.૧૧ ટકા, ફોકસ્ડ આઈટી ૧.૧ ટકા, એફએમસીજી ૦.૪૨ ટકા, પીએસયુ બેન્ક ૦.૪ ટકા, હોસ્પિટલ્સ ૦.૨૯ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૧૬ ટકા અને કંઝ્યુમર ડિસ્ક્રેશનરી ૦.૦૪ ટકા ઘટ્યા હતા.

એક્સચેન્જમાં ૪,૩૯૭ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું. ૨,૮૦૩ સ્ક્રિપ્સ વધી હતી, ૧,૪૫૩ સ્ક્રિપ્સ ઘટી હતી અને ૧૪૧ સ્ક્રિપ્સ સ્થિર રહી હતી. ૬૬ સ્ટોક્સ બાવન સપ્તાહની ઉચ્ચ સપાટીએ અને ૩૮૧ સ્ટોક્સ બાવન સપ્તાહની સૌથી નીચી સપાટીએ પહોંચ્યા હતા. ૧૪ સ્ક્રિપ્સને ઉપલી અને ૧૧ સ્ટોક્સને નીચલી સર્કીટ લાગી હતી.

બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં ગુરુવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૬૮૪.૭૮ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૩,૧૫૭ સોદામાં ૪,૨૮૦ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૫૪,૯૧,૩૨૪ કોન્ટ્રેક્ટ્સના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ (અનુમાનિત) ટર્નઓવર રૂ. ૯,૯૬,૪૮,૯૮૬.૧૦ કરોડનું રહ્યું હતું.

# ઈક્વિટીમાં સુધારો અને આરબીઆઈના સંભવિત હસ્તક્ષેપે ડૉલર સામે રૂપિયો ૪૧ પૈસા ઊંચકાયો

મુંબઈઃ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં આજે લેવાલી નીકળતાં બૅન્ચમાર્ક ઈન્ડેક્સમાં જોવા મળેલા સુધારા ઉપરાંત અમેરિકા-ઈરાન વચ્ચેના યુદ્ધથી અનિશ્ચિતતાને કારણે ડૉલર સામે રૂપિયાની ચંચળતા ખાળવા માટે સંભવિતપણે રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાનો બજારમાં હસ્તક્ષેપ રહેતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૨.૦૫નાં તળિયેથી ૪૧ પૈસા ઊંચકાઈને ૯૧.૬૪ના મથાળે બંધ રહ્યો હતો. ફોરેક્સ ટ્રેડરોના જણાવ્યાનુસાર આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ અને બ્રેન્ટ ક્રૂડતેલના ભાવ વધી આવ્યા હોવાથી રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલની ઐતિહાસિક નીચી ૯૨.૦૫ની સપાટી સામે નરમાઈના અન્ડરટોને ૯૨.૧૬ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૨.૧૬ અને ઉપરમાં ૯૧.૩૦ સુધી મજબૂત થયા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૪૧ પૈસાના સુધારા સાથે ૯૧.૬૪ના મથાળે બંધ રહ્યો હતો. આજે રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ બજારમાં હસ્તક્ષેપ કરવાની સાથે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં પણ સુધારાતરફી વલણ રહેતાં રૂપિયામાં બાઉન્સબૅક જોવા મળ્યો હોવા છતાં ડૉલર ઈન્ડેક્સ તથા ક્રૂડતેલના ભાવ વધી આવતાં રૂપિયામાં સુધારો સીમિત રહ્યો હોવાનું મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવ્યું હતું. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે હાલમાં ક્રૂડતેલના ભાવમાં તેજી અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલી રહેતાં આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયો ૯૧.૩૦થી ૯૨.૧૦ આસપાસની રેન્જમાં રહે તેવી શક્યતા નકારી ન શકાય.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૧૩ ટકા વધીને ૯૮.૮૬ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૧.૮૩ ટકા વધીને બેરલદીઠ ૮૨.૮૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી અનુક્રમે ૮૯૯.૭૧ પૉઈન્ટ અને ૨૮૫.૪૦ પૉઈન્ટ વધીને બંધ રહ્યા હતા.

# વૈશ્વિક સોનામાં સલામતી માટેની માગને ટેકે સુધારો છતાં રૂપિયો મજબૂત થતાં સ્થાનિક સોનામાં ₹ ૧૯૬૨નો અને ચાંદીમાં ₹ ૭૧૩૫નો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મધ્યપૂર્વના દેશોમાં યુદ્ધની સ્થિતિ વકરવાની ભીતિને ધ્યાનમાં લેતા આજે લંડન ખાતે સત્રના આરંભે સોના અને ચાંદી સહિતની કિંમતી ધાતુઓમાં રોકાણકારોની સલામતી માટેની માગને ટેકે ભાવમાં આગેકૂચ જળવાઈ રહી હતી. જોકે, આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૪૧ પૈસા ઉછળ્યો હોવાથી આયાત પડતરો ઘટવાને કારણે હાજરમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૯૫૪થી ૧૯૬૨નો અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૭૧૩૫નો ઘટાડો આવ્યો હતો.

આજે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ છતાં ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીનું દબાણ અને ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની લેવાલી ખપપૂરતી રહેતાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૭૧૩૫ના ઘટાડા સાથે રૂ. ૨,૬૪,૨૧૨ના મથાળે રહ્યા હતા. તે જ પ્રમાણે રોકાણકારોની છૂટીછવાઈ નફારૂપી વેચવાલી તેમ જ ઊંચી સપાટીએથી રોકાણકારો, જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ નિરસ રહેતાં



વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૯૫૪ ઘટીને રૂ. ૧,૫૯,૯૪૩ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૯૬૨ ઘટીને રૂ. ૧,૬૦,૫૮૬ના મથાળે રહ્યા હતા. દરમિયાન આજે લંડન ખાતે સત્રના આરંભે સલામતી માટેની માગને ટેકે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૪ ટકા વધીને ઔંસદીઠ ૫૧૫૬.૧૧ ડૉલર અને એપ્રિલ વાયદામાં ભાવ ૦.૭ ટકા વધીને ૫૧૬૮.૨૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૦.૮ ટકા વધીને ઔંસદીઠ ૮૪.૧૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. એકંદરે ગત જાન્યુઆરીમાં સોનાના વૈશ્વિક ભાવ ઔંસદીઠ ૫૫૯૪.૮૨ ડૉલરની વિક્રમ સપાટીએ પહોંચીને પાછા ફર્યા બાદ ગત સોમવારે અમેરિકા-ઈઝરાયલ યુદ્ધને પગલે ભાવ વધીને ૫૪૦૦ ડૉલરની ઉપર ગયા હતા, પરંતુ ડૉલરમાં મજબૂત વલણ રહેતાં ભાવમાં પીછેહઠ જોવા મળી હતી. જોકે, આજે ઈરાને ઈઝરાયલ પર મિસાઈલ હુમલો કરતાં લાખો ઈઝરાયલીઓને બૉમ્બ શેલ્ટરમાં જવુ પડ્યું હોવાથી ઈઝરાયલે ઈરાનીયન ઑથોરિટીના માળખા પર આક્રમક હુમલા કરતાં સોનામાં સલામતી માટેની માગ વધી હોવાનું કેપિટલ ઈકોનોમિક્સના ક્લાયમેટ અને કૉમૉડિટીઝ વિભાગના અર્થશાસ્ત્રી હમાદ હુસેને જણાવતા ઉમેર્યું હતું કે આ ઉપરાંત યુદ્ધ જો લાંબા સમયગાળા સુધી ચાલે તો ઈંધણના ભાવમાં વધારાની ભીતિ અને ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપ મૂકે તેવા આશાવાદને કારણે સોના-ચાંદીની તેજીને ઈંધણ મળી રહ્યું છે. દરમિયાન આજે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે અધિકૃતપણે ફેડરલ રિઝર્વના ભૂતપૂર્વ ગવર્નર કેવિન વૉર્શની ફેડરલ રિઝર્વના આગામી અધ્યક્ષ તરીકેની જાહેરાત કરી હતી. જોકે, આગામી ૧૮મી માર્ચની નીતિવિષયક બેઠકમાં ફેડરલ રિઝર્વ વ્યાજદર યથાવત્ રાખે તેવી શક્યતા સીએમઈ ફેડ વૉચ ટૂલ પર બજાર વર્તુળો વ્યક્ત કરી રહ્યા છે. જોકે, હવે રોકાણકારોની નજર આવતીકાલે થનારા અમેરિકાના બેરોજગારીના ડેટા પર સ્થિર થઈ છે.

# ટીન, કોપર અને ઝિન્કમાં જળવાતી પીછેહઠ



મુંબઈઃ વૈશ્વિક બજારમાં ગઈકાલે કોપર સહિતની ચોક્કસ ધાતુઓના ભાવમાં ઉછાળો આવ્યા બાદ આજે લંડન ખાતે ડૉલર ઈન્ડેક્સના મજબૂત વલણ સાથે ધાતુઓના ભાવમાં નરમાઈનું વલણ રહ્યું હોવાના નિર્દેશો હતો. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ સાથે આજે સ્થાનિક ધાતુ બજારમાં મુખ્યત્વે ટીન અને કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૦૮ અને રૂ. ૨૧નો ઘટાડો આવ્યો હતો.

વધુમાં આજે ટીનની આગેવાની હેઠળ કોપરની અન્ય વેરાઈટીઓ, ઝિન્ક અને નિકલમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી અને નિરસ માગે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી આઠનો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે માત્ર એલ્યુમિનિયમમાં સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. ત્રણથી પાંચનો સુધારો આવ્યો હતો, જ્યારે બ્રાસ અને લીડ ઈન્ગોટ્સમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે મુખ્યત્વે ટીન, કોપર વાયરબાર અને કોપર કેબલ સ્ક્રેપમાં સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૦૮ ઘટીને રૂ. ૪૭૭૫, રૂ. ૨૧ ઘટીને રૂ. ૧૨૭૦ અને રૂ. આઠ ઘટીને રૂ. ૧૨૦૦ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી અને ખપપૂરતી માગ રહેતાં કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. પાંચ ઘટીને રૂ. ૧૦૯૫, કોપર સ્ક્રેપ હેવી અને કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને અનુક્રમે રૂ. ૧૧૯૫ અને રૂ. ૧૧૯૦ અને ઝિન્ક સ્લેબ તથા નિકલના ભાવ કિલોદીઠ રૂ.એક ઘટીને અનુક્રમે રૂ. ૩૨૯ અને રૂ. ૧૬૩૨ના મથાળે રહ્યા હતા. જોકે, આજે માત્ર એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની તથા સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ત્રણ વધીને રૂ. ૨૪૫ અને રૂ. પાંચ વધીને રૂ. ૩૩૮ના મથાળે રહ્યા હતા, જ્યારે બ્રાસ શીટ કટિંગ્સ, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા લીડ ઈન્ગોટ્સમાં ખપપૂરતી માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૮૪૫, રૂ. ૭૪૦ અને રૂ. ૧૯૧ના મથાળે ટકેલા રહ્યા હતા.

# વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે આયાતી તેલમાં સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના વાયદામાં ૨૬ રિંગિટનો સુધારો આવ્યાના અહેવાલ ઉપરાંત ગઈકાલે શિકાગો ખાતે સોયાતેલના વાયદાના ૮૨ સેન્ટ વધી આવ્યાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં આયાતી તેલમાં ૧૦ કિલોદીઠ સોયા રિફાઈન્ડમાં રૂ. ૧૦, આરબીડી પામોલિનમાં રૂ. ૧૫ અને અને સન રિફાઈન્ડમાં રૂ. ૨૦ વધી આવ્યા હતા. તેમ જ આજે ગુજરાતના મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનમાં ઘટ્યા મથાળેથી ૧૫ કિલોદીઠ રૂ. ૨૦ વધી આવ્યા હોવાથી સ્થાનિકમાં પણ સિંગતેલના ભાવમાં રૂ. ૧૦ વધી આવ્યા હતા. વધુમાં આજે ભાવમાં સુધારાતરફી વલણ રહેતાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે છૂટાછવાયા વેપારો પણ ગોઠવાયા હતા. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ ગોલ્ડન એગ્રીના સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૬૦, એવીઆઈના સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૬૭, અલાનાના આરબીડી પામોલિનના રૂ. ૧૩૪૦, પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના એપ્રિલ ડિલિવરી શરતે રૂ. ૧૩૩૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૭૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૬૨૦ તથા જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૩૦૧ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૫૧ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ છૂટાછવાયા વેપારો પણ ગોઠવાયા હતા. જોકે, આજે ગોકુલ એગ્રોની ઓલિનના માર્ચ કોન્ટ્રાક્ટમાં રૂ. ૧૨૮૦ના મથાળે અને સોયા રિફાઈન્ડના એપ્રિલ કોન્ટ્રાક્ટમાં રૂ. ૧૩૧૫ના મથાળે બાયબૅકમાં લેવાલી નીકળી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. વધુમાં આજે ગુજરાતના ગોંડલ મથકે મગફળીની ૩૫૦૦ ગૂણીની અને રાજકોટ મથકે ૪૫૦૦ ગૂણી મગફળીની આવક સામે વેપાર મણદીઠ અનુક્રમે રૂ. ૧૩૦૦થી ૧૪૪૦માં અને રૂ. ૧૩૦૦થી ૧૪૬૦માં થયા હતા. તેમ જ આજે ગુજરાતના મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૬૩૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૬૫૦માં થયા હતા, જ્યારે મધ્ય પ્રદેશના મથકો પર ૫૦,૦૦૦ ગૂણી સોયાસીડની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૫૨૦૦થી ૫૪૫૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૫૪૫૦થી ૫૫૨૫માં થયા હતા.

દરમિયાન આજે હાજરમાં દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૩૩૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૯૦, સન રિફાઈન્ડના રૂ. ૧૬૩૦, સિંગતેલના રૂ. ૧૬૭૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૭૦ અને સરસવના રૂ. ૧૪૦૦ના મથાળે રહ્યાના અહેવાલ હતા.

# મિડિયમ ગ્રેડની ખાંડમાં મર્યાદિત માગે નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગ જળવાઈ રહેતાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૪૦થી ૩૭૮૦માં ટકેલા ધોરણે થયાના નિર્દેશ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં પણ આજે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું. જોકે, આજે મિડિયમ ગ્રેડની ખાંડમાં મર્યાદિત માગ અને અમુક માલની ગુણવત્તા નબળી આવી હોવાથી તેના ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ની નરમાઈ જોવા મળી હતી, જ્યારે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની ખપપૂરતી માગ અને રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. જોકે, આજે સ્મોલ ગ્રેડની ખાંડમાં મથકો પાછળ ભાવ ક્વિન્ટલે રૂ. ૩૮૭૨થી ૩૯૩૨ આસપાસ ટકેલા રહ્યા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ખપપૂરતી માગ અને અમુક માલની ગુણવત્તા નબળી હોવાથી તેના ભાવ નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ ઘટીને રૂ. ૩૯૬૨થી ૪૦૩૨ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૦૦થી ૩૮૩૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૦૦થી ૩૯૩૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા.



# નલિયા-નારાયણ સરોવર માર્ગ પર ટ્રક, બલ્કર અને જીપ વચ્ચે ત્રિપલ અકસ્માત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: અબડાસા તાલુકાના નલિયા-નારાયણ સરોવર ધોરીમાર્ગ પર ગત વહેલી સવારે એક ગમખ્વાર ત્રિપલ અકસ્માત સર્જાતા અફરાતફરી મચી ગઈ હતી. ટ્રક, બલ્કર અને જીપ વચ્ચે થયેલી આ ભીષણ ટક્કરમાં સદનસીબે મોટી જાનહાનિ ટળી હતી અને વાહનોમાં સવાર લોકોને માત્ર સામાન્ય ઈજાઓ પહોંચી હોવાનું જાણવા મળી રહ્યું છે.

પ્રાપ્ત વિગત અનુસાર, અકસ્માતની આ ઘટના નલિયાથી અંદાજે પાંચ કિલોમીટર દૂર છાડુરા ગામ નજીક આવેલા એક પેટ્રોલપંપ પાસે વહેલી સવારના સમયે બની હતી.

માર્ગ પરથી પસાર થઈ રહેલા ટ્રક, બલ્કર અને જીપ પૂરપાટ ઝડપે હોવાથી અચાનક એકબીજા સાથે અથડાયા હતા. આ ટક્કર એટલી જોરદાર હતી કે વાહનોને નોંધપાત્ર નુકસાન થયું હતું, પરંતુ ત્રણેય વાહનોના ચાલકો અને મુસાફરોનો આબાદ બચાવ થયો છે.

અકસ્માતને પગલે નલિયા-નારાયણ સરોવર માર્ગ પર વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી.

ખાસ કરીને સિમેન્ટનું પરિવહન કરતી ભારે ટ્રકો અને અન્ય માલવાહક વાહનો અટવાઈ પડતા હાઈવે પર બંને બાજુ ચક્કાજામની સ્થિતિ સર્જાઈ હતી.

જેના કારણે મુસાફરો અને અન્ય વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

બનાવની જાણ થતાં જ નલિયા પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે ત્વરિત કાર્યવાહી હાથ ધરી, અકસ્માતગ્રસ્ત વાહનોને ક્રેનની મદદથી સાઈડમાં ખસેડાવ્યા હતા અને રસ્તો ખુલ્લો કરાવ્યો હતો.

સામાન્ય ઇજાગ્રસ્તોને સ્થાનિક હૉસ્પિટલમાં પ્રાથમિક સારવાર અપાવવામાં આવી છે. ■



**તૈયારી:** આગામી સમયમાં યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓની પૂર્વતૈયારી તેમજ મતદારયાદી તૈયાર કરવા અંગેની સમીક્ષા બેઠક ગુરુવારે વર્ચ્યુઅલ માધ્યમથી પ્રાંત અધિકારીઓ તેમજ મામલતદારો સાથે કરવામાં આવી હતી. જરૂરી તમામ ચૂંટણીને લગતી કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ કરવાની સૂચના આપવામાં આવી હતી.

# દિવસ અને રાત્રીના તાપમાનમાં મોટા તફાવતથી કચ્છમાં વિષમ વાતાવરણ બરકરાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ક્લાઈમેટ ચેન્જની વૈશ્વિક અસર હેઠળ પૃથ્વીના ઋતુચક્રમાં આવી રહેલા અણધાર્યા ફેરફારો હવે સરહદી જિલ્લા કચ્છમાં સ્પષ્ટપણે વર્તાઈ રહ્યા છે. શિયાળાની વહેલી વિદાય અને ઉનાળાના પગરવ વચ્ચે હાલ કચ્છમાં વિષમ વાતાવરણની સ્થિતિ સર્જાઈ છે. દિવસ અને રાત્રિના તાપમાનમાં ૧૫ થી ૨૦ ડિગ્રી જેટલો જંગી તફાવત નોંધાતા રણપ્રદેશમાં 'ઋતુ સંધિકાળ'નો અકળાવનારો માહોલ જોવા મળી રહ્યો છે.

જિલ્લા મથક ભુજમાં આજે મહત્તમ તાપમાન ૩૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે ફેબ્રુઆરી-માર્ચના સમયગાળા મુજબ ઘણું ઊંચું ગણાય છે. બપોરના સમયે આકરો 'વૈશાખી તાપ' અનુભવાતા જનજીવન પ્રભાવિત થયું છે. જોકે, લઘુતમ તાપમાન ૨૨ ડિગ્રીની આસપાસ રહેતા મોડી સાંજ બાદ હવામાં ભેજ અને ઠંડકનું પ્રમાણ વધે છે, જેના કારણે લોકોને એક જ દિવસમાં બે વિપરીત ઋતુઓનો સામનો કરવો પડી રહ્યો છે.

અબડાસા તાલુકાના મુખ્ય મથક નલિયા ખાતે દિવસે તાપમાન ૩૦ ડિગ્રી આસપાસ હોય છે, પરંતુ રાત્રે પારો ગગડીને ૧૫ ડિગ્રી સુધી પહોંચી જતાં અહીં હિલસ્ટેશન જેવો અનુભવ થઈ રહ્યો છે જ્યારે કંડલાના બંદરીય વિસ્તારમાં મહત્તમ તાપમાન ૩૪ ડિગ્રીની આસપાસ રહ્યું છે. અહીં રાત્રે ભેજનું પ્રમાણ વધતા અને તાપમાન ૨૪ ડિગ્રી સુધી નીચે આવતા વહેલી સવારે ઝાકળવર્ષા જોવા મળી રહી છે, જેના કારણે માર્ગો ભીંજાયેલા જોવા મળે છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, હાલમાં સક્રિય થયેલા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે પશ્ચિમ બંગાળથી કર્ણાટક સુધી કમોસમી વરસાદી માહોલ છે. જમ્મુ-કાશ્મીર સહિતના પહાડી વિસ્તારોમાં હિમવર્ષા અને વરસાદને કારણે ઉત્તર ભારતમાંથી આવતા ઠંડા પવનો અને સ્થાનિક ગરમી વચ્ચે આ પ્રકારની બેવડી ઋતુ સર્જાઈ રહી છે.

વાતાવરણમાં આવી રહેલા આ મોટા ઉતાર-ચઢાવને કારણે આરોગ્ય પર વિપરીત અસરો પડી રહી છે. ઘરે-ઘરે શરદી, ખાંસી અને વાયરલ તાવના કેસોમાં ઉછાળો જોવા મળ્યો છે. નિષ્ણાત તબીબોએ આ 'મિશ્ર ઋતુ'માં ખાસ કરીને બાળકો અને વૃદ્ધોને ખાન-પાનમાં તકેદારી રાખવા અને ઠંડા-ગરમ વાતાવરણથી બચવા સલાહ આપી છે. ■

# અમરેલી તાલુકામાં પાંચ કરોડના વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમરેલી તાલુકામાં એક સાથે રૂ. પાંચ કરોડના વિકાસકાર્યોના ખાત મુહૂર્ત કરવામાં આવ્યાં હતાં.

રાજ્યકક્ષાના ઊર્જા અને કાયદો પ્રધાન કૌશિક વેકરીયાના હાથે સુવિધા પથ, સીસીરોડ અને પુલના નિર્માણકાર્યનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

આ વિકાસકાર્યોમાં તાલુકાના મોટા માંડવડા, તરવાડા સહિતના ગામોમાં સુવિધાપથ બનાવવાનો સમાવેશ થાય છે. આ સાથે અહીંના કેરાળામાં સીસી રોડ બનાવવામાં આવશે. આ સાથે બ્રિજનું પણ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. અહીંથી રોજ અવરજવર કરનારા લોકો માટે આ સુવિધા મહત્ત્વની સાબિત થશે. ■

### કચ્છના પશુપાલકો માટે 'સુવર્ણકાળ':

# ભુજના માનકૂવામાં ₹ ૪ કરોડના ખર્ચે બનશે અત્યાધુનિક ઊન પ્રોસેસિંગ સેન્ટર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ગુજરાત શિપ એન્ડ વુલ ડેવલપમેન્ટ કોર્પોરેશન દ્વારા ભુજ તાલુકાના માનકૂવા ગામ ખાતે ૧૦ એકર જમીનમાં 'ઊન કોમન ફેસિલિટી સેન્ટર' સ્થાપવાની મંજૂરી મળી ગઈ છે. અંદાજે રૂ.૪ કરોડના મશીનરી ખર્ચ અને રૂ. ૧.૪૪ કરોડના અન્ય ખર્ચ સાથે તૈયાર થનારું આ સેન્ટર કચ્છના પશુપાલકોની આર્થિક સ્થિતિ બદલવામાં પાયારૂપ સાબિત થશે. અત્યાર સુધી ગુજરાતમાં ઊનનું સારા પ્રમાણમાં ઉત્પાદન થતું હોવા છતાં પ્રોસેસિંગ સુવિધાના અભાવે પશુપાલકોએ કાચા ઊન માટે રાજસ્થાનના વેપારીઓ પર નિર્ભર રહેવું પડતું હતું. પરિવહન ખર્ચ અને વચેટિયાઓના કારણે પશુપાલકોને પૂરતું વળતર મળતું નહોતું, જે હવે સ્થાનિક સ્તરે જ પ્રોસેસિંગ થવાથી બંધ થશે.

આ અંગે સહજીવન સંસ્થાના કવિતાબેન મહેતાએ જણાવ્યું હતું કે,આ સેન્ટર દ્વારા ઉદ્યોગોને પોતાની જરૂરિયાત મુજબનું ઊન મળશે અને પશુપાલકોએ હવે ઊન વેચવા રાજસ્થાનના વેપારીઓ પર નિર્ભર રહેવું નહીં પડે. આધુનિક મશીનરી દ્વારા ઊનનું ગ્રેડિંગ, ક્લીનિંગ અને મૂલ્યવર્ધન કરવામાં આવશે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, પ્રથમ તબક્કે ડસ્ટિંગ, વર્ગીકરણ, એન્ટિમોથ ટ્રીટમેન્ટ અને બેલિંગની સુવિધા ઊભી કરાશે. બીજા તબક્કે ઉત્પાદન વિકાસ અને માર્કેટ રિસર્ચ પર ધ્યાન અપાશે.

રાજ્ય સરકારની પ્રાથમિક મંજૂરી બાદ હવે મશીનરી અને માનવબળ માટેનો પ્રસ્તાવ કેન્દ્રના 'સેન્ટ્રલ વુલ ડેવલપમેન્ટ બોર્ડ' પાસે મોકલાયો છે, જેનો આખરી ઠરાવ એપ્રિલ સુધીમાં થવાની શક્યતા હોવાનું કવિતા મહેતાએ ઉમેર્યું હતું.

વળતર ન મળવાને કારણે કચ્છમાં પ્રખ્યાત પાટણવાડી અને મારવાડી જાતિના ઘેટાંની સંખ્યામાં ઘટાડો નોંધાઈ રહ્યો હતો. ઘણીવાર પશુપાલકોએ ઊન ફેંકી દેવાની નોબત પણ આવતી હતી. આ પ્રકલ્પથી પશુપાલકોને સારા ભાવ મળશે, પરિણામે આ વિશિષ્ટ જાતિના ઘેટાંના ઉછેરમાં ફરી તેજી આવશે તેમ ઊન વિકાસ નિગમના ડો. યોગરાજ સોલંકીએ જણાવ્યું હતું. ■

### માનવતાની અનોખી મહેક:

# ગાંધીધામના 'એકતા યુવા ગ્રૂપ' દ્વારા હરિદ્વારના ગંગાતટે ૧૭૫ અસ્થિઓનું વિસર્જન

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: સનાતન ધર્મની પરંપરા અને માનવતાના મૂલ્યોને જાળવી રાખતા કચ્છના ગાંધીધામના 'એકતા યુવા ગ્રૂપ' દ્વારા આ વર્ષે પણ એક પ્રશંસનીય સેવાકીય કાર્ય સંપન્ન થયું છે. છેલ્લા ૨૩ વર્ષથી અવિરત કાર્યરત આ ગ્રૂપ દ્વારા હરિદ્વારના પવિત્ર 'હર કી પૌડી' ઘાટ પર ૧૭૫ દિવંગત વ્યક્તિઓની અસ્થિઓનું સંપૂર્ણ શાસ્ત્રોક્ત વિધિ-વિધાન સાથે વિસર્જન કરવામાં આવ્યું હતું. વર્ષ ૨૦૦૪થી કાર્યરત આ સંસ્થાએ અત્યાર સુધીમાં કુલ ૫૧૦૦થી વધુ દિવંગત આત્માઓના મોક્ષાર્થે પિંડદાન અને અસ્થિ વિસર્જનનું પુણ્ય કાર્ય કર્યું છે. આ વર્ષે ગ્રહણને કારણે હોળીના પવિત્ર દિવસે ખાસ પૂજા, અસ્થિ વિસર્જન અને પિંડદાનની વિધિ કરવામાં આવી હતી, જેથી દિવંગત આત્માઓને સદ્‌ગતિ પ્રાપ્ત થાય.

ગત તા. ૨૭મી ફેબ્રુઆરીના રોજ આદિપુર અને ગાંધીધામના મુખ્ય માર્ગો પર ભક્તિસભર માહોલમાં 'અસ્થિ રથ'ની પરિક્રમા યોજાઈ હતી. જેમાં રોટરી ક્લબ આદિપુર, પાંચ વાળી નવરાત્રી મંડળ અને ગાંધીધામ કો-ઓપરેટિવ બૅંક જેવી સંસ્થાઓએ શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા.

એસ.પી. કચેરી ખાતે પોલીસ સ્ટાફ, એડવોકેટ મંડળ અને ગાંધી માર્કેટમાં ભાજપ પરિવાર દ્વારા પુષ્પાંજલિ બાદ રથને હરિદ્વાર જવા રવાના કરાયો હતો. ■

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પહેલા આપના સૌરાષ્ટ્રના નેતાએ આપ્યું રાજીનામું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પહેલા ગુજરાતમાં આમ આદમી પાર્ટી (આપ)ને વધુ એક મોટો ફટકો પડ્યો હતો. આમ આદમી પાર્ટીના પ્રદેશ જોઈન્ટ સેક્રેટરી ભાવેશ નારણભાઈ કાતરિયા પાર્ટીમાંથી હોદ્દા અને પ્રાથમિક સભ્યપદેથી રાજીનામું આપ્યું હતું. રાજીનામા પત્રમાં તેમણે પ્રદેશ નેતૃત્વ પર ચોંકાવનારા આક્ષેપ કર્યા છે. ભાવેશ કાતરિયા આમ આદમી પાર્ટીના જૂનાગઢ જિલ્લાના પ્રમુખપદે હતા.

આપના પ્રદેશ જોઈન્ટ સેક્રેટરી ભાવેશ નારણભાઈ કાતરિયાએ પત્રમાં લખ્યું હતું કે, ૨૦૧૩થી આજ સુધીમાં સૌરાષ્ટ્રમાં પાર્ટીને ઊભી કરવામાં મારાથી શક્ય બધુ કર્યું છે, જેના સાક્ષી તરીકે સૌરાષ્ટ્રની જનતા છે, પરંતુ પાર્ટીની વાસ્તવિકતા જાણીને સ્પષ્ટ લાગી રહ્યું છે કે, પાર્ટીનો ઉદ્દેશ માત્ર અને માત્ર ભાજપને ફાયદો કરાવવાનો છે. આ ઉપરાંત પાર્ટીની આંતરિક બાબતો લોકશાહી અને ગુજરાતની આવતીકાલ માટે યોગ્ય લાગતી નથી. આ ઉપરાંત અનેક બાબતો એવી છે કે જે સાચો લોકશાહીપ્રેમી સહન ન કરી શકે.

થોડા દિવસ પહેલા જ સૌરાષ્ટ્રમાંથી આપના નેતા રાજુ કરપડાએ રાજીનામું આપ્યું હતું. ૨૦૨૧-૨૨માં રાજુ કરપડાએ આમ આદમી પાર્ટીનો ખેસ ધારણ કર્યો હતો. ૨૦૨૨માં તેમને આમ આદમી પાર્ટીએ ચોટીલા વિધાનસભાની ટિકિટ આપી હતી અને તેઓ ૪૫,૯૩૭ મત મેળવીને બીજા સ્થાને રહ્યા હતા. ૧૧ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ તેમણે રાજીનામું આપીને સૌને ચોંકાવી દીધા હતા.

સ્થાનિક સ્વરાજની ચૂંટણી પહેલા પક્ષના નેતાઓના રાજીનામાં પડતા આપ માટે ચિંતા વધતી જાય છે. ■

# ભાવનગરમાંથી ૪૦૦ ગ્રામ ગાંજા સાથે બે પેડલર ઝડપાયા



(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: ગુજરાત સરકારના 'નશામુક્ત ગુજરાત' અભિયાનને વેગ આપવા માટે ભાવનગર પોલીસ દ્વારા નો ડ્રગ્સ ઈન ભાવનગર ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. ભાવનગર રેન્જ આઈ.જી.પી. ગૌતમ પરમાર અને જિલ્લા પોલીસ અધિક્ષક નિતેશ પાંડેના માર્ગદર્શન હેઠળ નશાના કારોબારીઓને નેસ્તનાબૂદ કરવાની સૂચનાના પગલે સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપને મોટી સફળતા મળી હતી. એસઓજીના પોલીસ ઇન્સ્પેક્ટર ડી.યુ. સુનેસરાના માર્ગદર્શન હેઠળ સ્ટાફ પેટ્રોલિંગમાં હતો તે દરમિયાન ચોક્કસ બાતમી મળી હતી કે મોતીબાગ ટાઉન હોલ પાસે, સબ રજિસ્ટ્રાર કચેરીની પાછળ જય ભવાની કેન્ટીન પાસે કેટલાક શખ્સો નશાકારક પદાર્થનું વેચાણ કરી રહ્યા છે. આ બાતમીના આધારે પોલીસે દરોડો પાડી બે શખસને ઝડપી પાડ્યા હતા.

ઝડપાયેલા આરોપીઓમાં વિજયભાઈ રણજીતભાઈ જાદવ અને મુકેશભાઈ કાવાભાઈ બારૈયાનો સમાવેશ થાય છે. પોલીસે આરોપીઓના કબજામાંથી ૪૦૦ ગ્રામ સૂકો ગાંજો (કિંમત રૂ.૨૦,૦૫૦/-) તથા મોબાઈલ ફોન (કિંમત ₹૨,૦૦૦/-) મળી કુલ ₹૨૨,૦૫૦/- નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. યુવાધનને નશાના રવાડે ચઢાવતા આ તત્ત્વો વિરુદ્ધ એન.ડી.પી.એસ. ઍક્ટની જોગવાઈ મુજબ કાર્યવાહી કરવામાં આવી છે. એસઓજીના પો.કોન્સ. પાર્થભાઈ ધોળકિયાએ આ અંગે નિલમબાગ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ■

# ભાવનગરમાં સુભાષનગર સ્મશાન પાસે પાળા સાથે બાઈક અથડાતા આધેડનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: ભાવનગર શહેરના સુભાષનગર સ્મશાન પાસે રોડ પર બનાવવામાં આવેલા માટીના પાળા સાથે બાઈક અથડાતા એક આધેડનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. તંત્ર દ્વારા રાખવામાં આવેલી આ લાપરવાહીને પગલે સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

મળતી માહિતી મુજબ શહેરના સુભાષનગર સ્મશાન પાસે હાલમાં ભાવનગર મહાનગરપાલિકા દ્વારા રોડનું કામકાજ ચાલી રહ્યું છે. આ કામગીરીને કારણે વાહનચાલકો આગળ ન જઈ શકે તે હેતુથી તંત્ર દ્વારા રસ્તાની વચ્ચે મોટો માટીનો પાળો (આડશ) બનાવી દેવામાં આવ્યો છે. જોકે, આશ્ચર્ય અને દુ:ખની વાત એ છે કે આટલા મોટા જોખમી પાળા પાસે તંત્ર દ્વારા કોઈપણ પ્રકારના સૂચન બોર્ડ, રેડિયમ સ્ટીકર કે ચેતવણીના નિશાન મૂકવામાં આવ્યા ન હતા.

આજે વહેલી સવારે જ્યારે ચારેબાજુ અંધારું હતું, ત્યારે રાઠોડ ચંદુભાઈ અમૃતલાલ નામની વ્યક્તિ પોતાનું બાઈક લઈને આ માર્ગ પરથી પસાર થઈ રહ્યા હતા. અંધારાના કારણે રસ્તા વચ્ચે પડેલો માટીનો મોટો પાળો દેખાયો ન હતો, પરિણામે તેમનું બાઈક પૂરપાટ ઝડપે આ પાળા સાથે ધડાકાભેર અથડાયું હતું. અકસ્માત એટલો ભયાનક હતો કે ચંદુભાઈને માથાના તેમ જ શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી અને તેમનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું.

ઘટનાની જાણ થતા જ આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા અને તંત્રની આવી બેદરકારી સામે ફિટકાર વરસાવ્યો હતો. લોકોનું કહેવું છે કે જો ત્યાં યોગ્ય સાઈન બોર્ડ કે લાઈટની વ્યવસ્થા હોત તો આ અકસ્માત નિવારી શકાયો હોત. બનાવની જાણ થતા જ સ્થાનિક પોલીસે ઘટનાસ્થળે પહોંચી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડવાની તજવીજ હાથ ધરી હતી અને આગળની કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. ■

# ઊનાના ભેભા ગામમાં પતિએ પત્નીની કુહાડીથી હત્યા કરી: ત્રણ સંતાન થયાં મા વિહોણાં

(અમારા પ્રતિનિધિ તરફથી)



અમદાવાદ: ક્ષણવારનો ક્રોધ આજીવન ઉપાધિઓ અને દુ:ખ લાવે છે. આવી જ ઘટના ઊના તાલુકાના ભેભા ગામમાં બની છે, જ્યાં પતિએ ઘરકંકાસમાં પત્નીની હત્યા કરી નાખી હતી અને ત્રણ સંતાનને મા વિહોણાં કરી નાખ્યાં હતાં.

અહીંના ભાભા ગામમાં માછીમારી કરતા દેવસી બાંભણીયા અને મજૂરી કરતી લખુબેન બાંભણીયા ત્રણ સંતાન સાથે રહેતાં હતાં. પતિ-પત્ની વચ્ચે ઘણીવાર ઝઘડા થતા હતા. ગુરુવારે લખુબેન રસોઈ બનાવી રહ્યાં હતાં અને મોબાઈલ પર ભાઈ સાથે વાત કરી રહ્યાં હતાં. આ દરમિયાન કોઈક વાતે દેવસી સાથે તેમનો ઝઘડો થયો હતો અને ઝઘડો ઉગ્ર બનતા દેવસીએ ઘરમાં પડેલી કુહાડી ઉપાડી લખુબેન પર ઝીંકી દીધી હતી. ત્યારબાદ તેણે સાળાને કહ્યું હતું કે પોતે તેની બેન પર કુહાડી ઝીંકી દીધી છે. લખુબેનને હોસ્પિટલ ખસેડવામાં આવ્યાં હતાં, પરંતુ અહીં તેમને મૃત જાહેર કરવામાં આવ્યાં હતાં. પોલીસની ટીમે દેવસીની ધરપકડ કરી હતી. ■

# રાજકોટમાં યુવકની હત્યા, પરિવારે આક્રંદ સાથે ન્યાયની માગણી કરી

અમદાવાદ: રાજકોટમાં એક ૩૩ વર્ષીય યુવકની હત્યાનો બનાવ બન્યો હતો. યુવક નેપાળી હોવાનું જાણવા મળ્યું હતું. શહેરના કેકેવી ચોક નજીકના બ્રિજ પરથી પોલીસને બુધવારે મોડી રાત્રે લોહીલુહાણ હાલતમાં યુવકની લાશ મળી હતી. આ યુવકની ઓળખ રાહુલ પ્રેમસિંગ વિશ્વકર્મા (૩૩) તરીકે થઈ હતી.

રાહુલ વેઈટર તરીકે કામ કરતો હતો. ઘરેથી સવારે નીકળેલો રાહુલ મોડી રાત્રે પરત ફર્યો ન હતો. કેકેવી ચોક પાસેના બ્રિજ પાસેથી તેની લાશ મળી હતી. અહીં પથ્થરના ઘા ઝીંકવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસે તપાસનો દોર આગળ વધાર્યો હતો અને સીસીટીવીની મદદથી એક શકમંદની પૂછપરછ કરી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. પ્રાથમિક માહિતી અનુસાર બોલાચાલીના પગલે ઉશ્કેરાઈને હત્યા થઈ હોવાનું જણાઈ છે.

# ભાવનગરમાં નીલમબાગમાં થયેલ લૂંટનો ભેદ ઉકેલાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: ભાવનગર શહેરના નિલમબાગ પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતા અને મચ્છી વેચવાનો વ્યવસાય કરતા એક વ્યક્તિને છરી બતાવી કાનની બુટ્ટી લૂંટી લેવાના ગુનાનો ભેદ ભાવનગર લોકલ ક્રાઇમ બ્રાન્ચે ઉકેલી નાખ્યો હતો. પોલીસે લૂંટ કરનાર રીઢા ગુનેગારની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

બનાવની વિગત એવી છે કે ગઈ ૨૦મી ફેબ્રુઆરીના રોજ શહેરના વડવા માઢીયા ફળી સબ સ્ટેશન વાળી શેરીમાં મચ્છી વેચતા ફરિયાદી પાસે એક અજાણ્યો શખસ આવ્યો હતો. આ ૨૫ થી ૩૦ વર્ષની વયના શખ્સે ફરિયાદીને છરી બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ત્યારબાદ બળજબરી પૂર્વક ફરિયાદીના ડાબા કાનની સોનાની બુટ્ટી (કાપ) ખેંચી લેતા કાનમાં ગંભીર ઈજા થઈ હતી, જેમાં ફરિયાદીને ૫ ટાકા આવ્યા હતા. એક તોલા વજનના સોનાના ઘરેણાંની લૂંટ કરી આરોપી નાસી છૂટ્યો હતો.

પોલીસ અધિક્ષક નિતેશ પાંડેયની સૂચના હેઠળ એલ.સી.બી. પી.આઈ. એ.આર. વાળા અને તેમની ટીમ છેલ્લા ૧૫ દિવસથી કાર્યરત હતી. હ્યુમન ઇન્ટેલિજન્સ અને બાતમીદારોના આધારે પોલીસને માહિતી મળી હતી કે અગાઉ લૂંટ અને ચોરીમાં સંડોવાયેલ એક ઇસમ આ ગુનામાં સામેલ છે.

માહિતીના આધારે પોલીસે શાહનવાજ કરીમભાઈ હાલાને ઝડપી પાડ્યો હતો. પોલીસની કડક પૂછપરછમાં તેણે લૂંટના આ ગુનાની કબૂલાત કરી હતી. નિલમબાગ પોલીસ દ્વારા એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ સમક્ષ યોજાયેલી ઓળખ પરેડમાં ફરિયાદીએ આરોપીને ઓળખી બતાવ્યો છે. આરોપી શાહનવાઝ અગાઉ જૂનાગઢ 'એ' ડિવિઝન પોલીસ સ્ટેશનમાં લૂંટ અને ઘરફોડ ચોરી તેમજ ભાવનગરના ગંગાજળિયા પોલીસ સ્ટેશનમાં મારામારી અને એક્સિડન્ટ જેવા ગુનાઓમાં પોલીસ ચોપડે ચડી ચૂક્યો છે. આ સફળ કામગીરીમાં એલ.સી.બી. સ્ટાફના વનરાજભાઈ ખુમાણ, એઝાઝખાન પઠાણ અને જયદીપસિંહ ગોહિલ જોડાયા હતા. ■

# એક જ મહિનામાં રાજકોટ આરપીએફે પાંચ બાળકને રેસ્ક્યુ કર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટ આરપીએફ દ્વારા ફેબ્રુઆરી મહિનામાં પાંચ બાળકને રેસ્ક્યુ કરવામાં આવ્યાં હતાં. આ સાથે લગભગ દસ જેટલા આરોપીની ધરપકડ કરવામાં આવી હતી અને રૂ. ૨.૩૫ લાખનો પ્રવાસીનો ખોવાયેલો સામાન પરત કરવામાં આવ્યો હોવાની માહિતી સૂત્રો દ્વાર મળી હતી.

રાજકોટ આરપીએફે કુલ ૨૭ મુસાફરનો અંદાજે રૂ. ૨,૩૫,૮૬૭ ખોવાયેલો માલ પાછો કર્યો હતો. આ સાથે રાજકોટ આરપીએફે ઑપરેશન નન્હે ફરિશ્તે અંતર્ગત પાંચ બાળકને રેસ્ક્યુ કર્યા હતાં. આ બાળકોનું તેમના પરિવાર સાથે મિલન કરાવ્યું હતું. જ્યારે બે પુખ્તવયના લોકોનું પણ પરિવાર સાથે મિલ કરાવ્યું હતું. રેલવેની સંપત્તિની ચોરીના કેસમાં પણ દસ જણની ધરપકડ કરવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■